બફ્યૂઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ

અહલે સુન્નત વ જમાઅત

એટલે

મસ્લકે આ'લા હઝરત

નું અજોડ મુખપત્ર


# બરકાતે ખ્વાજા (માસિક)

**માર્ચ-૨૦૨૧**

રજબુલ મુરજ્જબ-શાબાનુલ મુઅઝ્ઝમ
હિજરી સન : ૧૪૪૨

વર્ષ : ૧૮, અંક : ૦૩, સળંગ અંક : ૨૦૬

**સ્થાપક અને પ્રકાશક**

ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા



**એડ્રેસ :** બરકાતે ખ્વાજા (માસિક)
C/o. ફયૂઝાને રઝા મંઝિલ, **દયાદરા**-૩૯૨૦૨૦
તા. જિ. ભરૂચ, ગુજરાત, ફોન : ૦૨૬૪૨-૨૮૦૦૧૧
Mo. 9427464411 (PhonePe/Paytm)
Web. :www.barkatekhwaja.net
Email : anjuman2006@hotmail.com


**બેંક ઓફ બરોડા-દયાદરા બ્રાન્ચ**
A/c. No. 34620100000303
Razvi Kitab Ghar
IFSC Code : BARB0DAYADR

**★ લવાજમ ★**

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૨૦/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૨૩૦/- |
| વિદેશ માટે | રૂા. | ૧,૫૦૦/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૨,૨૦૦/- |
| આજીવન | રૂા. | ૫,૦૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | રૂા. | ૧૨,૦૦૦/- |
| વિદેશ માટે આજીવન | રૂા. | ૨૦,૦૦૦/- |


**: માનદ તંત્રી :**
પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી (B.Sc.)


## ● અનુક્રમણિકા ●


| | | |
|---|---|---|
| 01 | દુનિયા તથા આખેરતમાં શર્મિંદગીથી બચવા સમયની કદર કરો ! | 04 |
| 02 | કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈર્ફાન | 11 |
| 03 | ૨૦૨૦નું વર્ષ આપણને ઘણુ બધુ શીખવી ગયું ! | 13 |
| 04 | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત | 15 |
| 05 | હદાઈકે બખ્શિશ | 17 |
| 06 | હશ્ત બહિશ્ત (મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત) | 21 |
| 07 | હઝરત બાયઝીદ બુસ્તામી رحمۃ اللہ علیہના હાલાત.... | 24 |
| 08 | નમાઝ અને મેડિકલ સાયન્સ | 25 |
| 09 | અવામી ગલતફેહમિયાં ઔર ઉનકા શરઈ હલ | 29 |
| 10 | કાનૂને શરીઅત | 32 |
| 11 | لَيْسَ مِنَّا 'તે અમારો નથી' | 36 |
| 12 | મ્યુચ્યુઅલ ફંડનો શરઈ હુકમ | 38 |
| 13 | મુસલમાનોની બુઝદિલીના સબબો | 40 |
| 14 | શબે મેઅરાજ અને શાને મુસ્તફા ﷺ | 44 |
| 15 | બરકાતે ખ્વાજાની ટપાલ | 48 |


## નબી ચલે મેઅરાજકો...

વો સરવરે કિશ્વરે રિસાલત, જો અર્શ પર જલ્વા ગર હુએ થે
નયે નિરાલે તરબ કે સામાં, અરબ કે મેહમાન કે લિએ થે

બહાર હૈં શાદિયાં મુબારક, ચમન કો આબાદિયાં મુબારક
મલક ફલક અપની અપની લયમેં, યહ ઘર અનાદિલ કા બોલતે થે

વહાં ફલક પર યહાં ઝમીંમેં, રચી થી શાદી મચી થી ધૂમેં
ઉધરસે અન્વાર હંસતે આતે, ઈધરસે નફહાત ઉઠ રહે થે

યહ છૂટ પળતીથી ઉન્કે રુખ કી, કે અર્શ તક ચાંદની થી
વો રાત કયા ઝગમગા રહી થી, જગા જગા નસ્બ આઈને થે

નઈ દુલ્હન કી ફબનમેં કા'બા, નિખરકે સંવરા સંવર કે નિખરા
હજર કે સદકે મેં કમર કે ઈક તિલમેં, રંગ લાખોં બનાવ કે થે

નઝરમેં દુલ્હા કે પ્યારે જલ્વે, હયાસે મેહરાબ સર ઝુકાએ
સિયાહ પર્દે કે મુંહ પર આંચલ, તજલ્લી ઝાત બહ્તસે થે

ખુશી કે બાદલ ઉમંડ કે આયે, દિલોં કે તાઊસ રંગ લાયે
વો નગ્મએ નઅત કા સમાં થા, હરમ કો ખૂદ વજદ આ રહે થે

યે ઝુમા મીઝાબે ઝરકા ઝુમર, કે આ રહા કાન પર ઢલક કર
ફૂહાર બરસી તો મોતી ઝળકર, હતીમ કી ગોદમેં ભરે થે

ગુબાર બનકર નિષાર જાએં, કહાં અબ ઉસ રહગુઝર કો પાએં
હમારે દિલ, હુરીયોં કી આંખેં, ફરિશ્તોં કે જહાં પર બિછે થે

નબીએ રહ્મત શફીએ ઉમ્મત, **'રઝા'** પે લિલ્લાહ હો ઈનાયત
ઉસે ભી ઉન ખિલ્અતોંસે હિસ્સા, જો ખાસ રહમત કે વાં બટે થે

# દુનિયા તથા આખેરતમાં શર્મિંદગીથી બચવા સમયની કદર કરો !



તંત્રી લેખ....

"સમય" અલ્લાહ તઆલાની અતિ અણમોલ નેઅમત છે અને તે અલ્લાહના ફઝ્લો કરમથી દરેક માનવીને અર્પણ થયેલ છે. કેવળ જે દુનિયા માટે એનો સદ્ ઉપયોગ કરે છે તે દુનિયામાં કામયાબી હાંસલ કરી લે છે અને જે દીન ઈમાનની રાહમાં તેનો સાવધાનીપૂર્વક ઉપયોગ કરે છે તે પોતાની આખેરતને સમારી લે છે. અને જે ન દુનિયા માટે સમયની કદર સમજે છે ન દીન માટે તેને કામે લગાડે છે તે દુનિયામાં પણ મુસીબતોની ખાઈમાં પડે છે અને આખેરતમાં પણ જહન્નમની ખાઈમાં પડવાનો મુસ્તહિક્ બને છે. અને જે સમયનો સદઉપયોગ કરીને શરીઅતના નિયમાનુસાર દુનિયા માટે પણ અને દીન માટે પણ મહેનત કરે છે તે બંનેવ જહાનની નેઅમતોથી માલામાલ થઈ શકે છે. **આ દુનિયા એક "પરીક્ષા ખંડ" છે** અને તેનો **સમય મૃત્યુ સુધીનો** છે, આ દરમ્યાન માણસે દીન ઈમાન પર રહીને નેક અમલો કરીને તેમાં પાસ થવા કોશિશ કરતા રહેવાનું છે. અને જો આ "પરીક્ષા ખંડ"નો સમય ખેલકૂદ, મનોરંજન, નાજાઈઝ તથા હરામ કામો પાછળ ગુમાવી દીધો તો બંને જહાનની બર્બાદી આપણુ મુકદ્દર બની જાય છે. આજે હસતાં હસતાં આપણે સમયને ફુઝૂલ કામો તથા ગુનાહોમાં વેડફી નાખીશું તો કાલે રડતાં રડતાં કયામતમાં પસ્તાવો કરવાથી પણ કાંઈ હાથ લાગશે નહીં. જેમ કે કુર્આનમાં છે : "......... જ્યારે એમના પર અઝાબ આવી જશે તો તે લોકો જેઓ જુલ્મ (ગુનાહો) કરતા રહ્યા હશે તેઓ કહેશે, હે અમારા રબ ! અમને થોડીવારના માટે મોહલત આપી દે કે અમે તારી દાવત કબૂલ કરી લઈએ અને રસૂલોની પયરવી કરી લઈએ...." *(સૂ. ઈબ્રાહીમ, ૧૪/૪૪)* પણ હવે મોકો મળશે નહીં ! દુનિયવી જિંદગીમાં મળનારો સમય અજોડ નેઅમત છે. આખેરતમાં હકીકતમાં આ જ સમયની કમાણી ખાવામાં આવશે. ચાર દિવસની આ ટૂંકી જિંદગી પર આગલી હમેશાંની જિંદગીનો હાલ આધારિત છે, જેથી અત્યારે જ ચેતી જાવ અને નેક કામોમાં લાગી જાવ.

## ★ આજે દુનિયાવાળાઓની હાલત પર એક નજર કરો ★

આજે દુનિયાભરના અગણિત લોકો અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَના દીનથી દૂર ક્યાંક ગૈરે ખુદાની ઈબાદતમાં સપડાયેલા છે તો ક્યાંક શૈતાનના ચક્કરમાં ખુદા વ રસૂલની દુશ્મનીને પોતાનો મઝહબ સમજી બેઠા છે. દીન રાત ઈસ્લામ અને અહલે ઈમાનની વિરૂધ્ધ ષડયંત્રો રચવામાં મશગૂલ છે. તો બીજી તરફ કહેવાતા મુસલમાનોમાં **અસંખ્ય લોકો એવા છે જેઓ પોતાને મુસલમાન તો કહે છે પણ તેમને ઈસ્લામ પર ચાલવાની રૂચી નથી !** અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَનાં ફર્માનોની ખુલે આમ ધજ્જીઓ ઉડાવી રહ્યા છે. હરામ ખાવુ, હરામ પીવું, હરામ બોલવુ, હરામ જોવું, હરામ કામો કરવાં, તેમની જિંદગીના રાત દિવસ ખુદા વ રસૂલના હુકમોના ઉલ્લંઘનમાં ગુજરી રહ્યા છે અને છતાં તેમને રજમાત્ર પોતાની દુનિયા તથા આખેરતની ચિંતા નથી ! આજે ટાઈમ પાસ માટે કાંઈક ટી.વી. કે મોબાઈલ

પર રાત દિવસની અમૂલ્ય ઘડીઓની કત્લેઆમ ચાલી રહી છે, તો ક્યાંક ટોળે ટપ્પે બેસીને મજાક મશ્કરી તથા લોકોની ગીબતમાં સમયો વેડફી દેનારાઓની કમી નથી, તો ક્યાંક હુક્કા પાર્ટીઓમાં યુવાનો ઈબાદતથી ગાફેલ બની સમય તથા નાણાના ધુમાડાઓની સાથોસાથ પોતાની દુનિયા તથા આખેરતને નુકસાનમાં નાખી રહ્યા છે. કયામતના મેદાનને ભૂલીને ક્રિકેટના મેદાનો સજાવાય રહ્યાં છે ! ઠેરે ઠેર ગામે ગામ મેદાનોમાં રોશનીઓ કરીને રાતોની કિંમતી પળોને શૈતાની ખેલોની ભેટ ચઢાવાય રહી છે.

*દિન લહ્‌વમેં ખોના તુઝે, શબ સુબ્હ તક સોના તુઝે–શરમે નબી ખૌફે ખુદા, યહ ભી નહીં વહ ભી નહીં !*

*(આ'લા હઝરત رحمۃ اللہ علیہ)*

અનેક મુસલમાનો રાત રાતભર ખેલકૂદના મેદાનોમાં કે ચોરે ચોતરે કે હોટલો પર બેસી ફોગટ ગપ્પાં મારવામાં જાગવાનો જાણે નિયમ બની ગયો છે અને ફજર થવાના સમયે સૂઈ જવું. બપોરે ૧૨ કે ૨ વાગે ઉઠવું અને ફરી એ જ ફરવા રખડવા કે મોબાઈલ પર ગેમો કે બિભત્સ દૃશ્યોથી આંખોને, દિલો દિમાગને ગંદકીઓથી ભરવાં, ન નમાઝનો ખયાલ ન ખુદા વ રસૂલનો ખૌફ ! શૈતાનના બંદા બનીને જીવન વીતાવવું તેમનો નિત્યક્રમ બની ગયો છે. પછી આપણા પર મુસીબતો નહીં આવે તો શું ફૂલો વરસવાનાં છે ?! આવી કૌમ પાસે શું દીન કે દુનિયાની ભલાઈના આયોજનની અપેક્ષા રાખી શકાય.

કેટલાક લોકો 'બર્થ ડે પાર્ટી' રાખે છે પણ વરસ વહી ગયા પછી બર્થ ડેની ખુશીનો પ્રોગ્રામ કરવાનો હક્ક સાચા અર્થમાં તેને પહોંચે છે જે વરસભર નાશવંત જીવનના દરેક શ્વાસને અમાનત સમજીને એનો હક્ક અદા કરતા રહ્યો હોય, નહીં તો બેકાર તથા હેતુ વિહોણી જિંદગી ગુજારનારાઓએ તો વરસને અંતે અફસોસ કરવો જોઈએ, 'બ્લેક ડે' મનાવવો જોઈએ ! અને અલ્લાહ તઆલાથી પોતાની ઉણપોના સબબે તૌબા કરવી જોઈએ.

## ★ સમય તથા જીવનના મૂલ્ય વિશે ઈસ્લામી આદેશો ★

**રબ તઆલાનું ફર્માન છે** : "અને તે જ ઝાત છે જેણે રાત તથા દિવસને એકબીજાની પાછળ ચક્કર મારનાર બનાવ્યાં એના માટે જે ચિંતન વિચારણા કરવા ચાહે અથવા શુક્રગુઝારીનો ઈરાદો કરે : *(સૂ. ફુર્કાન, ૨૫/૬૨)*

તેમજ ફર્માવ્યું : "જમાનાની કસમ ! **બેશક ! માનવી નુકસાનમાં છે ! સિવાય તે લોકોના જેઓ ઈમાન લાવ્યા અને નેક અમલ કરતા રહ્યા** અને (સમાજમાં) એકબીજાને નસીહત કરતા રહ્યા અને (હક્કની તબ્લીગના કારણે ઉપસ્થિત થનાર મુસીબતોમાં) આપસમાં સબ્રની તાકીદ કરતા રહ્યા." *(સૂ. નસ્ર, ૧૦૩/૧ થી ૩)*

એક ઠેકાણે ફર્માવ્યું : "તો શું તમે એ ખયાલ કરી લીધો કે અમે તમને બેકાર પેદા કર્યા છે ?! અને એ કે તમે અમારી તરફ પલટીને નહીં આવો ?! ...." (સૂ. મુઅમિનૂન, ૩૩/૧૧૫) તેમજ ફર્માવ્યું : "અને મેં જિન્નાતો તથા ઈન્સાનોને કેવળ એટલા માટે પેદા કર્યા કે તેઓ મારી બંદગી અપનાવે." *(સૂ. ઝારિયાત, આ.૫૬)*

સમયની પાબંદી સૂચવતાં નિર્દેશ થયો : "બેશક ! નમાઝ મો'મિનો પર નિશ્ચિત સમયોના હિસાબથી ફર્ઝ છે." *(સૂ. નિસાઅ, આ. ૧૦૩)*

ઉપરોક્ત આયતોમાં બુધ્ધિશાળીઓ માટે ચિંતન તથા વિચારણાનો સામાન છે કે દિવસ રાતનુ સમયચક્ર

આપણી પરીક્ષા માટે ચાલી રહ્યું છે, અને આપણને દુનિયાના જમેલાઓમાં ડૂબી જવા નહીં પણ તેની ઈબાદત માટે, તેના દર્શાવેલા માર્ગે ચાલવા પેદા કરેલા છે અને તે રીતે ન જીવનારને માટે સ્પષ્ટ આદેશ છે કે બેશક ! ઈન્સાન નુકસાનમાં છે.

**હદીષે પાકમાં નબી કરીમ ﷺનું ફર્માન છે :** "રોજ સવારે જ્યારે સૂર્ય ઉગે છે તો એ વખતે દિવસ એવું એલાન કરે છે કે (હે દુનિયાવાળાઓ !) જો આજે કોઈ સારું કામ કરવું છે તો કરી લો ! આજના પછી હું કદી પલ્ટીને આવીશ નહીં. *(શોઅબુલ ઈમાન, ૩/૩૮૬, હદીષ–૩૮૪૦, બહવાલા : વક્ત હજાર નેઅમત)*

બીજી હદીષમાં છે : હઝરત મઅકલ બિન યસાર رضی اللہ عنہથી રિવાયત છે કે હુઝૂર નબી કરીમ ﷺએ ફર્માવ્યું, "આદમની ઔલાદ (માનવી) પર દરેક આવનારો દિવસ (તેને સંબોધીને) કહે છે : **હે ઈબ્ને આદમ હું નવી મખ્લૂક઼ છું. હું કાલે (કયામતના સમયમાં) તમારા અમલની ગવાહી આપીશ. જેથી તમો મારામાં નેક અમલ કરજો.** જો હું પસાર થઈ ગયો તો પછી તમે કદાપિ મને જોઈ નહીં શકો." પછી ફર્માવ્યું, "આ જ પ્રમાણેના શબ્દો રાત પણ દોહરાવે છે"

*(અલ જામિઉલ કબીર સિયૂતી, હદીષ : ૧૩૩૨ બહવાલા વક્ત હઝાર નેઅમત)*

એક હદીષમાં છે : હઝરત અબૂ બરઝા અસ્લમી رضی اللہ عنہથી રિવાયત છે કે હુઝૂરે અકરમ ﷺએ ફર્માવ્યું, "ક઼યામતના દિવસે કોઈ બંદાના ક઼દમ ત્યાં સુધી આગળ નથી વધી શકતા જ્યાં સુધી કે તેને ચાર ચીજોના બારામાં પૂછતાછ ન થઈ જાય : તેણે પોતાની **જિંદગી કેવી રીતે પસાર કરી, તેણે પોતાના ઈલ્મ પર કેટલો અમલ કર્યો,** તેણે **માલ ક્યાંથી કમાયો** અને **ક્યાં ખર્ચ કર્યો,** અને પોતાના **શરીરને કયા કામમાં ખપાવ્યું.**" *(સુનને તિર્મિઝી, ૪/૬૧૨, હદીષ : ૨૪૧૭)*

આ હદીષોથી સ્પષ્ટપણે જાણવા મળ્યું કે માણસને અલ્લાહે જે સમય તથા મોકો આપ્યો છે તે એનો ખાસ તોહફો તથા નેઅમત છે. અને જો કોઈ આ અમૂલ્ય નેઅમતને ફોગટના કામોમાં ખર્ચી રહ્યો છે તો જાણે કે તે એ નેઅમતની નાશુક્રી કરી રહ્યો છે અને ક઼યામતના દિવસે તેને પોતાના કરેલાનો જવાબ આપવો પડશે.

**જે માણસ અલ્લાહ તથા રસૂલ પર અને ક઼યામતના દિવસ પર ઈમાન ધરાવે તેના દિલ પર તો આ વાતોની જરૂર અસર થવી જ જોઈએ.** આવો ! સૌથી પાકટ ઈમાનવાળા, સૌથી શ્રેષ્ઠ આશિક઼ે રસૂલ એવા અમુક સહાબાએ કિરામ તથા અવલિયાએ કિરામની વાણી તથા વર્તનોનો આપણે અભ્યાસ કરીએ કે જેમની જિંદગી આપણા માટે દીવા દાંડી સમાન છે.

## ★ સહાબા તથા બુઝુર્ગો અને સમયની ક઼દર ★

**હઝરત અબૂબક્ર સિદીક઼** رضی اللہ عنہ : હુઝૂર ﷺએ જેમને જન્નતી હોવાની બશારત આપી તે, અંબિયા બાદ ઉમ્મતીઓમાં સૌથી અફઝલ, યારે ગાર, પ્રથમ ખલીફા હઝરત અબૂબક્ર સિદીક઼ رضی اللہ عنہએ ફર્માવ્યું : "લોકો તમારી જિંદગીનો કારવાં દિવસે દિવસે મૌતની તરફ ચાલી રહ્યો છે અને મૌતનો ઈલ્મ તમારાથી છુપો રાખવામાં આવેલ છે. જેથી સારા અમલો કરતા રહી મૌતની ગોદમાં પનાહ લઈ શકતા હોવ તો એવું જ કરો, પણ અલ્લાહની તૌફીક઼થી જ એવું શક્ય થઈ શકે છે. જેથી હે લોકો ! હમણા તમને જે મોહલત મળી ચૂકેલી છે તેને કામમાં લગાડી લો અને તેને પોતાના સારા અમલો વડે સજ્જ કરી લો, નહીં તો મોહલતના આ દિવસો

ઘણા જ જલ્દી તમારાથી વિદાય થનારા છે, પછી જો જો કે તમારા બુરા કરતૂત તમારા શું હાલ કરે છે ?!

તે માર્યો ગયો જેનો સમય ગફલતોની ભેટ ચઢી ગયો અને કામયાબ તે જ છે જેણે પોતાના સમયનો સહીહ ઉપયોગ કર્યો. જેથી જલ્દી કરો ! કેમ કે તમારી પાછળ એક આવનારો (મૌતનો ફરિશ્તો) આવશે અને ઘણી જ ચાલાકીપૂર્વક પોતાનુ કામ કરી જશે." *(તારીખુલ ખુલફા, ૧/૪૦, ફતાવા અલ અઝહર, ૧૦/૩૩૧)*

હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہ અંબિયા બાદ સૌથી અફઝલ હસ્તી હોવા છતાં આ દુઆ કર્યા કરતા હતા : "હે અલ્લાહ ! અમને સખતીમાં ન છોડતો અને અમને ગફલતની હાલતમાં ન પકડતો અને અમને ગાફિલ તથા બેપરવા લોકોમાંથી ન કરતો. *(તારીખુલ ખુલફા–સિયૂતી, ૧/૪૦)*

**હઝરત ઉમર رضی اللہ عنہ અને સમયની કદર :** હઝરત મુઆવિયહ બિન ખદીજ رضی اللہ عنہ મદીના શરીફ ગયા. આપને ખબર પડી કે હઝરત ઉમર કૈલૂલા (બપોરના જમણ પછી થોડીવાર આરામ) નથી કરતા. હઝરત ઉમર رضی اللہ عنہએ એના વિશે જવાબ આપતાં કહ્યું, "હે મુઆવિયહ ! જો હું દિવસમાં સૂવું છું તો રૈયત (પ્રજા)નો હક્ક ગુમાવું છું અને રાતમાં સૂવુ છું તો મને પોતાને ગુમાવું છું. જેથી હે મુઆવિયહ ! જરા બતાવો કે જેને આ બે હક્કોની પડી હોય તેને ભલા ઊંઘ કેવી રીતે આવશે ?" *(ફતાવા અલ અઝહર, ૧૦/૩૩૧)*

**હઝરત અબ્દુલ્લાહ બિન મસઊદ** رضی اللہ عنہما સમયના મહત્વ વિશે ફર્માવે છે : "મને એ દિવસ કરતાં વધુ શર્મિંદગી તથા અફસોસ કોઈ અન્ય ચીજ પર નથી થતો કે જે દિવસનો સૂરજ એ હાલમાં ડૂબી જાય કે મારી અજલ (મૌતનો સમય) તો ઘટી જાય પણ મારા અમલમાં કોઈ વધારો ન થઈ શકે.

*(મૌસૂઅતુદ્દિફાઅ અન રસૂલુલ્લાહ, ૪/૧૯૧, મુજલ્લતુલ બયાન, ૨૨/૬૪, મૌસૂઅતુલ ખતબ વદુરૂસ, ૨/૧૯૬)*

એક અન્ય ઠેકાણે હઝરત ઈબ્ને મસઊદ رضی اللہ عنہماથી રિવાયત થયેલ છે : "બેશક ! મને તે નવરા અને બેકાર શખ્સથી નફરત છે જેને કોઈ દુનિયવી કે આખેરતના અમલની પરવા નથી."

*(મુસન્નફે ઈબ્ને અબી શયબા, ૭/૧૦૮, હદીષ : ૩૪૫૬૨, હિલ્યતુલ અવલિયા, ૧/૬૭, સુફફતુસ્સુફૂત, ૧/૪૧૪)*

કેટલાક લોકો પોતે નવરા હોય, કોઈ કામ નથી હોતુ તો ગમે તે જાઈઝ નાજાઈઝ ખેલોમાં કે મોબાઈલ પાછળ સમય પસાર કરવા નિરર્થક ગેમો, ડ્રામાઓ, પિકચરો ક્રિકેટ કે ફૂટબોલ મેચો વગેરે જોવામાં સમયને વેડફે છે તેમના માટે હઝરત કાઝી શુરૈહ رضی اللہ عنہ જેવા મહાન બુઝુર્ગનો આ કૌલ નસીહત માટે પૂરતો છે કે ફાજલ સમયે શું કરવામાં આવે.

**કાઝી શુરૈહ બિન હારિષ رضی اللہ عنہની સમય સંબંધે નસીહત :** ઈદના દિવસે કેટલાક નવયુવાનોની પાસે થઈને પસાર થયા જેઓ એકદમ ખેલકૂદમાં મગ્ન હતા અને એકબીજા સાથે હંસી મજાક કરીને બેકાર સમય વેડફી રહ્યા હતા. આપે આશ્ચર્યભેર પૂછયું, તમે લોકો ક્યારથી રમી રહ્યા છો ? અને સઘળો સમય ઉછળકૂદમાં કેમ ગુમાવી રહ્યા છો ?!

બોલ્યા, આજે ઈદનો દિવસ છે, નવરા હતા, કોઈ કામ ન હતું જેથી ચાહ્યું કે કાંઈક ખેલકૂદ જ કરી લઈએ. ફાજલ સમય કોઈ ન કોઈ રીતે પસાર તો કરવાનો જ છે !

તેમનો આ જવાબ સાંભળીને આપે અફસોસ વ્યક્ત કર્યો અને ખૂબ જ પ્યારી વાત કહી કે શું ફાજલ સમય આવી રીતે જ ગુજારવામાં આવે છે ? ઈસ્લામે ખાલી સમય પસાર કરવાનો જે ખયાલ આપ્યો છે તે તો કાંઈ ઓર છે ! અને કુર્આન પાકની આ આયત તિલાવત કરી :

فَاِذَا فَرَغْتَ فَانْصَبْ ۝ وَاِلٰى رَبِّكَ فَارْغَبْ ۝ "પછી જ્યારે તમો ફારિગ હોવ તો (ઝિક્ર તથા ઈબાદતમાં) મહેનત કર્યા કરો. અને પોતાના રબની તરફ આકર્ષિત થઈ જયા કરો."

*–સૂ. નશ્રહ, આ. ૭ થી ૮ (હિલ્યતુલ અવલિયા, ૪/૧૩૪, અઝ્ઝુહદ લિઈબ્નિ હંબલ, ૩/૨૩૪, અલ્ફતાવલ કુબરા)*

## ★ સમયની રક્ષા બાબતે અન્ય બુઝુર્ગોની વાણી તથા વર્તનો ★

**હઝરત ઉમર બિન અબ્દુલ અઝીઝ** رضی اللہ عنہ પ્રથમ સદીના મુજદ્દિદ, જેમની ગણના ખુલફાએ રાશિદીનમાં થાય છે. આપને કોઈએ એકવાર કહ્યું કે, આ કામ કાલ પર મુલ્તવી કરી દો. તો આપે ફર્માવ્યું, હું એક દિવસનું કામ મુશ્કેલીથી કરું છું પછી જો આજનુ કામ કાલ પર છોડી દઉં તો બે દિવસનું કામ એક દિવસમાં કેવી રીતે કરી શકીશ ?! *(મકારિમુલ અખ્લાક઼, ૧/૨૯)*

**હઝરત હસન બસરી** رضی اللہ عنہ ફર્માવે છે : હે માનવી ! તું જાતે પોતે દિવસ છે. જ્યારે દિવસોમાંથી કોઈ દિવસ પસાર થઈ જાય છે તો એવું સમજ કે તારો અમુક હિસ્સો જતો રહ્યો. અને એ રીતે થોડો થોડો કરીને પૂરેપૂરો જતો રહીશ અને તને એહસાસ સુધ્ધાં ન થશે. જેથી જેટલું કાંઈ કરી શકે છે તે આજે જ કરી લે કેમ કે આજનો દિવસ અમલનો દિવસ છે, હિસાબનો નથી. જ્યારે કે કાલનો દિવસ હિસાબનો દિવસ હશે, અમલનો નહીં.

**હઝરત દાઉદ તાઈ** (હિ.સ. ૧૬૬)ના બારામાં આવે છે કે આપ રોટલીના ટુકડાઓને પીસીને પી જતા અને કહેતા કે જેટલા સમયમાં માણસ રોટી ચાવીને ખાશે એટલી વારમાં પચાસ આયતો પઢી લેશે. *(સયદુલ ખાતિર, ૧/૧૬૨)*

**હઝરત ઈમામ મુહમ્મદ શયબાની** رضی اللہ عنہ (વફાત : હિ. ૧૮૯)ના નામથી ફિક઼્હનો અદના તાલિબે ઈલ્મ પણ વાકેફ છે. અસલમાં તેમની જ કોશિશના પરિણામે હનફી ફિક઼્હ સંપાદિત થયેલ છે. ઈલ્મ તેમનું ઓઢણુ બિછાનું હતું. અભ્યાસ એમનો બીજો સ્વભાવ થઈ ચૂક્યો હતો. ઈલ્મના શોખમાં રાત રાત સૂતા ન હતા. થાળીમાં પાણી રાખેલુ હોતુ. ઊંઘ આવતી તો પાણીથી ઉડાડી દેતા. એક વિષયથી ઉકતાઈ જતા તો બીજા વિષયનો તાર છેડી દેતા હતા. અને આ રીતે રાતનો કારવાં દબાયેલા પગલે પસાર થઈ જતો.

લોકોએ આ શબ બેદારી (રાત્રી જાગરણ)નું કારણ પૂછયું તો આપે ફર્માવ્યું, હું કેવી રીતે સૂઈ રહું જ્યારે કે આમ મુસલમાન અમારા પર ભરોસો કરીને સૂઈ રહ્યા છે કે અમે તેમની રહનુમાઈ કરીશું.

**હઝરત ઈમામ શાફઈ** رضی اللہ عنہ (વફાત : હિ. ૨૦૪) ફર્માવે છે કે એક મુદ્દત સુધી મેં સૂફિયાએ કિરામની સોહબત અપનાવી. તો એમના બે વાક્યો વડે મને ઘણો જ અધિક ફાયદો હાંસલ થયો. એક એ કે : "સમય તલ્વાર છે, જો તમે એને ન કાપ્યો તો તે તમને કાપી નાખશે." અને બીજુ વાક્ય : "તમે જો તમારા નફસને હક્ક઼ તથા સદાક઼તના કામોમાં મશગૂલ ન કર્યો તો તે તમને બાતિલ તથા નિરર્થક કામોમાં જોડી દેશે."

**હઝરત સુલૈમ બિન ઐયૂબ રાઝી** رحمۃ اللہ علیہ પોતાની પળે પળનો હિસાબ રાખતા. અને કોઈ સમય વિના ફાયદાએ હાથથી જવા દેતા ન હતા, ત્યાં સુધી કે ચાલતાં ફરતાં પણ તેમના હોઠ હાલતા નજર આવતા. હાલત એ હતી કે લખતાં લખતાં જ્યારે તેમનો કલમ ઘસાય જતો તો કલમને કટ કરતી વખતે ઝિક્ર શરૂ કરી દેતા, જેથી એ સમય કેવળ કટ લગાડવામાં જ ન વેડફાય !

**હઝરત ઈમામ ગિઝાલી** رحمۃ اللہ علیہ જણાવે છે કે, માણસે જોઈએ કે પોતાના નફસને આ પ્રમાણે સાવચેત તથા ખબરદાર કરે :–

''મારી જિંદગી(ની ઘડીઓ) જ મારી કુલ પૂંજી છે. જે દિવસે મારી જિંદગીનો આ ચિરાગ ગુલ થયો તે દિવસે આ પૂંજી મારા હાથોથી ચાલી જશે અને તેના ફાયદા તથા નફાનો અંત આવી જશે. જેથી આજનો દિવસ (મારી જિંદગીનો) એક નવો દિવસ છે જેને અલ્લાહ તઆલાએ કેવળ પોતાના ફઝ્લો કરમથી મને અતા કર્યો છે. જો તે મારી રૂહ કબ્ઝ કરી લેત તો હું યકીનન ! ખ્વાહિશ કરતો કે કાશ ! અલ્લાહ મને કેવળ એક દિવસના માટે દુનિયામાં મોકલી દે તો હું તેમાં ઘણા બધાં નેક અમલો કરી નાખું. જેથી તમે હવે એવું સમજો કે જેવી રીતે તમારી જિંદગીની નેઅમત તમારાથી છીનવી લેવામાં આવી હતી, અને એક અધિક મોકો તમને અર્પણ કરી દેવામાં આવ્યો છે જેથી હવે તેને બુરા કરતૂતો અને ગુનાહોની નહૂસતથી ગંદી ન કરો અને તેની એક પળ પણ બેકાર ન જવા દો, કેમ કે (જિંદગીનો) દરેક શ્વાસ એક અનમોલ નેઅમત છે.

**ઈમામ ઈબ્ને જવઝી** رحمۃ اللہ علیہ સમયને વેડફવાથી બચાવવા લોકોને મળવાનુ ટાળતા અને જો મુલાકાત કરતા તો એવા સમયે કાગળ કટ કરવાનુ, કલમને કટ કરવાનુ, એવાં હલકાં ફુલકાં કામો કરતા રહેતા જેથી એ રીતે મુલાકાત પણ થઈ જતી અને પ્રિય ઉમરની કિંમતી ઘડીઓ કેવળ વાતચીતમાં ન જતી.

*(કીમતુઝ્ઝમન ઈન્દલ ઉલમા, પેજ–૯૫)*

કેટલાક લોકો **હઝરત મઅરૂફ કર્ખી** رحمۃ اللہ علیہની બારગાહમાં બેઠેલા હતા તો આપે ફર્માવ્યું કે, **''તમોને લોકોને ઉઠવાનુ મન નથી થતું ?! જરા વિચારો કે સૂરજનો માલિક તેને સતત ખેંચી રહ્યો છે અને તેને એક જરાક મોહલત નથી આપી રહ્યો !''** જે લોકો કોઈ કામવાળા માણસ પાસે જઈને પોતાનું કામકાજ પતી જવા છતાં ઉઠતા નથી તેમણે આના પરથી બોધ લેવો જોઈએ.

એવા એવા સમયની કદર કરનારા બુઝુર્ગો થઈ ગયા કે પોતાના જીવનના સમયની એક ઘડી ફાલતુ ન વેડફતા. સતત લખતા વાંચતા રહેતા અને કલમને કટ આપવાનો થતો તે વખતે કટ આપતાં આપતાં ઝિક્રે ખુદા શરૂ કરી આપતા જેથી એટલો સમય પણ ફોગટ ન જાય. પોતાના શાગિર્દોને કહેતા, ફક્ત સલામ પર સંતોષ લો. ફોગટ ફોર્માલિટીમાં ખબર અંતર પૂછવામાં રહી સમય ન બગાડો ! વળી શાગિર્દોને કહેતા કે અહીંથી જાવ ત્યારે એક સાથે ન જાવ પણ અલગ અલગ જાવ, કેમ કે સાથે જશો તો ફોગટ વાતોમાં સમય વેડફશો અને એકલા હશો તો ઝિક્ર કે ચિંતનમાં સમય પસાર થશે કે જે બેહતર છે. નસીહત કરતા કે સમયની બર્બાદી મૌત કરતાં અધિક સખત તથા મોંઘી છે કેમ કે **સમયની બર્બાદી માનવીને અલ્લાહ તથા આખેરતની જિંદગીથી દૂર કરી દે છે,** જ્યારે કે **મૌત કેવળ દુનિયા અને દુનિયાવાળાઓથી દૂર કરે છે.**

બુઝુર્ગોની સમયની કદર સમજવાની હાલત એ હતી કે જો કોઈ શખ્સ એમની સાથે લાંબી વાત કરતો તો તરત જ કહેતા, ''ખુદાના બંદા ! જલ્દી કરો ! તમે તો એક જમાનો વેડફી નાખ્યો !''

અંતમાં : **આ'લા હઝરત મુજદ્દિદે દીનો મિલ્લત ઈમામ અહમદ રઝા બરેલ્વી** رحمۃ اللہ علیہ એ જીવનભર સમયનો કમાલનો ઉપયોગ કર્યો હતો કે પોતાના જીવનના ૬૮ વરસોમાં **એકસોથી વધુ ઈલ્મો પર લગભગ એક હજારથી અધિક મહાન મહાન કિતાબોના તોહફા ઉમ્મતને પેશ કર્યા હતા.**

**★ હવે આવો ! સમયની સાથે આપણો કેવો વર્તાવ છે તે જુઓ ! ★**

આડા દિવસો હોય કે રમઝાન જેવો મુબારક મહિનો હોય આપણા ગામો તથા શહેરોમાં રાત્રિ મેચોનું આયોજન થાય છે. હજારો રૂપિયાના ધુમાડા અને દીનનું કે દુનિયાનું કામ કરવાના માટે મળેલ સમયની નેઅમતની બર્બાદી કશાય સંકોચ વગર કરવામાં આવે છે. આપણી કૌમની શાદીઓ જુઓ. સ્ત્રીઓ–પુરૂષો, યુવાનો યુવતીઓ ઈસ્લામના કાનૂનોનો સરેઆમ ભંગ કરીને શરમો હયાની સર્વ હદો તો વટાવી જ દે છે સાથોસાથ સમય તથા નાણાનો પુષ્કળ બગાડ થાય છે. **ઈસ્લામે નિકાહને તદ્દન ખર્ચ વિના કરી શકાય એટલો સરળ બનાવ્યો છે. ઈજાબો કુબૂલની જ રસમ મુખ્ય છે !** પણ એની આસપાસ શૈતાની રસમો અને હયાસોઝ ડ્રામાઓ, નાચવા કૂદવાના પ્રોગ્રામો તથા ખાવા પીવા પાછળ, ભપકો પાડી પોતાની વાહ વાહ માટે ઠાઠ માઠના સ્ટેજો, મંડપો, પાર્ટીઓ પાછળ હજારો લાખો રૂપિયા ઉડાડાય છે. વળી દિવસો સુધી ચાલતી રસમો પાછળ રબના ફરજો ત્યજીને સમયની બર્બાદી કરવામાં આવે છે. વધુ કાંઈ લખતો નથી, આપ સૌ જોઈ રહ્યા છો તથા જાણો જ છો કે શાદીઓમાં મોટાભાગે કેવી કેવી બેહયાઈઓ કહેવાતા મુસલમાનો કહેવાતા આશિકે રસૂલ, કહેવાતા આશિકે હુસૈન ભાઈ બહેનો કરી રહ્યા છે.

અંતમાં મારો પોતાનો જ એક તાજો અનુભવ શાદી વિશે જણાવી દંઉ કે સુન્ની–સુન્નીમાં શાદી હતી અને બેન્ડ બાજા, ડી.જે. ન હતાં જેથી હું શાદીમાં ગયો હતો. જમવાની દાવત તો ૧૨ વાગ્યા સુધીમાં પતી ગઈ પણ નિકાહ ઝોહર બાદ હતા. જનરલી હું આવા રાહ જોવાના નિકાહમાં નથી રોકાતો પણ અમુક જણના આગ્રહથી રોકાય ગયો. ઝહોર બાદ વિચાર્યું કે હવે દુલ્હો આવશે, હવે આવશે, પણ સાડા ચાર સુધી કોઈ ન આવ્યું. છેવટે બરાતમાં આવેલ બે ભાઈઓ મળ્યા તો તેમને મેં મજાકમાં પૂછયું કે ભાઈ ! મગરિબ બાદ દુલ્હો આવશે ?! તો મને કહ્યું કે અમે બૈરાંને શોધી રહ્યા છીએ કે તેણીઓ તૈયાર થવા માટે કોઈ બ્યુટી પાર્લરવાળી પાસે ગઈ તે હજી આવી નથી ! અને ક્યાં ગઈ છે તે અમને ખબર નથી ! આ સાંભળતાં અમે ત્યાં થોભવું યોગ્ય ન માન્યુ અને ઘરની વાટ પકડી. અમે ઘરે પહોંચી ગયા પછી ખબર મળી કે સાંજના છ વાગ્યા સુધી પણ દુલ્હા મિયાં નિકાહના સ્થળે પહોંચ્યા ન હતા ! પછી શું થયું રબ જાણે ! આ છે આપણી કૌમની હાલત !

બસ, અંતમાં અપીલ છે કે આપણે ખુદાનો ખૌફ દિલમાં બેસાડીએ, સમયનો ઉપયોગ દીનની તથા દુનિયાની ભલાઈના કામોમાં કરીએ, ખાસ કરીને ઈલ્મે દીન શીખવા પાછળ સમય કાઢીએ કેમ કે ઈલ્મે દીન જાણતા હોઈશુ તો આપણામાં દીનદારી આવશે અને અલ્લાહ વ રસૂલના સૂચવેલા માર્ગે ચાલીને દુનિયા તથા આખેરતને સમારી શકીશું. وَمَا عَلَيْنَآ اِلَّا الْبَلٰغُ الْمُبِيْنُ

કુર્આને પાકની તફસીર

# કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈર્ફાન

:: અઝ ::
આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ

:: અનુવાદક ::
મૌલાના હસન આદમ કોલવનવી رحمۃ اللہ علیہ

સૂરએ નિસાઅ્ મદીના તય્યિબામાં ઉતરી, એમાં ૧૭૬ આયતો, ૨૪ રૂકૂઅ છે.

وَ مَنْ يُّشَاقِقِ الرَّسُوْلَ مِنْۢ بَعْدِ مَا تَبَيَّنَ لَهُ الْهُدٰى وَ
يَتَّبِعْ غَيْرَ سَبِيْلِ الْمُؤْمِنِيْنَ نُوَلِّهٖ مَا تَوَلّٰى وَ نُصْلِهٖ
جَهَنَّمَ ؕ وَ سَآءَتْ مَصِيْرًا ١١٥ اِنَّ اللّٰهَ لَا يَغْفِرُ اَنْ يُّشْرَكَ
بِهٖ وَ يَغْفِرُ مَا دُوْنَ ذٰلِكَ لِمَنْ يَّشَآءُ ؕ وَ مَنْ يُّشْرِكْ بِاللّٰهِ
فَقَدْ ضَلَّ ضَلٰلًۢا بَعِيْدًا ١١٦ اِنْ يَّدْعُوْنَ مِنْ دُوْنِهٖۤ اِلَّاۤ اِنٰثًا ۚ
وَ اِنْ يَّدْعُوْنَ اِلَّا شَيْطٰنًا مَّرِيْدًا ١١٧ لَّعَنَهُ اللّٰهُ ۘ وَ قَالَ
لَاَتَّخِذَنَّ مِنْ عِبَادِكَ نَصِيْبًا مَّفْرُوْضًا ١١٨ وَّ لَاُضِلَّنَّهُمْ وَ
لَاُمَنِّيَنَّهُمْ وَ لَاٰمُرَنَّهُمْ فَلَيُبَتِّكُنَّ اٰذَانَ الْاَنْعَامِ وَ
لَاٰمُرَنَّهُمْ فَلَيُغَيِّرُنَّ خَلْقَ اللّٰهِ ؕ وَ مَنْ يَّتَّخِذِ الشَّيْطٰنَ
وَلِيًّا مِّنْ دُوْنِ اللّٰهِ فَقَدْ خَسِرَ خُسْرَانًا مُّبِيْنًا ١١٩
يَعِدُهُمْ وَ يُمَنِّيْهِمْ ؕ وَ مَا يَعِدُهُمُ الشَّيْطٰنُ اِلَّا غُرُوْرًا ١٢٠
اُولٰٓئِكَ مَاْوٰىهُمْ جَهَنَّمُ ۫ وَ لَا يَجِدُوْنَ عَنْهَا مَحِيْصًا ١٢١ وَ
الَّذِيْنَ اٰمَنُوْا وَ عَمِلُوا الصّٰلِحٰتِ سَنُدْخِلُهُمْ جَنّٰتٍ
تَجْرِيْ مِنْ تَحْتِهَا الْاَنْهٰرُ خٰلِدِيْنَ فِيْهَاۤ اَبَدًا ؕ وَعْدَ اللّٰهِ
حَقًّا ؕ وَ مَنْ اَصْدَقُ مِنَ اللّٰهِ قِيْلًا ١٢٢ لَيْسَ بِاَمَانِيِّكُمْ وَ
لَاۤ اَمَانِيِّ اَهْلِ الْكِتٰبِ ؕ مَنْ يَّعْمَلْ سُوْٓءًا يُّجْزَ بِهٖ ۙ وَ لَا
يَجِدْ لَهٗ مِنْ دُوْنِ اللّٰهِ وَلِيًّا وَّ لَا نَصِيْرًا ١٢٣

## સૂરએ નિસાઅ્ની તફસીર

અને જે રસૂલનો વિરોધ કરે, હક રસ્તો તેની પર ખુલી ચૂક્યા પછી અને મુસલમાનોના રસ્તાથી જુદા માર્ગે ચાલે. અમે તેને તેની હાલત પર છોડી દઈશું, અને તેને દોઝખમાં દાખલ કરીશું, અને (તે) પલટવાની કેટલી ખરાબ જગ્યા (છે)[૨૨૮] (૧૧૫) અલ્લાહ એ માફ નથી કરતો, કે તેનો કોઈ ભાગીદાર ઠેરવવામાં આવે. અને એનાથી હેઠળ જે કંઈ છે, (તે) જે કંઈ ઈચ્છે તે માફ કરી દે છે[૨૨૯] અને જે અલ્લાહનો ભાગીદાર ઠેરવે, તે ગુમરાહીમાં પડયો દૂરની (૧૧૬) આ શિર્કતવાળાઓ અલ્લાહ સિવાય પૂજતા નથી પણ અમુક સ્ત્રીઓને[૨૩૦], અને નથી પૂજતા પણ બળવાખોર શયતાનને[૨૩૧] જેના પર અલ્લાહે ફિટકાર વરસાવી, અને બોલ્યો[૨૩૨], કસમ છે ! હું જરૂર તારા બન્દાઓમાંથી નિયત કરેલો ભાગ મેળવીશ[૨૩૩] (૧૧૮) કસમ છે ! હું અવશ્ય ભટકાવી દઈશ, અને ચોક્કસ તેમને મોહ લગાડીશ[૨૩૪], અને ખરેખર તેમને કહીશ કે તેઓ જનાવરોના કાન ચીરશે[૨૩૫], અને નિશંક ! તેમને કહીશ કે તેઓ અલ્લાહે સર્જેલી વસ્તુઓ બદલી નાખશે[૨૩૬], અને જે અલ્લાહને છોડીને શયતાનને મિત્ર બનાવે તો દેખીતી ખોટમાં પડયો (૧૧૯)

*શયતાન તેમને વાયદો આપે છે, અને અભિલાષાઓ જન્માવે છે[૨૩૭] અને નથી આપતો પણ શયતાન તેમને વાયદા ફરેબના[૨૩૮] (૧૨૦) તેમનું ઠેકાણું દોઝખ છે, એનાથી બચવાની જગ્યા નહીં પામે (૧૨૧) અને જેઓ ઈમાન લાવ્યા અને સારાં કામો કર્યાં, થોડો સમય જાય છે અમે તેમને બગીચાઓમાં લઈ જઈશું, જેની નીચે નહેરો વહે. હમેશાં સદા તેમાં રહે. અલ્લાહનો સત્ય વાયદો. અને અલ્લાહ કરતાં વધારે કોની વાત સાચી ? (૧૨૨) કામ ન કંઈ તમારા તરંગો પર છે[૨૩૯] ન કિતાબવાળાઓની મનેચ્છા પર[૨૪૦] જે બુરાઈ કરશે[૨૪૧] તેનો બદલો પામશે. અને અલ્લાહ સિવાય ન કોઈ પોતાનો તરફદાર પામશે ન મદદગાર (૧૨૩)*

### :: સમજૂતી ::

**૨૨૮** : આ આયત એ વાતની દલીલ છે કે "ઈજમાઅ" (મુસ્લિમોની એકમતી) દલીલ છે. એનો વિરોધ જાઈઝ નથી, જેમ કે કિતાબ અને સુન્નતનો વિરોધ જાઈઝ નથી. (મદારિક) અને એનાથી સાબિત થયું કે મુસલમાનોનો તરીક઼ો જ સિરાતે મુસ્તક઼ીમ છે.

હદીષ શરીફમાં આવ્યું છે કે, જમાઅત પર અલ્લાહનો હાથ છે. એક બીજી હદીષમાં છે કે, સવાદે આઝમ અર્થાત મોટી જમાઅતને અનુસરો, જે મુસ્લિમોની જમાઅતથી વિખૂટો પડયો તે દોઝખી છે. આનાથી સ્પષ્ટ થાય છે કે સત્ય મઝહબ એહલે સુન્નત વ જમાઅત છે.

**૨૨૯. શાને નુઝૂલ** : હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہનું કથન છે કે, આ આયત એક વયોવૃદ્ધ અઅરાબી (ગામડાનો રહીશ) વિશે ઉતરી, જેમણે સૈયદે આલમ ﷺની સેવામાં ઉપસ્થિત થઈને કહ્યું, યા રસૂલલ્લાહ ! હું વૃદ્ધ છું, ગુનાહોમાં ગળાબુડ છું, સિવાય કે મેં જ્યારથી અલ્લાહને ઓળખ્યો છે, અને તેના પર ઈમાન લાવ્યો છું, ત્યારથી મેં તેની સાથે શિર્ક (અલ્લાહનો ભાગીદાર બનાવવો) નથી કર્યું, અને તેના સિવાય અન્યને વાલી નથી બનાવ્યો, અને નીડર થઈને ગુનાહોમાં નથી સંડોવાયો. અને એક પળ માટે પણ મેં વિચાર્યું નથી કે હું અલ્લાહથી નાસી જઈ શકું છું. શરમિંદો છું, તવબહ કરું છું, મગફિરત ઈચ્છુ છું, અલ્લાહને ત્યાં મારી શું હાલત થશે ? ત્યારે આ આયત ઉતરી.

આ આયતમાં એ બાબત સ્પષ્ટ છે કે શિર્ક માફ કરવામાં નહીં આવે, જો મુશ્રિક પોતાના શિર્ક પર મરે. કારણ કે એ સાબિત થઈ ચૂક્યું છે કે મુશ્રિક અગર પોતાના શિર્કથી તવબહ કરે, અને ઈમાન લાવે તો તેની તવબહ અને ઈમાન મક઼બૂલ છે.

**૨૩૦** : અર્થાત સ્ત્રીલિંગ મૂર્તિઓને, જેમ કે લાત, ઉઝ્ઝા, મનાત વિગેરે. આ તમામ સ્ત્રીલિંગ મૂર્તિઓ હતી અને અરબના દરેક કબીલાની એક અલગ મૂર્તિ હતી, જેની તેઓ પૂજા કરતા હતા, અને તેને તે કબીલાની 'ઉન્સા' (સ્ત્રી) કહેતા હતા.

હઝરત આઈશા رضی اللہ عنہاએ (આયતમાંના ઈનાસા શબ્દને) અવસાના, અને હઝરત ઈબ્ને અબ્બાસે અને 'આસિના' પઢયું છે. (બન્ને શબ્દોનો અર્થ મૂર્તિ જ થાય છે) એનાથી પણ પુરવાર થાય છે કે 'ઈન્સા'નું અર્થઘટન મૂર્તિ જ થાય છે.

એક કથન એવું છે કે (આયતમાં સ્ત્રીઓને પૂજે છે, એટલા માટે કહેવાયું છે કે) અરબના મુશરિકો પોતાના અસત્ય મઅબૂદોને અલ્લાહની પુત્રીઓ કહેતા હતા. અને એક મંતવ્ય એવું છે કે મુશરિકો મૂર્તિઓને ઘરેણાં વિગેરે પહેરાવીને સ્ત્રીઓની જેમ શણગારતા હતા.

**૨૩૧** : કારણ કે એના બહેકાવવાથી જ મૂર્તિપૂજા કરે છે.

**૨૩૨** : શયતાન.

**૨૩૩** : તેમને મારા તાબેદાર બનાવીશ.

**૨૩૪** : અનેક વિધ, કદીક લાંબા આયુષ્યનો, કોઈકવાર દુનિયાની મોજમજાનો, અમુક વખતે ઠગારી મનેચ્છાઓનો, તો કદીક આનો તો કદીક તેનો.

**૨૩૫** : પછી તેમણે એવું કર્યું, ઊંટણી જ્યારે પાંચ વખતે વ્યાઈ ચૂકતી, ત્યારે તેને છોડી મૂકતા, તેનાથી લાભ ઉઠાવવાનું પોતાની પર હરામ કરી લેતા, તેનું દૂધ મૂર્તિઓ માટે નક્કી કરી લેતા અને તેને બહીરા કહેતા હતા. શયતાને તેમના દિલોમાં બેસાડી દીધું હતું કે આમ કરવું ઈબાદત છે.

**૨૩૬** : પુરૂષોનું સ્ત્રીઓનું વેશ ધારણ કરી તેમનાં કપડાં પહેરવાં, સ્ત્રીઓની જેમ વાતચીત અને ચાળા કરવા, શરીરમાં છુદડાં પડાવી તેમાં સુરમો કે સિંદુર ભરીને ચિત્રો કે નકશાઓ પડાવવા, વાળોમાં કૃત્રિમ વાળ ઘાલીને લાંબી લાંબી ચોટલીઓ વિગેરે બનાવવી પણ એમાં દાખલ છે.

**૨૩૭** : અને દિલમાં જાત જાતની આશાઓ અને વસવસાઓ નાખે છે, જેથી માણસ ભટકી જાય.

**૨૩૮** : કે જે વસ્તુના નફા અને ફાયદાની આશા અપાવે છે, વાસ્તવમાં તેમાં સખ્ત નુકસાન અને ખોટ હોય છે.

**૨૩૯** : જે તમે વિચારી રાખ્યા છે કે મૂર્તિઓ તમને ફાયદો પહોંચાડશે.

**૨૪૦** : જેઓ કહે છે કે અમે અલ્લાહના પુત્રો અને પ્રિય છીએ, અને અમને આગ અમુક દિવસોથી વધારે નહીં સળગાવે. યહૂદીઓ અને નસરાનીઓનો એ ખ્યાલ પણ મુશરિકો (ના ખ્યાલ)ની જેમ અસત્ય છે.

**૨૪૧** : તે મુશ્રિકોમાંનો હોય કે યહૂદીઓ અથવા નસારામાંનો.

**૨૪૨** : આ સજાના સમાચાર કાફિરો માટે છે.

# ૨૦૨૦નું વર્ષ

**આપણને ઘણુ બધુ શીખવી ગયું !**

**અઝ : હઝરત મૌલાના મુહમ્મદશાકિર નૂરી રઝવી**
*(અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી)*
**અનુવાદક : હાફિઝ મુહમ્મદસજ્જાદ શબ્બીર પટેલ**
*(ઈંગ્લિશ/કોમ્પ્યુટર ટીચર, દારુલ ઉલૂમ ગુલશને અજમેર–ભરૂચ)*

૨૦૨૦ આખી દુનિયા માટે દુઃખ દર્દ અને કસૌટી તથા આઝમાઈશનું વર્ષ રહ્યું. આ વરસે લોકોના જીવનને વિખેરી નાખ્યું. આર્થિક રીતે તો દરેકને પરેશાનીનો સામનો કરવો પડયો પરંતુ સૌથી વધારે અસર ગરીબ લોકો પર પડી. સામાન્ય વર્ગ પણ ખૂબ જ પરેશાન જોવા મળ્યો, પરંતુ આ વર્ગ પરેશાની હોવા છતાં પણ કલ્યાણ અને સામાજિક કામોમાં આગળ આગળ જોવા મળ્યો. તદ્ઉપરાંત ઘણા બધા આપણા ભાઈઓ ઉલમાએ કિરામ અને મશાઈખે કિરામ સહિત આપણને છોડીને અલવિદા કહી ગયા. અને ઘણા બધા લોકો વિવિધ પરેશાનીઓમાં સપડાયને તંગીવાળી જિંદગી તથા ડિપ્રેશનના શિકાર થઈ ગયા. અલ્બત્ત આ વર્ષ આપણને ઘણુ બધુ શીખવીને ગયું. આપણે અહીંયા કેટલીક કડવી બાબતોનું વર્ણન કરીશું અને તેનાથી હાંસલ થનારા સબકોનું વર્ણન કરીશું જેથી તેના પ્રકાશમાં આવનારી જિંદગી જીવવાની કોશિશ કરીએ.

આમ તો લોકડાઉનના કારણે આખી દુનિયા થપ થઈ ગઈ હતી જેણે દુનિયાવી રીતે દરેક ઈન્સાનને બેહાલ કરી દીધો હતો. ફકત આ જ નહીં પરંતુ મુસલમાનો માટે અલ્લાહનું ઘર બંધ થઈ જવું, હરમૈન

તૈયેબૈનની હાજરીથી લઈને હજજના ફર્ઝની અદાયગી પર પણ પાબંદી લાગી જવું, આ કોઈ મુસલમાનની કલ્પનામાં પણ નહીં હોય ! પરંતુ આ વર્ષે આમ થયું. આનાથી આપણને એ બોધ મળે છે કે કિંમતી સમયને ગનીમત સમજીને અલ્લાહની બારગાહમાં વારંવાર હાજર થવું જોઈએ. કેમ કે કાદિરે મુત્લક્ના ભવિષ્યના ફૈસલાઓની આપણને ખબર નથી. યાદ રાખો, દરેક આવવાવાળો દિવસ ક્યામતથી નજીક થવા આવવાનો છે, એટલા માટે આપણે નેકીમાં જલ્દી કરવી જોઈએ અને ટાળમટોળથી દૂર રહેવું જોઈએ. અલ્લાહના ઘરને આબાદ કરી તેની ખુશનુદી હાંસલ કરવી જોઈએ.

લોકડાઉનના સમયમાં જોવામાં આવ્યું કે મૈયતને દફનાવવાથી લઈને જનાઝાની નમાઝમાં થોડા જ લોકોને છૂટ હતી. આપણે જોયું કે ઘણા દીકરાઓ પોતાના પિતાને અને ઘણા પિતાઓ પોતાના દીકરાઓને ખાંધ આપવા અને છેલ્લે જોવાથી પણ વંચિત રહ્યા. આનાથી આપણને એ સબક્ મળ્યો કે વાલિદૈનની જેટલી વધારે થઈ શકે આજથી જ ખિદમત કરીએ અને દરેક મો'મિન બંદો આખેરતની તૈયારીમાં લાગેલો રહે કેમ કે આપણને ખબર નથી કે તેની પુકાર પર ક્યારે લબ્બૈક કહેવું પડે.

નિકાહના પ્રસંગમાં પણ ઓછા લોકોને પરવાનગી હતી. **જે લોકો અલ્લાહ, રસૂલ અને ઉલ્માની હિદાયત પર અમલ ન કરીને શાદીઓ ખૂબ જ મોટી કરતા હતા. મોટી મોટી બારાતો, બારાતીઓ માટે વિવિધ પ્રકારની વાનગીઓ અને વિવિધ જરૂરત વગરની રસમોની વ્યવસ્થા કરતા હતા. તેમણે લોકડાઉનમાં હુકૂમતની પાબંદી પર સાદગીથી શાદીઓ કરી !** આ મારા રબનો ખાસ કરમ છે કે તેણે આ દુનિયાને સાદગી સાથે શાદીના પ્રોગ્રામો કરવા મજબૂર કરી દીધા. કાશ ! કે આપણે ખુશીભેર અલ્લાહ અને રસૂલનાં ફર્માનો પર અમલ કરતા ! અલ્લાહના રસૂલે એ શાદીમાં બરકતની દુઆ કરી જેમાં ખર્ચ ઓછો હોય.

મસ્જિદના ઈમામો, મુદર્રિસો અને મુઅઝ્ઝિન તથા ખાદિમોએ પોતાની કમાઈનો ઝરિયો ફકત મસ્જિદો અને મદ્રસાને ન બનાવવા જોઈએ, પરંતુ અલ્લાહ તૌફીક્ આપે તો કમાઈનો બીજો પણ કોઈ ઝરીયો બનાવવો જોઈએ, જેમ કે આપણા અસ્લાફે કિરામ (પૂર્વજ બુઝુર્ગો)નો તરીક્ો રહ્યો.

આ વરસે આપણને એ પણ સબક્ આપ્યો કે આધુનિક ટેક્નોલોજીથી માહિતગાર હોવુ આપણા અને આપણા વિદ્યાર્થીઓ માટે કેટલુ જરૂરી છે, જેથી આ હાલતમાં પણ તા'લીમ અને તર્બિયતનો માહોલ કાયમ રાખી શકાય.

૨૦૨૦ના વર્ષે આપણને એ સબક્ પણ આપ્યો કે આપણી કમાઈનો કેટલોક ભાગ બચાવીને રાખવો જોઈએ કે ક્યારે કેવા સંજોગો પેદા થઈ જાય એ આપણને ખબર નથી. મેં ઘણા ખુશહાલ લોકોને લોકડાઉનમાં પરેશાન જોયા છે. ક્નાઅત (થોડામાં રાજી) સાથે જિંદગી પસાર કરવી પણ અલ્લાહ અને રસૂલના ઈર્શાદોથી છે. આપણે આ ઈર્શાદો પર સખ્તીથી અમલ કરવો જોઈએ. અલ્લાહ તઆલા આપણા બધાને તૌફીક્ આપે.

હવે આપણે ૨૦૨૧માં શ્વાસ લઈ રહ્યા છીએ તો ઉમ્મીદ છે કે આ વર્ષે આપણે ખુશીઓ મેળવી શકીશું. આર્થિક રીતે દેશ સદ્ધર થશે. જે કાંઈ પણ નુકસાન થયું છે ૨૦૨૧માં તે મેળવી લઈશું. આપણને અલ્લાહની જાતથી ઉમ્મીદ છે કે ૨૦૨૧નું વર્ષ આપણા માટે ખૈર અને બરકતોનો ઝરીયો બનશે.

*(સુન્ની દા'વતે ઈસ્લામી મંથલી, જાન્યુ. ૨૦૨૧)*

# દર્સે હદીષે પાક

## મિર્અતુલ મનાજીહ તર્જુમએ મિશ્કાતુલ મસાબીહ

## એટલે મિર્આત (ઉર્દૂ) શરહે મિશ્કાત

**અઝ** : હકીમુલ ઉમ્મત હઝરત મુફ્તી અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની علیہ الرحمۃ والرضوان

*હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે ફર્માવે છે મેં નબી કરીમ ﷺને ફર્માવતાં સાંભળ્યા કે જે મારી આ મસ્જિદમાં આવે પણ ન આવે કેવળ ભલાઈ શીખવા અથવા શીખવવા, તો તે ગાઝી ફી સબીલિલ્લાહના દરજ્જે છે.[૧] અને જે એના સિવાય કોઈ કામના માટે આવે તે શખ્સની જેમ છે જે બીજાનો માલ તાકે[૨] (ઈબ્ને માજહ) અને બયહક઼ીએ શોઅબુલ ઈમાનમાં.*

**૧.** એટલે કે મસ્જિદે નબવી શરીફમાં ઈલ્મે દીન શીખવું શીખવવું અન્ય જગાએ શીખવા શીખવાડવાથી અફઝલ છે, જેવી રીતે અહીંની એક નમાઝ પચાસ હજારના બરાબર છે, એવી જ રીતે અહીં એક સબક પઢવું પઢાવવું પચાસ હજાર સબક઼ોના બરાબર છે, હુઝૂર ﷺની નિકટતાની બરકતના કારણે. એટલા માટે અમુક ઉલમા મસ્જિદે નબવી શરીફમાં વઅઝ કહેવાની તથા દર્સ આપવાની કોશિશ કરતા રહે છે. આ પરથી જાણવા મળ્યું કે **મસ્જિદોમાં ઈલ્મે દીનના મદ્રસા જાઈઝ છે.** ઈમામ બુખારીએ **હરમ શરીફમાં બુખારી લખી.**

**૨.** જેવી રીતે એ તાકનારો ભલાઈથી મેહરૂમ છે એવી જ રીતે આ ભલાઈથી મેહરૂમ છે. યાદ રાખશો કે અહીં ખયરથી મુરાદ કોઈ દુનિયવી કામ છે. એટલે કે જે મસ્જિદે નબવી શરીફમાં ફક્ત ઈમારત કે રોનક જોવા માટે જાય, કોઈ ઈબાદતની નિય્યત ન કરે તે ઘણો જ બદનસીબ છે. આ ગૈરથી મુરાદ હુઝૂર ﷺનો દીદાર નથી કે એ તો ત્યાંની હાજરીનો મૂળ હેતુ છે. યાદ રાખશો કે હાજી હુઝૂર ﷺની ઝિયારતની નિય્યતથી મદીના મુનવ્વરા જાય એના પર શફાઅતનો વાયદો છે કે مَنْ زَارَ قَبْرِیْ وَجَبَتْ لَہٗ شَفَاعَتِیْ જે બદનસીબ કેવળ તે મસ્જિદ જોવા જાય તે આ શફાઅતથી મેહરૂમ છે. જેથી આ હદીષ તેમની દલીલ નથી તથા આપણી વિરૂધ્ધ પણ નથી.

*હઝરત હસનથી મુરસલન રિવાયત કરી છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, લોકો પર એક જમાનો એવો આવશે કે તેમની દુનિયવી વાતો મસ્જિદોમાં થશે, તમો એમનામાં ન બેસશો.[૧] એવાઓની અલ્લાહને જરૂરત નથી.[૨] (બયહક઼ી શોઅબુલ ઈમાન)*

**૧.** ઉલમા ફર્માવે છે કે **મસ્જિદમાં દુનિયવી જાઈઝ વાતો પણ નેકીઓ બર્બાદ કરી દે છે.** દુનિયાની શરતથી જાણવા મળ્યું કે ત્યાં દીની વાતો જાઈઝ છે.

**૨.** એટલે કે અલ્લાહ એમના પર કરમ ન કરશે, નહીં તો રબને કોઈ બંદાની જરૂરત નથી, તે જરૂરતોથી પાક છે.

*હઝરત સાઈબ ઈબ્ને યઝીદથી[૧] રિવાયત છે. ફર્માવે છે કે હું મસ્જિદમાં સૂઈ રહ્યો હતો કે કોઈએ મને*

*કાંકરી મારી. મેં જોયું તો હઝરત ઉમર ફારૂક હતા.[૨] ફર્માવ્યું, જાવ ! એ બંનેવને મારી પાસે લઈ આવો. તે બંનેવને લઈને આવ્યો. ફર્માવ્યું, તમે લોકો કોણ છો અથવા ક્યાંથી આવ્યા છો ? બોલ્યા, અમે તાઈફવાળા છીએ. ફર્માવ્યું, જો તમે મદીનાવાળાઓમાંથી હોત તો હું તમને સજા આપત.[3] રસૂલુલ્લાહ ﷺની મસ્જિદમાં અવાજો ઊંચા કરો છો ?![૪] (બુખારી)*

**૧.** આપ ખૂબ ઓછી વયના સહાબી છે. પોતાના પિતાની સાથે હજ્જતુલ વિદાઅમાં હુઝૂર ﷺની ખિદમતે અક્દસમાં હાજર થયા. એ વખતે આપની ઉમર સાત વરસની હતી.

**૨.** હઝરત સાઈબનું મસ્જિદે નબવીમાં સૂવું ક્યાં તો એના લીધે હતું કે આપ મુસાફિર હતા અથવા એ'તેકાફની નિયત કરીને સૂતા હતા અથવા આપ જાઈઝ સમજતા હતા. અમુક ઉલમા મસ્જિદમાં સૂવાને મકરૂહ કહે છે, અમુક વિના કરાહતે જાઈઝ કહે છે. હઝરત ફારૂકે આ'ઝમ رضی اللہ عنہએ મસ્જિદે પાકનો એહતરામ કરતાં તેમને અવાજ આપીને જગાડયા.

**૩.** મસ્જિદે નબવીમાં ઊંચા અવાજે વાતો કરવા પર. કેમ કે મદીનાવાળા અહીંના નિયમોથી વાકેફ છે, તમે લોકો પરદેશી છો જેથી મસાઈલથી પૂરા વાકેફ નથી. આ પરથી જાણવા મળ્યું કે હાકિમ ગુનાહે સગીરા પર પણ શિક્ષા રૂપે સજા આપી શકે છે. તેમજ જ્યાં ઈલ્મની રોશની ઓછી પહોંચી હોય અથવા તદ્દન ન પહોંચી હોય ત્યાંના લોકોને બેઈલ્મી પર મઅઝૂર રાખવામાં આવી શકે છે, નહીં તો બેઈલ્મી એ કોઈ બહાનુ નથી. યાદ રાખશો કે તાઈફ હિજાઝનું મશહૂર શહેર છે. મક્કા મોઅઝ્ઝમાથી ત્રણ મંઝિલ દૂર છે. સૈયદના અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماનું મઝારે પુર અન્વર ત્યાં છે. ફકીરે (લેખકે) ઝિયારત કરી છે.

**૪.** મિર્કાતે ફર્માવ્યું કે મસ્જિદે નબવીની હુર્મત બીજી મસ્જિદોથી વધુ છે, કેમ કે હુઝૂર ﷺ પોતાની કબ્ર શરીફમાં ઝિંદા છે. ત્યાં હુઝૂર ﷺનો દરબાર છે જેથી તેની અદબ થવી જોઈએ. તે લોકો દુનિયવી વાતો ઊંચા અવાજે કરી રહ્યા હતા, નહીં તો મસ્જિદમાં દર્સ, તદરીસ, ઝિક્રુલ્લાહ, નઅત શરીફ વગેરે મોટા અવાજે કરી શકીએ છીએ, જ્યારે કે નમાઝીઓને તકલીફ ન થાય.

*હઝરત માલિક رضی اللہ عنہથી રિવાયત છે ફર્માવે છે કે હઝરત ઉમર رضی اللہ عنہએ મસ્જિદના ખૂણામાં ચબૂતરો બનાવ્યો હતો જેને બતહા[૧] કહેવામાં આવતો હતો. અને ફર્માવ્યું, જે વાતો કરવા અથવા શેઅર પઢવા અથવા શોર કરવા ચાહે તે આ ચબૂતરા તરફ ચાલ્યો જાય[૨]. (મોઅત્તા ઈમામ માલિક)*

**૧.** કેમ કે એનું ફર્શ બજરીનું હતું. બતહાનો અર્થ કાંકરીવાળી જમીન. એ જગા મસ્જિદના ખારજી (બાહ્ય) હિસ્સામાં હતી ન કે અંદરના હિસ્સામાં, નહીં તો એના આદાબ (નિયમો) પણ મસ્જિદ જેવા હોત.

**૨.** શેઅરથી મુરાદ દુનિયવી શેઅરો, શોરથી મુરાદ પણ દુનિયવી વાતો મોટા અવાજે કરવું છે. નહીં તો નઅત શરીફ, ઝિક્ર જોરથી કરવું મસ્જિદમાં જાઈઝ છે. નબી અને સહાબાએ કિરામ દરેક ફર્ઝ નમાઝ બાદ ખૂબ ઊંચા અવાજે ઝિક્રુલ્લાહ કરતા હતા.

# હદાઈકે બખ્શિશ

અઝ : આ'લા હઝરત
ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ
:: શરહકર્તા ::
મૌલાના ગુલામહસન કાદરી (લાહોર)
:: અનુવાદક તથા સંપાદક ::
પટેલ શબ્બીર અલી રઝવી

**ભીની સુહાની સુબ્હમેં ઠંડક જિગરકી હૈ**
**કલિયાં ખિલીં દિલોંકી હવા યહ કિધરકી હૈ**

*(ભીની = હલકી હલકી, સુહાની = ખુશ ગવાર અને મન મોહક)*

**અર્થાત** : યા ખુદા ! આ પુર કૈફ, ભીની ભીની, ખુશબોદાર તથા ઉમદા મન મોહક હવા કઈ જન્નતથી આવી રહી છે જેનાથી જિગરને ઠંડક તથા રૂહને તાજગી નસીબ થઈ રહી છે ! દિલોની બંધ કળીઓ ખીલી ઉઠી છે અને સીનો મદીના બનતો જઈ રહ્યો છે. યકીનન ! એ મદીનાના મહબૂબ ﷺના ગુંબદને અડકીને આવી રહી છે.

**ખબતી હૂઈ નઝરમેં અદા કિસ સહરકી હૈ**
**ચુભતી હૂઈ જિગરમેં સદા કિસ ગજર કી હૈ**

*(ખબતી = ચૂભતી, નજરમાં બેસવું, ગમવું. ગજર = એલાર્મ)*

**અર્થાત** : હે રબ ! આ કેવી સુબ્હ સાદિક તૂલૂઅ થઈ રહી છે કે જેની દિલનવાઝ અદા દિલની દુનિયાને આબાદ કરી રહી છે. અને આ કયા ઘડિયાળનો અવાજ છે જે સીધો આવીને અમારા દિલોને ચૂભી રહ્યો છે. યકીનન ! આ સહર (સવાર) તયબહની સવાર છે અને આ સદા (અવાજ) સદાએ ગુંબદે ખઝરા છે સહરથી સહરીનો સમય, અને ''ખબતા''ની મુનાસિબતથી જાદૂઈ અસર, જ્યારે કે સદા કેવળ અવાજના અર્થમાં જેમ કે ઘડિયાળ તથા ગુંજ પણ મુરાદ થઈ શકે છે, જે આશિકાને મુસ્તફા (ﷺ)ની યા રસૂલલ્લાહ ! (ﷺ)ની સદાઓથી જે ગુંબદે ખઝરા સાથે ટકરાયને પેદા થાય છે. સારાંશ કે શેઅરમાં હકીકત તથા મજાઝ એટલે સામાન્યપણે મજાઝનું ખૂબ જ સરસ સંગમ છે જે આ'લા હઝરતનો જ લાજવાબ કમાલ અને અજોડ હુસ્નો જમાલ છે.

**ડાલેં હરી ભરી હૈં તો બાલેં ભરી ભરી**
**કિશ્તે અમલ પરી હૈ યે બારિશ કિધરકી હૈ**

*(કિશ્તે અમલ = ઉમ્મીદની ખેતી)*

**અર્થાત** : યા અલ્લાહ ! આ કઈ ઋતુનો વરસાદ વરસ્યો છે કે જેનાથી દરેક ઝાડની દરેક ડાળી જન્નતના બાગોના નમૂના પેશ કરી રહી છે અને ચો તરફ હરીયાળી જ હરીયાળી અને લીલુછમ જોવા મળે છે અને ઝાડોની ડાળીઓ અને અનાજ સીઝનના ગુચ્છાઓ (ડુંડાઓ) ફળો તથા દાણાઓથી લદાયેલા છે. અને જમીનની તરફ ઝુકીને (તાજદારે મદીના)ને સવારની સલામ પેશ કરી રહ્યા છે અને અમારી આરઝૂઓની ખેતી (અમારા આંસુઓનાં

પાણી આપ્યા વિના) જન્નતની હૂર જણાય રહી છે. એટલે કે વિના માગ્યે તમન્નાઓ પૂરી થઈ રહી છે. યક઼ીનન ! હે અલ્લાહ ! આ તારા રહમતુલ્ લિલ્ આલમીનની રહમતની વર્ષા જ હોય શકે છે.

**હમ જાએઁ ઔર ક઼દમ સે લિપટકર હરમ કહે**
**સૌંપા ખુદાકો તુઝકો યહ અઝમત સફરકી હૈ**

**અર્થાત :** અમે જ્યારે મક્કા શરીફથી મદીના શરીફ જવાનો ઈરાદો કર્યો તો મક્કાના હરમે અમારા ક઼દમોથી લપેટાઈને અમને મુબારકબાદ આપી અને આ શબ્દોમાં વિદાય આપી : હે મને આબાદ કરવાવાળાના ખુશ નસીબ ઉમ્મતીઓ ! જાવ ! ખુદા તમારી ખબર કરે (હિફાઝત કરે) ખૂબ જ મુબારક સફરનો તમે ઈરાદો કરી રાખ્યો છે અને જો ખુદા તૌફીક઼ આપે તો મારી આંખો વડે મારા પ્યારાનો રોઝો જુઓ.

રિવાયતોમાં આવ્યું છે કે કા'બા મોઅઝ્ઝમા ક઼યામતના દિવસે અલ્લાહ તઆલાથી હુઝૂર ﷺની ઝિયારતની દરખાસ્ત કરશે. هل جزاء الاحسان الا الاحسان "દુનિયામાં હુઝૂર ﷺએ મારી ઝિયારત કરી, આજે હું એમની કરું છું" જેથી કા'બાને દુલ્હનની જેમ સજાવવામાં આવશે અને મેહશરના મેદાનમાં લાવવામાં આવશે તો હુઝૂર ﷺની બારગાહમાં કા'બા શરીફ અર્ઝ કરશે, અસ્સલામુ અલૈક યા મુહમ્મદ ! (ﷺ) હુઝૂર ﷺ ફર્માવે છે, હું જવાબ આપીશ, વઅલૈકસ્સલામ ! યા બયતુલ્લાહ ! પછી કા'બા કહેશે, તમે તમારા ઉમ્મતીઓની ફિકર ન કરશો ! જેમણે મારો તવાફ કર્યો, અને જે ઘરેથી મારી ઝિયારત માટે તો નીકળ્યો પણ પહોંચી ન શકયો, અને જેણે મારી ઝિયારતની તમન્ના પણ કરી, હું એ સૌની શફાઅત કરીશ. *(કિતાબ : શરફે મુસ્તફા ﷺ, અલ્લામા અબ્દુર્રહમાન સફૂરી, તફસીરે અઝીઝી, સૂરએ બક઼રહ, પેજ–૪૬૩, શાહ અબ્દુલ અઝીઝ મુહદ્દિષ દહેલ્વી)*

*ક્યૂં હશ્રમેં બિગળી હૂઈ હાલત હોગી–કબ ઉનકે ગુલામોં પે ક઼યામત હોગી*
*ક્યા ખૌફ કરેં નારે જહન્નમસે 'જમીલ'–હમ પર તો વહાં નબીકી રહમત હોગી*

**હમ ગિર્દે કા'બા ફિરતે કલ તક ઔર આજ વો**
**હમ પર નિષાર હૈ યહ ઈરાદત કિધર કી હૈ**

**અર્થાત :** યા અલ્લાહ ! આ કેવો ઈન્કિ઼લાબ આવી ગયો છે કે કાલ સુધી તો અમે કા'બાની આસપાસ ફેરા મારતા રહ્યા અને આજે જેવો મદીના જવાનો ઈરાદો કર્યો છે તો કા'બા અમારા પર મહેરબાન થઈને રહ્યો છે ?! યક઼ીનન ! જે બારગાહનો અમે ઈરાદો કરી રાખ્યો છે એ કોઈ કા'બાથી અફઝલ જ બારગાહ હોઈ શકે છે.

યાદ રાખશો કે આ વિષયે વર્ણન પહેલાં પણ ગુજરી ચૂક્યું છે પણ અહીં ઉમેરા સાથે છે. એક ઈમાનવાળાની અઝમત કા'બા કરતાં વધુ હોવાનું હદીષમાં છે અને હુઝૂર ﷺએ ખુદ વર્ણવ્યું છે. જેમ કે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما ફર્માવે છે કે એક દિવસે હુઝૂર ﷺએ કા'બાને જોઈને ફર્માવ્યું :–

ما اظمک و ما اعظم حرمتک و المومن اعظم حرمة عند اللّٰه منه *(તિર્મિઝી શરીફ, ૨/૨૪)*

એ જ પ્રમાણે ઈબ્ને માજહ શરીફની હદીષમાં છે કે હુઝૂર ﷺએ કા'બાનો તવાફ કરતાં ફર્માવ્યું :

ما طیبک و اطیب ریحک و اعظم حرمتک و الذی نفس محمد بیدہ لحرمة المومن اعظم عند اللّٰه۔ حرمة منک

"હે કા'બા તારી કેટલી શાન છે અને તારી હવા કેટલી પાકીઝા છે, પરંતું એ જાતની ક઼સમ ! જેના કબજામાં

મારી જાન છે મારી ઉમ્મતના એક મો'મિનની હુર્મત તથા ઈજ્જત અલ્લાહને ત્યાં તારા કરતાં કેટલાય ગણી અધિક છે." *(ભાવાર્થ રજૂ કર્યો, પેજ–૨૮૦)* અને હઝરત રાબિઆ બસરિયહ (ઉમ્મતે મુસ્તફાની વલિય્યહ)ના સ્વાગત માટે કા'બાનું જવું કેટલીય કિતાબોથી સાબિત છે. *(તઝકેરતુલ અવલિયા, પેજ–૫૪, અનીસુલ અરવાહ, પેજ–૧૧૧, હફ્ત રોઝા–ચટ્ટાન, પેજ ૧૩–૨૬, માહનામા સૂફી–લાહોર, જુલાઈ–૧૯૧૩)*

અને એનું શક્ય હોવું કે કા'બા કોઈના સ્વાગત માટે જઈ શકે છે, એ ફતાવા દેવબંદમાં વર્ણવેલુ છે. જેવું કે હઝરત ઈબ્રાહીમ ઈબ્ને અદહમ عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ રાજગાદી છોડીને ફકીરીમાં આવ્યા તો કા'બા જવા માટે એટલા પ્રમાણમાં વ્યવસ્થા કરી કે દરેક કદમ પર બે રકાત નફલ પઢવાનું શરૂ કરી દીધું. જ્યારે કેટલાય વરસો પછી મક્કા પહોંચ્યા તો ત્યાં કા'બાને જ ન પામ્યો. ખયાલ આવ્યો કે કદાચ મારી નિગાહોમાં ખરાબી આવી છે તો તરત જ ઈલ્હામ થયો કે આપની નિગાહમાં કોઈ ખરાબી નથી, અસલમાં કા'બા આજે મારી એક નેક બંદી (રાબિઆ બસરિયહ)ના સ્વાગત માટે ગયેલો છે. તો આપને ખૂબ જ આશ્ચર્ય થયું અને હવે કા'બાના બદલે રાબિઆની ઝિયારતના માટે રવાના થઈ ગયા. જોયું તો એક વૃધ્ધા સ્ત્રી ભરપુર આજીજીની સાથે આવી રહી છે અને એની સાથે કા'બાની પણ ઝિયારત થઈ ગઈ. હઝરત ઈબ્રાહીમે ફર્માવ્યું, અરે ! આ તેં શું હંગામો ખડો કરી રાખ્યો છે ! શું દેખાડે છે કે કા'બા પણ મારા સ્વાગત માટે આવે છે ?! રાબિઆ બસરિયહએ જવાબ આપ્યો કે આ તેં શું શોર મચાવી રાખ્યો છે અને કદમ કદમ પર નફ્લ પઢીને કા'બા આવ્યો છે ?! વાત અસલમાં એ છે કે તમે તમારી મંઝિલને ઈબાદતના જોર પર પસાર કરી છે, અને મેં મારા રબની બારગાહમાં નિયાઝમંદીનું નઝરાણુ પેશ કર્યું છે.

**કાલિક જબીંકી સજદએ દરસે છુળાઓગે**
**મુઝકો ભી લે ચલો યહ તમન્ના હજરકી હૈ**

*(કાલિકે જબીં = પેશાનીની કાળાશ. હજર = હજરે અસ્વદ)*

**અર્થાત** : હજરે અસ્વદ અમને કહી રહ્યો હતો કે હે મદીનાના ઝાઈરો ! મને પણ મદીના સાથે લઈ ચાલો કે જેથી એમના દર પર તમારી જેમ સજદો કરીને પોતાની પેશાનીની કાળાશ દૂર કરી લઉં અને એકવાર ફરીથી પહેલાંની જેમ રોશન તથા મુનવ્વર થઈ જાઉં.

હદીષમાં જે આવ્યું છે કે આપ ﷺએ ફર્માવ્યું, હું એ પથ્થરને આજે પણ ઓળખુ છું. کان یسلم علی قبل ان ابعث "જે મારા એલાને નબુવ્વત પહેલાં મારા પર સલામ પઢતો હતો." *(મુસ્લિમ શરીફ)* નસીમુર્રિયાઝમાં છે, તે હજરે અસ્વદ હતો. *(પેજ–૬૭, ભાગ–૩)*

અને તફસીરે મઝહરીમાં આયત اللہ نور السموت و الارض હેઠળ લખ્યું છે કે જ્યારે હઝરત હલીમા સઅદિયહ હુઝૂર ﷺને લઈને શુક્રાનાનો તવાફ શરૂ કરતાં પહેલાં હજરે અસ્વદને બોસો આપવા માટે હુઝૂર ﷺને ગોદમાં લઈને નજીક થયાં તો હજરે અસ્વદે પોતાની જગાએથી નીકળીને હુઝૂર ﷺને ચૂમવાનું શરૂ કરી દીધું. *(પેજ–૨૮, ભાગ–૬)*

**ડૂબા હુવા હૈ શૌક઼મેં ઝમઝમ ઔર આંખસે**
**ઝાલે બરસ રહે હૈં યહ હસ્રત કિધરકી હૈ**

*(ઝાલે = તેજ વરસાદ. હસ્રત = આરઝૂ)*

**અર્થાત** : આબે ઝમઝમ શરીફ પોકારી રહ્યું છે કે હે મદીનાના ઝાઈરો ! જે પ્યારા ઈસ્માઈલ علیہ السلامની

એડીની રગળથી હું વહેતું થયું. આજે તમે એવી હસ્તીના દરબારમાં જઈ રહ્યા છો કે જેના નૂરે, ઈસ્માઈલ علیہ السلامની ગરદન પર છરી ન ચાલવા દીધી. કાશ ! હું પણ તમારી સાથે જાત ! અને આ જ આરઝૂમાં ઝમઝમ તેજ વરસાદની જેમ આંસુ વહાવી રહેલ છે અને કયામત સુધી વહાવતુ રહેશે. ઝમઝમના ઝરણાના વહેવાને આંસુ વહેવું ઠરાવ્યું અને તે પણ ભાદરવા મહિનાની જેમ તેજ વર્ષાની જેમ ! કેવી સરખામણી છે ?!

**બરસાકે જાનેવાલોં પે ગૌહર કરું નિષાર**
**અબરે કરમ સે અર્ઝ યહ મીઝાબે ઝર કી હૈ**

*(ગૌહર = મોતી. મીઝાબે ઝર = સોનાનુ પરનાલુ)*

**અર્થાત :** મીઝાબે રહમત બારગાહે ખાલિકે રહમતમાં અરજ કરી રહ્યું છે કે હે માલિક તથા મૌલા ! જરા વરસાદ વરસાવ ! જેથી રહમતુલ્ લિલ્આલમીનની બારગાહમાં હાજરીની નિય્યતથી જનારાઓ પર તારી રહમતનાં મોતી (પાણીના ટીપાંઓ મોતીઓના રૂપમાં) કુર્બાન કરું, કેમ કે જે મદીના શહેર એઓ જઈ રહ્યા છે :

*ઉસ શહર કે ઝર્રે હૈં માહો મહરસે બળ્હકર–જિસ શહરમેં અલ્લાહ કે મહબૂબકા ઘર હૈ*

**આગોશે શૌક઼ ખોલે હૈં જિનકે લિએ હતીમ**
**વો ફિરકે દેખતે નહીં યહ ધુન કિધરકી હૈ**

**અર્થાત :** (હતીમ જે કા'બાનો જ હિસ્સો છે એની ગોલાઈને ગોદ સાથે સરખાવીને આ'લા હઝરત ફર્માવે છે) હતીમે પોતાની રહમતની ગોદ ખોલી રાખી છે અને લોકોને બોલાવી રહી છે કે મારી આગોશ (ગોદ)માં આવી જાવ ! પરંતું યા અલ્લાહ ! આ મદીનાના ઝાઈરો પર ક્યાં જવાની ધુન સવાર છે અને કયો ઉમંગ ચઢેલો છે કે તેઓ હતીમની આ પેશ કશ તરફ ધ્યાનિત જ નથી થતા અને મદીના મદીના કહેતા જઈ રહ્યા છે.

*કિસકા હૈ યહ દીવાના કિસકા હૈ યહ મસ્તાના–હશ્રમેં ભી કહતા હૈ જાના હૈ મદીનેમેં*

**હાં ! હાં ! રહે મદીના હૈ ગાફિલ ઝરા તૂ જાગ**
**ઓ પાઉં રખનેવાલે યહ જા ચશ્મો તરકી હૈ**

**અર્થાત :** (આ શેઅરમાં ઉપરવાળા શેરનો જવાબ છે કે) એ કોઈ મામૂલી જગા પર નથી જઈ રહ્યો, મદીનાના સફર પર જઈ રહ્યો છે અને હે જનારાઓ ! ગફલત છોડો અને ઈશ્કે રસૂલથી સરશાર (ચૂર) થઈને જાગીને ચાલો આ મદીનાની રાહ પગો વડે ચાલવાની રાહ નથી. ખુદા તૌફીક઼ આપે તો આંખોના વડે ચાલો ! માથાભેર ચાલો ! કેમ કે :–

*ઈસ રાહકે કંકર હૈં યહ બિખરે હૂએ તારે–યહ કહકશાં હૈ કે તેરી ગર્દે સફર હૈ*
*મૈં ગુંબદે ખદ્રાકી તરફ દેખ રહા હૂં–'કૌષર' મેરે નઝદીક યહ મેઅરાજ નઝર હૈ*

જુમુઆ શરીફ (કિતાબ : હિન્દીમાં, પેઈજ : ૯૨)
મુસન્નિફ : પીર સૈયદ હાજી દાદામિયાં શમ્સુદ્દીન કાદરી
હિંદી અનુવાદક : મુહમ્મદઅમીન ચોલા–જામનગર
નાશિર : અબ્દુલઅઝીઝ જમાલ મામદાણી, સંજરી બોરવેલ સ્ટોર્સ–જાલના (M.S.)
મોબાઈલ : ૯૮૬૦૦૦૭૮૬૯ / ૯૮૯૦૦૦૭૮૬૯
નોંધ : આ કિતાબ નાશિર (પ્રકાશક)ના સરનામેથી મફત મંગાવી શકો છો જેમાં હિંદીમાં જુમ્આના ફઝાઈલ, મસાઈલ તેમજ દુરૂદ શરીફ, ૪૦ રબ્બના, ફાતિહાનો તરીકો...વગેરે માહિતી છે.

# અસ્રારુલ અવલિયા

હપ્તો ૧૬

## હશ્ત બહિશ્ત

## મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત

(રહમતુલ્લાહિ તઆલા અલૈહિમ અજમઈન)

મલ્ફૂઝાતે ઝાહિદુલ અત્કિયા, સિરાજુલ અવલિયા હઝરત ખ્વાજા ફરીદુદ્દીન ગંજશકર મસઊદ અજોધની (પાકપટ્ટની) ચિશ્તી رحمۃ اللہ علیہ

સંપાદક : હઝરત ખ્વાજા બદર ઈસ્હાક رحمۃ اللہ علیہ

અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી

### ખિર્કાપોશ સૂફીઓની હાલતો તથા કૈફિયતો

હઝરત શયખુલ ઈસ્લામે વર્ણવ્યું કે એક દિવસે ખ્વાજા દાઊદ તાઈ رحمۃ اللہ علیہ બેઠેલા હતા. એક કુબા પોશ બુઝુર્ગ તેમની ઝિયારત તથા મુલાકાતના માટે તશરીફ લાવ્યા. માથુ ઝુકાવી લીધું અને બેસી ગયા. જ્યારે પણ ખ્વાજા બુઝુર્ગ તાઈ એ બુઝુર્ગને જોતા તો હસી પડતા. પછી હાજરજનોને સંબોધીને ફર્માવ્યું, ખિર્કાપોશ હઝરાતમાં જે નેઅમત હું શોધતો રહેતો હતો તે નેઅમત આ સાહબમાં મને મળી ગઈ. આ સ્થળે હઝરતની આંખોમાં આંસુ આવી ગયાં અને ફર્માવવા લાગ્યા, જે વખતે ખિર્કાપોશ હઝરાત સમઅના આલમમાં ખિર્કો ફાડી નાખે છે અને હક્કની દોસ્તી તથા મહોબ્બતના સમંદરમાં તરવા લાગે છે. હબીબના ઈશ્કમાં એવા ડૂબી જાય છે કે જિંદગીની અસરોનો એક રજકણ તેમનામાં મૌજૂદ નથી હોતો. મહોબ્બતની ભટ્ટીમાં એવા ઓગળી જાય છે કે તેમનું નામોનિશાન પણ પૃથ્વીના પટ પર બાકી નથી રહેતું. તે વખતે રશ્ક તથા ગૈરતની અતિશયતાને લીધે આ ખિર્કાપોશ દૂઈ (જુદાઈ)ના પર્દાને ફાડી નાખે છે. આ સાહિબે હાલ લોકો હોય છે કે જેઓ મહબૂબે હકીકીના ઈશ્કમાં ડૂબેલા હોય છે.

આ બે શેઅરો એક બુઝુર્ગના મને યાદ છે :

خرقہ پوشانِ محبت را دو تائی چاک زد

تا من اندر کوئے وصلت لرف یکتائی زدم

"મહોબ્બતના ખિર્કાપોશોએ દૂઈના ચાક કરી નાખ્યા, ત્યારે તો હું તારા વિસાલની ગલીમાં વહદતની વાતો કરી રહ્યો છું.

### ફકીરી તથા દુરવેશી

ત્યારબાદ શયખુલ ઈસ્લામે ફકીરી તથા દુરવેશીના બારામાં વર્ણન કર્યું. દુરવેશ તેને કહે છે જે દરરોજ મેળવેલાને સાંજ સુધીમાં ખર્ચ કરી દે, ત્યાં સુધી કે રાતના માટે કોઈ રકમ બાકી ન રહે. અને જો રાત છે તો દિવસના માટે કાંઈ બાકી ન રહે. સૌ અલ્લાહના માર્ગમાં ખર્ચ કરી દે. એવા લોકો દુરવેશ કહેવડાવવાને પાત્ર નથી હોતા જેઓ લંગોટી બાંધીને ચામડાની થેલી ગળામાં નાખીને ગલી ગલી રોટલીના બે ટુકડાઓના ખાતર ફરતા રહે છે અને પોતાના જેવા માણસોની સામે સવાલ માટે હાથ લંબાવતા રહે છે. બલ્કે એવા લોકો દુરવેશીનો સરમાયાએ નાઝ છે જેઓ પોતાની મસ્નદથી જુદા નથી થતા અને પાતળો લિબાસ પહેરે છે અને જે મૌજૂદ હોય તેનાથી ખાવા તૈયાર કરાવીને ખુદાના દરવેશોની તવાઝોઅ

(ખિદમત) કરે છે અને કાંઈ બચાવીને નથી રાખતા. જે મળે છે તેને આગળ પહોંચાડી આપે છે. એકવાર હઝરત ખ્વાજા બાયઝીદ رحمۃ اللہ علیہને લોકોએ પૂછયું કે હઝરત ! દુરવેશી કોને કહે છે ? આપે ફર્માવ્યું, જો અઢાર હજાર દુનિયાઓનું સોનુ ચાંદી દુરવેશના હાથમાં પકડાવી દેવામાં આવે તો તે બધું જ અલ્લાહ عزوجلની રાહમાં ખર્ચ કરી દે એને દુરવેશ કહે છે.

## દુરવેશનો મકૃામ

ફર્માવ્યું, દુરવેશના સિત્તેર હજાર મકૃામો છે. જ્યાં સુધી તે તેમાંથી પસાર ન થાય અને દરેક મકૃામથી ભરપુર લાભ હાંસલ ન કરી લે ત્યાં સુધી તેને દુરવેશ કહેવામાં નહીં આવે. કેમ કે કાઈનાતના પણ સિત્તેર હજાર આલમ છે. જ્યાં સુધી દુરવેશ તેમાંના દરેક આલમથી વાકેફિયત હાંસલ ન કરી શકે ત્યાં સુધી દુરવેશ નથી કહેવાય શકતો. તે દુરવેશ કહેવડાવવાનો કેવી રીતે હક્કૃદાર છે જેણે પેટ પાલવવા માટે દુરવેશીનો પોશાક ઓઢી રાખ્યો છે ?! દુરવેશને એ મકૃામોમાં દરેક જગાએ ખૌફ તથા રજા (ઉમ્મીદ)નો સામનો રહે છે. દરેક સ્થાને આઝમાઈશોની એક ભીડ તેના પર તૂટી પડે છે. જેથી દુરવેશની અડગતા તથા મજબૂતીની આઝમાઈશ કરે. જો તે રજમાત્ર અડગતાની હદથી હચમચ કરી બેસે તો એ મકૃામ તેની પાસેથી લઈ લેવામાં આવે છે અને તેને કાઢી નાખવામાં આવે છે. પણ તે દુરવેશ જે સબ્ર તથા અડગતાનું પ્રદર્શન કરે છે અને એ આઝમાઈશોથી ખુશ થાય છે તેની પ્રગતિ થાય છે. અને એનું કામ અઢાર હજાર દુનિયાઓમાંથી પસાર થઈને આલમે બાલા (ઉપરની દુનિયા)ની તરફ પ્રયાણ કરે છે. તો આવા પ્રકારના માણસને એહલે સુલૂકને ત્યાં દુરવેશ કહે છે. એ સિત્તેર હજાર મકૃામોમાંથી જ્યારે દુરવેશ પ્રથમ મકૃામથી પસાર થાય છે તો પોતે પોતાને અર્શે અઝીમની આસપાસ ઉભેલો જુએ છે. અર્શ મકીનોની સંગાથે નમાઝે પંજગાના અદા કરે છે. જ્યારે પરત થાય છે તો ખાનએ કાબામાં હોય છે. જ્યારે પરત પોતાની દુનિયામાં આવે છે તો એનો હાલ એ થાય છે કે તમામ કાઈનાતને પોતાની બે આંગળીઓ વચ્ચે મુશાહેદો કરે (જુએ) છે. આ હાલ તો પહેલા મકૃામનો છે પણ જ્યારે દુરવેશ સિત્તેર હજાર મકૃામોને પાર કરી લે છે તો એનો હાલ માણસના વહેમ તથા સમજથી દૂર છે. અને એમાં ઈશારો એ તરફ છે કે ગૈરતની ગુંજાઈશ બાકી નથી રહેતી. અને આ જ મકૃામ બંદા તથા મૌલાની વચ્ચે એક રાઝ છે જે રાઝને કોઈ અન્ય નથી જાણી શકતું. શયખુલ ઈસ્લામે આ ફર્માવ્યું, નારો માર્યો અને આ મષ્નવી ઈર્શાદ ફર્માવી :

چو درویش راکار بالا کشید۔ بیک لحظہ سرور کشید
چناں غرق گردد بدریائے عشق۔ کہ یک دم سراز عشق بالا کشید

''જ્યારે દુરવેશના અહવાલ પ્રગતિ પામ્યા તો પળમાં તેનો સામનો સુરૈયાથી બુલંદતર થઈ ગયો. પછી એક પળમાં સરે દરયાએ ઈશ્કૃથી બુલંદ કર્યો અને પરત તેની ગહરાઈઓમાં ખોવાય ગયો.

એકવાર હઝરત બાયઝીદ બુસ્તામી رحمۃ اللہ علیہ શૌકૃ તથા ઈશ્તિયાકૃમાં મશગૂલ હતા અને આંખોથી લોહી વહી રહ્યું હતું. જ્યારે આલમે સહ્વમાં આવ્યા તો ફર્માવ્યું, એ પળમાં મેં એક કૃદમ ઉઠાવ્યો હતો તો અર્શે અઝીમ પર પહોંચી ગયો. મેં અર્શને અવાજ આપ્યો. الرحمٰن علی العرش استوی (રહમાન અર્શ પર જલ્વા અફરોઝ છે) હે અર્શ ! ખબર પડી છે કે તે મહબૂબ તારા પર જલ્વા અફરોઝ છે. અર્શે જવાબ આપ્યો, હે બાયઝીદ ! વાત કહેવાને સ્થાન નથી. એ બેનિયાઝ, હકૃીકૃત મઆબ جل جلالہનો પતો તો તારા દિલના અર્શમાં બતાવવામાં આવે છે. આશ્ચર્યમાં છે કે મોટાભાગે આલમે મલકૂતના લોકો જમીનવાળાઓને ત્યાં એ

મહબૂબનો પતો બતાવે છે. અને મોટાભાગના જમીનવાળા આસ્માનવાળાઓથી તેની નિશાની પૂછે છે. આ વાતથી દુરવેશના મક઼ામ તથા મર્તબાના ઈઝહારનો હેતુ છે કે મર્દે દુરવેશ એક ક઼દમમાં અર્શે અઝીમથી બુલંદતર મક઼ામ પર પહોંચ હાંસલ કરી શકે છે.

એકવાર મારા ભાઈ શયખ જલાલુદ્દીન તબરેઝી એ બદાઉંના ક઼ાઝી નજમુદ્દીન શામીની પાસેથી પસાર થતાં પૂછયું કે ક઼ાઝી નજમુદ્દીન શું કરી રહ્યા છો ? લોકોએ કહ્યું કે નમાઝ પઢી રહ્યા છે. આપે પૂછયું કે શું એ નમાઝ પઢવાનું જાણે છે ? એ વાત ક઼ાઝી નજમુદ્દીને સાંભળી લીધી. તો શયખની પાસે આવ્યા અને કહ્યું, આપે આ શું વાત કરી છે ? હઝરત શયખે ફર્માવ્યું, મેં બરાબર વાત કહી છે. કેમ કે ઉલમાની નમાઝ ઔર છે અને ફક઼ીરોની નમાઝ ઔર છે. ક઼ાઝીએ પૂછયું, એ કેવી રીતે ? ફર્માવ્યું, ઉલમા જો કિ઼બ્લાને સામે ન રાખે તો તેમની નમાઝ નથી થતી. જો કિ઼બ્લાની જાણ ન થાય તો તેમનું દિલ કિ઼બ્લાની જે દિશા નિશ્ચિત કરી આપે એ તરફ ચહેરો કરીને નમાઝ અદા કરે છે, પરંતુ ફક઼ીરો જ્યાં સુધી અર્શે ઈલાહીને પોતાની સામે નથી પામતા ત્યાં સુધી નમાઝ અદા નથી કરતા. ક઼ાઝી નજમુદ્દીન પરત આવી ગયા. રાતે ક઼ાઝી સાહબે ખ્વાબમાં જોયું કે શયખ જલાલુદ્દીન તબરેઝી અર્શ પર જાનમાઝ બિછાવીને નમાઝ અદા કરી રહ્યા છે. આ મન્ઝરના પ્રભાવથી ક઼ાઝી સાહબ જાગી ગયા. શયખની ખિદમતમાં હાજર થયા, માફી ચાહી અને અર્ઝ કરી મારો કુસૂર માફ કરો. શયખે ફર્માવ્યું, હે નજમુદ્દીન ! એ મન્ઝર જે તેં જોયો કે જલાલુદ્દીન અર્શ પર નમાઝ અદા કરી રહ્યો છે એ દુરવેશોનો અદના તરીન મક઼ામ છે, દુરવેશે કામિલનો મક઼ામ તો એનાથી કેટલાયે ગણો વધીને છે. જો જાહેર કરું તો તું કાયમ ન રહી શકે, નૂરની શિદ્દતથી (તાપથી) હલાક થઈ જાય. *(ક્રમશઃ)*

## 'ડંકાની ચૌટ પર હક્ક઼ બાબતનું એલાન'

અભિપ્રાય

'બરકાતે ખ્વાજા' (માસિક) મઝહબી મુખપત્ર છેલ્લા ૧૭ ઉપરાંત વરસોથી સુન્નિયતની દીનો મઝહબની પ્રિન્ટ મિડિયા દ્વારા જબરદસ્ત ખિદમત અંજામ આપી રહેલ છે. મુસ્લિમ સમાજમાં સારા, ભલા વિવિધ સામાજિક પ્રસંગો પર તથા વિવિધ ધાર્મિક પ્રસંગો ઉપર શાદી, ગમીં, ઉર્સ, વિવિધ તહેવારો, મુહર્રમમાં તાઝિયાદારી.... વગેરે પ્રસંગો ઉપર શરીઅત વિરુદ્ધ કાર્યો થઈ રહ્યા છે અને ક્યાં બેફામ અને ફુઝૂલ ખર્ચાઓ થઈ રહ્યા છે. તે બાબતો ઉપર તેમજ પ્રવર્તમાન સમયમાં સાંપ્રત પ્રવાહને અનુરૂપ ઉપસ્થિત થતા કરંટ ઈસ્યુઝ પરના વિવિધ પ્રશ્નો, મસ્અલાઓ, "બરકાતે ખ્વાજા" (માસિક)માં કોલમ 'ગલત ફહમીઓ અને તેનો ઈલાજ' તેમજ 'તંત્રી લેખો' તેમજ અન્ય લેખોમાં ઉપરોક્ત બાબતે ડંકાની ચોટ પર હક્ક઼ બાબતો, કોઈની પણ શેહ શરમ રાખ્યા વિના નીડરતાથી લખવામાં આવે છે જે વાંચી વાંચકો અવામને સાચી, સહી, શરીઅત મુજબની જાણકારી મળે છે, અમલવારી કરે છે. ટૂંકા ગાળામાં આ દીની મુખપત્રએ સારી એવી લોહચાહના લોકપ્રિયતા મેળવેલ છે. જેનો સઘળો યશ તેના તંત્રી સાહેબ, સંચાલક મંડળ, લેખકો, દાતાઓને ફાળે જાય છે. તેઓ બધા યશના મુબારકબાદના મુસ્તહિક છે, અધિકારી છે.

સુંદર, સરાહની ય, પ્રશંનીય, અનુકરણીય દીની કામગીરી છે. જેની નોંધ બુદ્ધિજીવી વર્ગે લીધેલ જ છે. અંતમાં દુઆ છે કે આ સંસ્થા અને તેનું મુખપત્ર ઉત્તરોતર ઔર વધુ તરક્કી કરે, સફળતાનાં ઉચ્ચ શિખરો સર કરે તેવી હાર્દિક શુભેચ્છાઓ સાથે અહીં વિરમું છું. ફકત વસ્સલામ. આભાર.

*લિ. **હબીબભાઈ એ. તરકવાડીયા (બી.એ.)** મુ. જસદણ (જિ. રાજકોટ) મો. ૯૮૯૮૨૫૯૮૫૩*

# તઝકેરતુલ અવલિયા

## હઝરત બાયઝીદ બોસ્તામીના رحمۃ اللہ علیہ હાલાત તથા ખૂબીઓ

**હપ્તો 33**

**ઓળખ** : આપ ઘણા જ મહાન અવલિયા તથા મશાઈખે એઝામમાંથી થયા છે અને રિયાઝત તથા ઈબાદતના થકી કુર્બે ઈલાહી હાંસલ કર્યો. અને હદીષો બયાન કરવામાં આપને મહારત હાંસલ હતી. હઝરત જુનેદ બગદાદી رحمۃ اللہ علیہનો કૌલ છે કે હઝરત બાયઝીદ رحمۃ اللہ علیہને અવલિયામાં તે જ અગ્રસ્થાન હાંસલ છે જે હઝરત જિબ્રઈલ علیہ السلامને ફરિશ્તાઓમાં છે. અને મકામમાં તમામ બુઝુર્ગોની અંતિમ હદ એ આપની શરૂઆત છે, કેમ કે પ્રારંભિક મકામમાં જ લોકો નાસીપાસ થઈને રહી જાય છે. જેમ કે હઝરત બાયઝીદનો કૌલ છે કે જો લોકો ૨૦૦ વરસ પણ મઅરેફતના ગુલશનમાં રહે, તો પણ ક્યાંક તેમને છેવટે તે એક ફૂલ મળી શકે છે જે સામૂહિક રૂપે પ્રારંભમાં જ મને મળી ગયું. શયખ અબૂ સઈદનો કૌલ છે કે હું પૂરા આલમને આપની ખૂબીઓથી લબરેઝ જોઉં છું, પરંતું તેમ છતાં પણ આપના મર્તબાઓને કોઈ નથી જાણતું.

આપના દાદા અગ્નિપૂજક હતા અને પિતાની બુસ્તામના મહાન બુઝુર્ગોમાં ગણના થતી હતી. અને આપની કરામતોનું પ્રદર્શન માના પેટથી જ થવા લાગ્યું હતું. કેમ કે આપનાં વાલિદા કહેતાં હતાં કે જે વખતે બાયઝીદ મારા પેટમાં હતા તો જો કોઈ શંકાસ્પદ ખોરાક મારા પેટમાં ચાલ્યો જતો તો એટલા પ્રમાણમાં બેકરારી તથા બેચેની થતી હતી કે મારે ગળામાં આંગળી નાખીને કાઢી નાખવું પડતું. હઝરત બાયઝીદનો કૌલ છે કે તરીકતની રાહમાં સૌથી મોટી દૌલત તે છે જે માના પેટથી (માદરઝાદ) હોય. ત્યારબાદ ચશ્મે બીના (જોનારી આંખ) ત્યાર બાદ (હોશવાળા કાન) હોય. પરંતું જો આ ત્રણેવ ચીજો હાંસલ ન થાય તો પછી અચાનક મૃત્યુ બેહતર છે.

જ્યારે આપ મકતબમાં દાખલ થયા અને આપે સૂરએ લુકમાનની આ આયત પઢી : اَنِ اشْكُرْ لِيْ وَلِوَالِدَيْكَ "મારો શુક્ર અદા કરો અને તમારાં માબાપનો." તે વખતે પોતાની માને આવીને કહ્યું કે મારાથી બે હસ્તીઅનો શુક્ર અદા નથી થઈ શકતો જેથી આપ મને ખુદાથી તલબ કરી લો કે જેથી હું આપનો શુક્ર અદા કરતો રહું. અથવા તો પછી ખુદાને સોંપી દો કે જેથી એના શુક્રમાં મશગૂલ થઈ જાઉં. માએ ફર્માવ્યું કે હું મારા હક્કોથી મુક્ત કરીને તને ખુદાને સોંપુ છું. જેથી ત્યાર બાદ આપ શામ (સીરિયા) તરફ નીકળી ગયા અને ત્યાં જ ઝિક્રમાં મશગૂલિયતને જિંદગીનો ધ્યેય બનાવી દીધો. અને સંપૂર્ણપણે ત્રણ વરસો શામના મેદાનોમાં અને જંગલોમાં જિંદગી ગુજારી. અને આ અરસામાં યાદે ઈલાહીના કારણે ખાવા પીવા સૌ ત્યજી દીધું, ન કેવળ એટલુ જ બલ્કે એકસો સત્તર મશાઈખથી પણ નિયાઝ હાંસલ કરીને તેમના ફયઝોથી તૃપ્ત થયા. એ મશાઈખમાં હઝરત ઈમામ જાફર સાદિક رضی اللہ عنہ પણ સામેલ છે.

**હાલતો** : એકવાર આપ હઝરત ઈમામ જઅફર સાદિક رضی اللہ عنہની ખિદમતમાં હતા તો તેમણે ફર્માવ્યું કે હે બાયઝીદ ! ફલાણા તાખલામાં જે કિતાબ રાખેલી છે તે ઉઠાવી લાવો. આપે પૂછયું કે તે તાખલો કઈ જગાએ છે. ઈમામ જાફરે ફર્માવ્યું કે આટલા અરસાથી રહેવા છતાં પણ તમે તાખલો નથી જોયો ?! આપે અર્ઝ કર્યું કે તાખલો તો શું મેં તો આપની રૂબરૂ કદી માથુ પણ નથી ઉઠાવ્યું ! એ વખતે ઈમામ જાફરે ફર્માવ્યું કે હવે તમે સંપૂર્ણ થઈ ચૂક્યા, જેથી હવે બુસ્તામ ચાલ્યા જાવ. *(ક્રમશઃ)*

❒ **અઝ** : *હઝરત શયખ ફરીદુદ્દીન અત્તાર* رحمۃ اللہ علیہ ❒ **અનુવાદક** : *પટેલ શબ્બીર અલી રઝવી–દયાદરવી*




હપ્તો : ૦૩

લેખક : હઝરત મૌલાના ઈલ્યાસખાન નૂરી
*(મુ. રતનપુર, તા. માતર, જિ. ખેડા)*
અનુવાદક : ફરજાના સાજિદ પટેલ-દયાદરા

## નમાઝ અને મેડિકલ સાયન્સ

સૌ પ્રથમ નમાઝની શરીઅત મુજબની હૈસિયત અને એની ફઝીલત પર ચર્ચા કરીશું પછી વૈજ્ઞાનિક પાસાંઓ પર વાતચીત થશે.

અલ્લાહ અને એના રસૂલ પર ઈમાન લાવ્યા પછી સૌ પ્રથમ અને સૌથી મોટો ફર્ઝ ઈસ્લામમાં નમાઝ છે. નમાઝ અલ્લાહની તમામ ઈબાદતોમાં બધાથી શ્રેષ્ઠ અને જરૂરી ઈબાદત છે જે રાત દિવસમાં પાંચ વાર દરેક મુસલમાન અકલમંદ પુખ્ત પુરુષ સ્ત્રી પર ફર્ઝ છે.

### ★ નમાઝની જરૂરિયાત ★

નમાઝની જરૂરિયાતનો અંદાજ આનાથી પણ લગાડી શકાય છે કે, ઈસ્લામના બીજા હુકમો તો વહી થકી જમીન પર આપવામાં આવ્યા પરંતુ નમાઝ એક એવો હુકમ અને તોહફો છે કે પોતાના મહબૂબને અર્શ પર બોલાવીને અતા ફર્માવ્યો. અંદાજો લગાડો કે આ કેટલો ખાસ અને કિંમતી તોહફો હશે છતાં જેને બેકાર થવાનો આપણને એહસાસ સુધ્ધાં નથી થતો.

### ★ નમાઝ પઢવાની સખત તાકીદ ★

કુર્આન અને હદીષ શરીફમાં નમાઝ પઢવા માટે ઘણી જ સખત તાકીદ કરવામાં આવી છે અને એને દીનનો સ્તંભ અને ઈસ્લામનો પાયો કહેવામાં આવ્યો છે. સરકારે મદીના રાહતે કલ્બો સીના ﷺની આદત હતી કે જ્યારે કોઈ વ્યક્તિ આવીને ઈસ્લામ કબૂલ કરતો તો આપ પ્રથમ વાયદો એનાથી નમાઝનો જ લેવડાવતા હતા. અને ફર્માવ્યા કરતા હતા કે જે વ્યક્તિ નમાઝ ન પઢે એનો ઈસ્લામ દીનમાં કોઈ ભાગ નથી.

### ★ ઈમાન અને કુફ્રમાં ફરક ★

મુસ્લિમ શરીફની એક હદીષમાં છે કે ઈમાન અને કુફ્રની વચમાં માત્ર અને માત્ર નમાઝનું જ અંતર છે. મતલબ એ છે કે મોમિન બંદો જો નમાઝ છોડશે તો કુફ્રથી મળી જશે એટલે કે એનો એ અમલ કાફિરો જેવો હશે.

નમાઝ પઢવી કેટલી મોટી નેક નસીબી છે અને નમાઝ છોડી આપવી કેટલી મોટી જાહિલિયત અને કેટલો મોટો ગુનોહ છે કે એનાથી વધીને દુનિયામાં કોઈ મોટો ગુનોહ નથી.

### ★ નમાઝ છૂટકારાનો રસ્તો ★

સરકારે મદીના ﷺએ નમાઝની સખત તાકીદ ફર્માવતાં આ પ્રમાણે ફમાવ્યું કે જે કોઈ નમાઝને સારી રીતે પાબંદી સાથે નિયમિત રીતે અદા કરશે તો નમાઝ એના માટે કિયામતના દિવસે છૂટકારાનું કારણ બનશે અને એની કબરમાં રોશની હશે.

### ★ બેનમાઝીનું પરિણામ ★

હુઝૂર ﷺનું ફર્માને આલીશાન છે કે જે વ્યક્તિ નમાઝો નહીં પઢશે તો નમાઝ એના માટે ન તો કબ્રમાં રોશની બનશે અને ન તો આખેરતમાં છૂટકારાનું કારણ બનશે અને તેનો હશ્ર કારૂન, હામાન, શદ્દાદ, ફિરઔન અને ખુદાના દુશ્મનોની સાથે થશે.

### ★ નમાઝ છોડવા પર અઝાબ ★

હુઝૂર નબીએ કરીમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો કે

જે વ્યક્તિ એક વખતની નમાઝ છોડી દેશે તો એના બદલામાં બે કરોડ અઠયાસી લાખ (૨,૮૮,૦૦,૦૦૦) વર્ષ સુધી જહન્નમની આગમાં એણે સળગવું પડશે.

આ હદીષથી આપ અંદાજો લગાડો કે જે વ્યક્તિ નમાઝો નથી પઢતો એનો કેવો હશ્ર હશે ?! (અલ્લાહની પનાહ)

નમાઝ ન પઢવાવાળાઓને કિયામતના દિવસે બધાથી પહેલા જે બેઈજ્જતી ઉઠાવવી એને કુર્આને આ રીતે બયાન કર્યું છે કે :–

કિયામતના દિવસે જે ઘણી જ સખત ઘડી હશે અને જ્યાં બધા જ લોકો ભેગા હશે એ સમયે પુકાર કરવામાં આવશે કે બધા લોકો અલ્લાહની સામે સજદામાં પડી જાવ ! તો જે નસીબદાર મોમિન દુનિયામાં નમાઝ પઢતા હતા તેઓ તો તરત જ સજદામાં ચાલ્યા જશે, પરંતુ જે લોકો નમાઝ ન પઢતા હતા એમની કમરો લાકડાની જેમ સખત કઠણ કરી દેવામાં આવશે અને તેઓ કાફિરોની સાથે ઊભા રહી જશે, સજદો નહીં કરી શકે અને એમના પર સખત બેઈજ્જતીનો અઝાબ છવાઈ જશે, અને તેમની નજરો એક ગુનેગારની જેમ નીચી હશે, અને તેઓ આંખ ઊંચી કરીને શરમના કારણે કાંઈ પણ જોઈ શકશે નહીં. જહન્નમના અઝાબથી પહેલાં બેઈજ્જતીનો અઝાબ મેહશરના દિવસે આખી દુનિયાની સામે વેઠવો પડશે.

### ★ ઝિના કરનારથી પણ બુરો અમલ ★

"મુકાશફતુલ કુલૂબ"માં હુજ્જતુલ ઈસ્લામ હઝરત ઈમામ ગિઝાલી رحمۃ اللہ علیہ એક બનાવ નકલ ફર્માવે છે કે, બની ઈસરાઈલની એક સ્ત્રી અલ્લાહના જલીલુલકદર પૈગમ્બર હઝરત મૂસા علیہ السلام ની ખિદમતમાં આવી અને કહેવા લાગી, અય અલ્લાહના નબી ! મેં ઘણો જ મોટો ગુનોહ કર્યો છે અને તૌબા પણ કરી છે, આપ અલ્લાહથી દુઆ ફર્માવો કે તે મારા ગુનાહને માફ કરી દે અને મારી તૌબા કબૂલ ફર્માવે. હઝરત મૂસા علیہ السلام એ પૂછયું, તેં કયો ગુનોહ કર્યો છે ? તેણી કહેવા લાગી, મેં ઝિનાનો ગુનો કર્યો છે અને એનાથી જે બાળક જન્મ્યું તેને મારી નાખ્યું છે. આ સાંભળીને મૂસા علیہ السلام એ ફર્માવ્યું, અય બદ્નસીબ સ્ત્રી ! તું અહીંયાથી ચાલી જા ! કયાંક એવું ન થાય કે તારી નહૂસતના કારણે આસમાનથી અલ્લાહનો અઝાબ નાઝિલ થાય અને અમે એમાં ફસાઈ જઈએ ! આવું સાંભળીને તે સ્ત્રી ત્યાંથી ચાલી ગઈ. ત્યારે જિબ્રઈલ علیہ السلام નાઝિલ થયા અને કહ્યું, અય મૂસા ! علیہ السلام અલ્લાહ ફર્માવે છે કે તમે ગુનાહથી તૌબા કરવાવાળીને કેમ પાછા કાઢી ? શું તમે એનાથી વધારે બુરો વ્યકિત નથી જોયો ? મૂસા علیہ السلام એ પૂછયું, અય જિબ્રઈલ ! علیہ السلام આ સ્ત્રીથી વધારે બુરૂ કોણ છે ? હઝરત જિબ્રઈલ علیہ السلام બોલ્યા કે **એનાથી બુરો એ માણસ છે કે જે જાણી જોઈને નમાઝ છોડી દે !**

### ★ નમાઝ બરકતોનો ખજાનો ★

હુઝૂરે અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઈર્શાદ ફમાવ્યો કે નમાઝ અલ્લાહની રઝા અને એની ખુશનૂદી મેળવવાનો બેહતરીન ઝરિયો છે, સૌથી શ્રેષ્ઠ ઈબાદત છે, અંબિયાએ કિરામનો મહબૂબ અમલ છે, મારેફતનું નૂર છે, ઈમાનની જડ છે, આખેરતના માટે નજાત છૂટકારાનો પરવાનો છે, દીન દુનિયાની સફળતા માટે એક નુસ્ખો છે, મારી આંખોની ઠંડક છે, દુઆ કબૂલ થવાનો સામાન છે, અમલો કબૂલ થવાનો ઝરિયો છે. રોજીમાં બરકતના માટે એક આસમાની ભેટ છે, અલ્લાહની નઝદીકીનો બેહતરીન ઝરિયો છે, રસૂલો અને નબીઓની સૌથી વધારે પ્રિય ચીજ છે, મોમિનની મેઅરાજ છે, તંદુરસ્તી અને સલામતીના માટે અસરકારક દવા છે નમાઝનો ઈન્કાર કરવાવાળો કાફિર છે અને નમાઝ ન પઢવાવાળો સૌથી વધારે

ગુનેહગાર છે. જેણે નમાઝને કાયમ રાખી એણે પોતાના દીનને કાયમ રાખ્યો અને જેણે નમાઝને છોડી દીધી એણે દીનના થાંભલાને તોડી પાડયો.

**★ નમાઝ પઢવાથી ગુનાહ ખરી જાય છે !★**

એક વખત સરકારે મદીના ﷺ મદીના શરીફના મશહૂર કબ્રસ્તાન જન્નતુલ બકીઅમાં પહોંચ્યા અને ઝાડની એક ડાળીને પકડીને હલાવી તો તેનાં સૌ સૂકા પાંદડાં ખરી પડયાં. તો આપે પોતાના સહાબાઓને ફર્માવ્યું, જેવી રીતે આ ઝાડની ડાળ હલાવવાથી આ ઝાડના પાંદડાં ખરી પડયાં છે, એવી જ રીતે જ્યારે મોમિન બંદો નમાઝ પઢે છે તો એના બધા ગુનાહ ખરી જાય છે.

સહાબાની બીજી એક મેહફિલમાં સરકારે મદીના ﷺએ ફર્માવ્યું : જેવી રીતે દિવસમાં પાંચ વાર તળાવ કે નહેરમાં નહાવાથી શરીર પર મેલ નથી રહેતો એવી જ રીતે દિવસમાં પાંચ વાર નમાઝ પઢવાથી બધા ગુનાહ ધોવાઈ જાય છે.

એક મુસલમાનની જિંદગીની સફળતાનું રાઝ નમાઝ પઢવામાં છુપાયેલ છે. નમાઝ કોઈ પણ હાલતમાં માફ નથી એટલે સુધી કે કોઈ બીમારીના કારણે જો ઊભો થઈને નથી પઢી શકતો તો બેસીને પઢે અને જો બેસીને પણ નથી પઢી શકતો તો સૂઈને ઈશારાથી પઢે. જો આપણે ચાહતા હોઈએ કે દુનિયામાં સફળતાપૂર્વક જિંદગી પસાર કરીએ અને આખેરતના અઝાબથી છૂટકારો મેળવીએ તો આપણે જોઈએ કે આજથી જ નમાઝ પઢવાનું શરૂ કરી દઈએ અને બીજાઓને પણ સલાત અને સુન્નતની દા'વત આપીએ.

**★ આપણી નમાઝો બેઅસર કેમ ? ★**

આજે આપણી દુઆઓ અને નમાઝો બેઅસર કેમ થઈ ગઈ ?! આજ ચાર સજદાઓ અને બે રકાતો જ તો હતી જેનાથી સહાબા અને ઔલિયાએ કિરામે દુનિયાની વ્યવસ્થાને પલટી નાખી. અલ્લાહની મરજી એમની ઝબાન પર બોલ્યા કરતી હતી. તેઓ દુઆના માટે હાથ ઉઠાવતા તો દુઆઓ કબૂલ થઈ જતી હતી. એવું શાથી ! એટલા માટે કે એમની નમાઝો હકીકતથી લબરેઝ હતી, એમનાં દિલ ઈશ્કે મુસ્તફા ﷺમાં ચૂર હતાં. આપણા દિલો રસૂલના ઈશ્કથી ખાલી છે, એટલા માટે આપણી નમાઝોમાં રૂહાનિયત ન રહી ન દુઆઓમાં અસર રહી.

કહે છે કે એક જણે રાઈફલની ગોળી સિંહને મારી પરંતુ સિંહ તો શું મરે ! એને પોતાની જાન ઘણી મુશ્કેલીથી બચાવવી પડી. હવે એ લોકોને કહેતો ફરે છે કે એ વાત બિલકુલ જૂઠી છે કે ગોળીથી સિંહ મરે છે. એક અકલમંદે એને સમજાવ્યો કે કારતૂસ અને ગોળીમાં એટલી તાકત છે કે એનાથી સિંહ મરી જાય પણ એના માટે રાઈફલ બરાબર હોવી જરૂરી છે. જો રાઈફલ ખરાબ હોય તો કારતૂસ કેવી રીતે ફેંકશે ? બિલકુલ એ જ પ્રમાણે સમજી લો કે નમાઝ અને દુઆઓ કારતૂસની જેમ છે અને આપણી જીભ રાઈફલ છે. આપણે દરરોજ જૂઠુ બોલીને, ગીબત, ચુગલી અને હરામ ખાઈને આપણી જીભને ખરાબ કરીએ છીએ, પછી તે અસર કયાંથી આવે ? એટલા માટે આપણી નમાઝો બેઅસર છે અને બેઅસર નમાઝો જ્યાં દુનિયાનાં કામો નથી બનાવતી તો તે આટલી મોટી જન્નત જેની લંબાઈ દુનિયાથી વધારે છે તે કેવી રીતે અપાવશે ! એટલા માટે જો નમાઝોમાં અસર પૈદા કરવી હોય, દુઆઓની કબૂલિયત ઈચ્છતા હોઉ તો સારી જીભ બનાવો, હરામ ખાવા પીવા અને હરામ કામોથી બચો, જીભની હિફાઝત કરો, સુન્નતોની પાંબદી કરો, ઈન્શાઅલ્લાહ ! દુઆઓ કબૂલ થશે અને નમાઝો અસરકારક બનશે.

**★ નમાઝ તંદુરસ્તીના માટે આસમાની નુસ્ખો ★**

નમાઝના વિશે અત્યાર સુધી આપે મઝહબી

રોશનીમાં મહત્વતા વાંચી, હવે આપણે મેડિકલ સાયન્સની રોશનીમાં નમાઝના ફાયદાઓની તપાસ કરીએ.

શારીરિક સ્વસ્થતા, માનસિક સંતોષ, રૂહની ખુશી અને માણસની તંદુરસ્તીના માટે બેશક ! નમાઝ એક આસમાની નુસ્ખો છે જે દિવસમાં પાંચ વાર દિલોને સંતોષ અર્પે છે. બીજી કૌમો સંતોષના માટે તડપી રહી છે અને આ નેઅમતને મેળવવા માટે કોશિશોમાં લાગેલી છે, જ્યારે કે મુસલમાનોને આ નેઅમત ઘેર બેઠાં મળી છે. બીજાઓની જેમ એમને ન તો બંદગીના સામાનની જરૂરત છે ન તો રંગ રાગની એ ફુઝૂલ ચીજો પાછળ દૌલત અને સમય બેકાર કરવાની જરૂરત છે.

નબી ﷺએ આપણને સૌથી સારો અને બેહતરીન તરીકો નમાઝની શકલમાં આપ્યો છે, જેમાં એક પૈસાનો પણ ખર્ચ નથી અને ન તો બીજાઓની જેમ જગા નક્કી છે, જંગલ હોય કે મેદાન, મકાન હોય કે દુકાન હોય કે રણ, મુસલમાન જ્યાં પણ સજદો કરે નમાઝ થઈ જશે. કેમ કે અલ્લાહ તઆલાએ નબીએ રહમત ﷺના તુફૈલ આપણા પર એ કરમ કર્યો છે કે પૂરી જમીનને આપણા માટે સજદાગાહ બનાવી દીધી છે. આપણે કયાંય પણ નમાઝ પઢી શકીએ છીએ. જો વુઝૂના માટે પાણી ન મળે તો તયમ્મુમ કરવાનો હુકમ છે.

વિચાર કરો ! ઈસ્લામમાં કેટલી આસાન અને સસ્તી ઈબાદત છે ! અને એના માટે આપણે ખુદાનો જેટલો પણ શુક્ર કરીએ ઓછો છે. આટલી સહેલી ઈબાદત હોવા છતાં પણ જો આપણે નમાઝ ન પઢીએ તો એ આપણી કેટલી મોટી મેહરૂમી અને બદ્નસીબી છે.

### ★ નમાઝ એક હળવી કસરત ★

નમાઝ એટલા પ્રમાણમાં હળવી કસરત છે કે એનાથી પસીનો પણ નથી આવતો અને થાક પણ નથી લાગતો. એનાથી ઊલ્ટુ કસરતો માણસને પસીનાથી તરબોળ કરી દે છે જેના કારણે તે અમુક સમય માટે સોસાયટી તથા સમાજમાં સામેલ થવાને લાયક નથી રહેતો. ઈબાદતના ઘણા બધા તરીકા બાતિલ ધર્મોમાં એટલા સહેલા છે કે તે કસરતમાં ગણાવવામાં નથી આવતા, જેવું કે યોગાસન. અને અમુક એટલા મુશ્કેલ છે કે દરેકના બસની વાત નથી. જેવું કે શિર્ષાસન જેને યોગની કસરતોનો રાજા સમજવામાં આવે છે. યોગની એ રીતમાં માથાને નીચે અને પગોને ઉપર કરવાની હોય છે જેના કારણે એ આસનને દિલના દર્દીઓ અને હાઈ બ્લડ પ્રેશરવાળા કે વધારે ઉંમરવાળા લોકો અને ગર્ભવતી સ્ત્રીઓ નથી કરી શકતી એટલા માટે એનાથી ફાયદો મેળવવો દરેકના વશની વાત નથી. એનાથી ઊલ્ટુ નમાઝમાં સજદા કરવામાં આવે છે જેનાથી માથાને કસરત મળે છે તે ઘણી સહુલતથી અદા કરી શકાય છે.

નમાઝમાં વ્યકિત પોતાના શરીરને નગ્ન કે જાહેર નથી કરતી જેના કારણે કોઈ પ્રકારની વાસના ઉત્તેજીત થવાનો અવકાશ નથી રહેતો. એનાથી ઊલ્ટુ કસરત અને યોગાસનમાં શરીર પર કપડાં નામ પૂરતાં રહે છે. અને અમુક યોગાસન તો એવા છે જેમાં શરીર પર કપડાં રહેતાં જ નથી ! જેના કારણે વાસનાને ઉત્તેજન મળે છે. ઘણા બધા ધર્મોમાં પુરુષ, સ્ત્રીઓ ભેગા થઈને ઈબાદત કરે છે જેના કારણે બુરાઈઓ પેદા થાય છે, રોજ અપહરણના બનાવો બને છે. પરંતુ નમાઝ એ લા'નતથી બિલકુલ પાક છે, નમાઝ બુરાઈઓથી માણસને બચાવે છે અને જ્યાંથી બુરાઈઓ ફેલવાનો ખતરો હોય ત્યાં જવાથી રોકે છે.

ઈસ્લામની આ વિશેષતા છે કે તે માણસોની નસલને માત્ર ગુનાહો અને બુરાઈઓથી જ દૂર નથી રાખતો બલ્કે એ ચીજો જેનાથી બુરાઈઓ અને ગુનાહો અસ્તિત્વમાં આવે છે એ ગુનાહ કરવાના સાધનો પર ઈસ્લામ બધાથી પહેલા ઘા કરે છે જેથી ન રહે વાંસ ન વાગે વાંસળી ! *(ક્રમશઃ)*

# અવામી ગલતફેહમિયાં ઔર ઉનકા શરઈ હલ

હપ્તો : ૦૪

**૨૪. નિફ઼ાસવાળી ઔરત જિસ કમરે મેં હો ક્યા ઉસ મેં કોઈ ઔર કુર્આન મજીદ કી તિલાવત નહીં કર સક્તા ?**

યે ભી ગલતફહમી બા'ઝ લોગોં મેં પાઈ જાતી હૈ કે નિફ઼ાસવાલી ઔરત જિસ કમરે મેં હો ઉસ મેં કોઈ ઔર કુર્આન મજીદ કી તિલાવત કરના ચાહે તો ઉસકી ઈજાઝત નહીં હૈ, જબ કે શરઅન ઐસા કુછ ભી નહીં હૈ. ચુનાંચે હદીષે પાક મેં હૈ :–

''ઉમ્મુલ મુઅમિનીન્ હઝરત આઈશા સિદ્દીક઼ા رضی اللہ عنہا ફર્માતી હૈં : મૈં હૈઝ કી હાલત મેં હોતી ઔર હુઝૂર صلی اللہ علیہ وسلم મેરી ગોદ મેં તકિયા લગાકર કુર્આન પઢ્હતે.''

*(સહીહ બુખારી, જિલ્દ–૧, સફ઼હા–૧૨૧, હદીષ નં. ૨૯૭)*

ઈસ હદીષ સે મઅ્લૂમ હુવા કે જબ હૈઝવાલી ઔરત કી ગોદ મેં તક્યિા રખ કર કુર્આન મજીદ કી તિલાવત કર સકતે હૈં તો નિફ઼ાસવાલી ઔરત જિસ કમરે મેં હો ઉસ મેં તો બિલાશુબ્હા કુર્આન શરીફ કી તિલાવત હો સકતી હૈ.

**૨૫. નિફ઼ાસવાલી ઔરત જિસ બિસ્તર પર હો ક્યા ઉસ પર બેઠને સે કપળા નાપાક હો જાતા હૈ ?**

અકષર અવામ મેં યે મશ્હૂર હૈ કે નિફ઼ાસવાલી ઔરત જિસ બિસ્તર પર હૈ અગર કોઈ ઉસ પર બેઠેગા તો બેઠનેવાલે કા કપળા નાપાક હો જાએગા, હાલાં કે શરીઅત મેં ઈસ કી કોઈ હક઼ીક઼ત નહીં ઔર યે બિલ્કુલ ઈસ્લામી તા'લીમાત કે ખિલાફ હૈ. શરીઅત કે એ'તેબાર સે તો સિર્ફ વહી ચીઝ નાપાક હોગી જિસ પર નિફ઼ાસ કા ખૂન લગ જાએ. બગૈર ઈસકે મહઝ નિફ઼ાસવાળી ઔરત કી વજહસે બિસ્તર કો નાપાક સમઝના ગૈરમુસ્લિમોં કા મસ્અલા હૈ. જૈસા કે ''ફતાવા રઝવિય્યહ્''મેં નિફ઼ાસવાલી ઔરત કી ચૂળિયાં, ચારપાઈ ઔર મકાન કા હુકમ ઈસ તૌર પર બયાન કિયા ગયા હૈ :–

''ચૂળિયાં, ચારપાઈ, મકાન સબ પાક હૈ ફક઼ત વહી ચીઝ નાપાક હોગી જિસે ખૂન લગ જાએગા બગૈર ઈસકે ઈન ચીઝોં કો નાપાક સમઝ લેના હિંદુઓં કા મસ્અલા હૈ.'' *(ફતાવા રઝવિય્યહ્, જિલ્દ : ૪, સફહા : ૩૫૭)*

**૨૬. હોસ્પિટલ મેં જો બેડ હોતે હૈં ક્યા ઉન પર બેઠને સે કપળા નાપાક હો જાતા હૈ?**

બહોત સે લોગ ઈસ ગલતફહમી મેં મુબ્તલા હોતે હૈં કે હોસ્પિટલ કે બેડ નાપાક હોતે હૈં ક્યૂં કે હો સકતા હૈ ઉન પર ખૂન લગા હો, કોઈ નાપાકી યા ગંદગી લગી હો. ઈસ ગુમાન કી વજહ સે હોસ્પિટલ કે બેડ પર બેઠને સે બહોત લોગ પરહેઝ કરતે હૈં ઔર અગર કભી બેઠ ગએ તો અપને કપળોં કો નાપાક તસવ્વુર કરને લગતે હૈં. જબ કે ઈસ્લામ મેં ઈસ તરહ કે શક વ શુબ્હાત કા કોઈ એ'તબાર નહીં. જબ તક બેડ પર નજાસત કા અષર ઝાહિર ન હો ઉસે હરગિઝ નાપાક નહીં માના જાએગા.

''ફતાવા રઝવિય્યહ''મેં હૈં :–

''શરએ મુતહ્હરા મેં (યા'ની પાકીઝા શરીઅતે ઈસ્લામી મેં) મદારે નજાસત ઈલ્મ પર હૈ (યા'ની નાપાક હોને કા દારો મદાર મઅ્લૂમ હોને પર હૈ) ઔર મદારે તહારત નામઅ્લૂમીયે નજાસત પર (યા'ની પાક હોને કે દારો મદાર નાપાકી કે ન મઅ્લૂમ

➻ અઝ : **હઝરત મુફ્તી સાબિર નજમી મિસ્બાહી** *(સદર મજલિસે ક઼ઝા ઈદારા શરઈય્યહ–ભરૂચ, C/o. દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ, જિ. ભરૂચ)*

હોને પર) જિસ ચીઝ કી નજાસત મઅ્લૂમ નહીં વોહ પાક હૈ." *(ફતાવા રઝવિય્યહ્, જિલ્દ–૩, સફહા–૨૭૨)*

"ઉસી"મેં કુફ્ફાર કે કપળોં કે તઅલ્લુક઼સે હૈં.

"તઅમ્મુલ કરો કિસ ક઼દ્ર મઅદને બેએહતિયાતી બલ્કે મખ્ઝને હર ગૂના ગંદગી હૈ. કુફ્ફાર ખુસૂસન ઉન કે શરાબનોશ કે કપળે અલલ્ ખુસૂસ્ પાજામે કે વોહ હરગિઝ ઈસ્તિન્જા કા લિહાઝ રખેં, ન શરાબ પેશાબ વગૈરહુમા નજાસત સે એહતિરાઝ કરેં (યા'ની કુફ્ફાર કે કપળોં મેં નજાસત ઔર ગંદગી કા મુકમ્મલ ઔર ક઼વી અંદેશા હૈ) ફિર ઓલમા હુકમ દેતે હૈં કે વોહ પાક હૈં ઔર મુસલમાન બેધોએ પહનકર નમાઝ પળ્હ લે તો સહીહ જાઈઝ જબ તક તલવ્વુષ ન હો. (યા'ની નજાસત મેં મુલવ્વિષ હોના ઝાહિર ન હો) બલ્કે અહદે સહાબાએ કિરામ (رضوان اللہ تعالیٰ علیہم اجمعین)સે આજ તક મુસ્લિમીન મેં મુતવારિષ (યા'ની ચલા આ રહા હૈ) કે લિબાસે ગનીમત મેં નમાઝ પળતે હૈં ઔર ઝુનૂનો વસાવિસ કો દખલ નહીં દેતે.

*(ફતાવા રઝવિય્યહ્, જિલ્દ–૪, સફહા–૪૯૧, ૪૯૨)*

**૨૭. રાસ્તોં પર પળી હુઈ કીચળ કપળે પર લગ જાએ તો ક્યા કપળા નાપાક હો જાએગા ?**

અકષર અવામ મેં યે મશ્હૂર હૈ કે રાસ્તોં પર પળી હુઈ કીચળ નાપાક હૈ. ચુનાંચે અગર વોહ કપળે પર લગ જાએ તો સમઝતે હૈં કે અબ ઉસે ધોના ઝરૂરી હૈ. બગૈર ધોએ નમાઝ હી સહી ન હોગી, ઔર ઉસકી વજહ સે બહોત સારે લોગ નમાઝ ભી છોળ દેતે હૈં. જબ કે શરીઅત કા હુકમ તો યે હૈ કે જબ તક કીચળ કા નાપાક હોના મઅ્લૂમ ન હો, ઉસે પાક હી માના જાએગા ઔર બગૈર ધોએ નમાઝ ભી સહી હોગી. હાં ! ધો લેના બેહતર હૈ. જૈસા કે "બહારે શરીઅત"મેં હૈ :–

"રાસ્તે કી કીચળ પાક હૈ જબ તક ઉસકા નજિસ હોના મઅ્લૂમ ન હો, તો અગર પાઉં યા કપળે મેં લગી ઔર બેધોએ નમાઝ પળ્હ લી હો ગઈ, મગર ધો લેના બેહતર હૈ."

*(બહારે શરીઅત, જિલ્દ–૧, હિસ્સા–૨, સફહા–૩૯૪)*

ઐસા હી "ફતાવા રઝવિય્યહ", જિલ્દ–૪, સફહા–૪૨૧ પર હૈ.

**૨૮. કપળે પર કોઈ રંગવાલી નજાસત લગ જાએ ઔર બહોત ધોને કે બાદ ભી રંગ ન જાએ તો ક્યા કપળા નાપાક હી રહતા હૈ ?**

બહોતસે મુસલમાનોં મેં યે ગલતફહમી પાઈ જાતી હૈ કે અગર કોઈ રંગવાલી નાપાકી, મષલન ખૂન વગૈરા કપળે પર લગ જાએ તો જબ તક ઉસ કા રંગ ન દૂર કિયા જાએ કપળા નાપાક હી રહતા હૈ, અગરચે રંગ છુળાને મેં બહોત પરેશાની હો. હાલાં કે શરીઅત કે હુકમ મેં ઈતની સખ્તી નહીં હૈ. હુકમે શરઅ તો યહ હૈ કે આસાની સે અગર રંગ દૂર હો સકતા હૈ તો દૂર કિયા જાએ વરના તીન મર્તબા ધોને યા જારી પાની મેં એક મર્તબા ધોનેસે કપળા પાક હો જાએગા અગરચે રંગ બાક઼ી રહે.

"બહારે શરીઅત"મેં હૈ :–

"અગર નજાસત દૂર હો ગઈ ઉસકા કુછ અષર રંગ યા બૂ બાક઼ી હૈ તો ઉસે ભી ઝાઈલ કરના લાઝિમ હૈ. હાં ! અગર ઉસકા અષર બદિક્ક઼ત જાએ તો અષર દૂર કરને કી ઝરૂરત નહીં, **તીન મર્તબા ધો લિયા પાક હો ગયા.** સાબૂન, યા ખરાઈ, યા ગરમ પાની સે ધોની કી હાજત નહીં. કપળે યા હાથ મેં નજિસ રંગ લગા, યા નાપાક મહેંદી લગાઈ તો ઈતની મર્તબા ધોએં કે સાફ પાની ગિરને લગે, પાક હો જાએગા, અગરચે કપળે યા હાથ પર રંગ બાક઼ી હો."

*(બહારે શરીઅત, જિલ્દ–૧, હિસ્સા–૨, સફહા–૩૯૭)*

**૨૯. કપળે પર કિસી જગહ નજાસત લગ જાએ તો ક્યા પૂરા કપળા ધોના ઝરૂરી હે?**

યે ગલત બાત ભી કુછ લોગોં મેં મશ્હૂર હે કે અગર કપળે કે કિસી હિસ્સે પર નાપાકી લગ ગઈ તો અબ પૂરા કપળા નાપાક હો ગયા ઔર પૂરે કપળે કો ધોના ઝરૂરી હે. જબ કે શરઅન સિર્ફ ઉતને હિસ્સે કો ધોના ઝરૂરી હે જિતને હિસ્સે પર નજાસત લગી હે. ઐસા હી ''બહારે શરીઅત'' હિસ્સા–૨, સફહા–૩૭૭, ૪૦૦ પર હે.

**30. દૂધ પીતા બચ્ચા યા બચ્ચી અગર દૂધ કી ઉલ્ટી કરે તો ક્યા વોહ દૂધ પાક હે?**

દૂધ પીતા બચ્ચા ઔર બચ્ચી જો દૂધ કી ઉલ્ટી કરતે હૈં ઔર દૂધ કો બાહર ડાલ દેતે હૈં ઉસ કે હવાલે સે યે દેખા ગયા કે હે કે કઈ અવામ ઉસે પાક સમઝતે હૈં, હાલાંકે શરીઅત કે એ'તેબાર સે ઉસ કી દો સૂરતેં હૈં, અગર વોહ દૂધ સીને તક પહોંચ કર પલટ આયા તો ઉસ સૂરત મેં વોહ પાક હે ઔર અગર પેટ કે અંદર જો ખાને કી થેલી હોતી હે વહાં તક પહોંચ કર પલટ આયા ઔર વોહ દૂધ ઈતના ઝયાદા હે કે બચ્ચે કા મુંહભર જાએ તો ઈસ સૂરત મેં વોહ નજાસતે ગલીઝા હે ઔર પેશાબ કી તરહ નાપાક હે. જૈસા કે ''બહારે શરીઅત''મેં હે :–

''શીર ખાર (દૂધ પીતે) બચ્ચેને દૂધ ડાલ દિયા અગર વોહ મુંહભર હે નજિસ હે. દિરહમ સે ઝયાદા જગહ મેં જિસ ચીઝ કો લગ જાએ નાપાક કર દેગા, લેકિન અગર યે દૂધ મેઅદે સે નહીં આયા બલ્કે સીને તક પહોંચ કર પલટ આયા તો પાક હે.''

*(બહારે શરીઅત, જિલ્દ–૧, હિસ્સા–૨, સફહા–૩૧૦)*

ઐસા હી ''ફતાવા રઝવિય્યહ'' જિલ્દ–૧, સફહા–૪૭૬ પર હે.

**૩૧. દુઃખતી આંખ સે જો પાની નિકલે ક્યા વોહ પાક હે ? ક્યા ઉસ સે વુઝૂ નહીં ટૂટેગા ?**

અકષર યે દેખા ગયા હે કે લોગ દુઃખતી આંખ સે નિકલનેવાલે પાની કો પાક સમઝતે હૈં ઔર કુર્તે વગૈરા સે ઉસે પોંછ દિયા કરતે હૈં ઔર યે સમઝતે હૈં કે યહ તો દૂસરે આંસૂં કી તરહ પાક હે, યે ઉનકી ગલતી હે. શરીઅત કા હુકમ તો યહ હે કે **દુઃખતી આંખ સે નિકલનેવાલા પાની પૈશાબ કી તરહ નજાસતે ગલીઝા** હે ઔર ઉસ કે આંખ સે બાહર નિકલ કર બહનેસે **વુઝૂ ભી ટૂટ જાતા હે.**

''બહારે શરીઅત''મેં હે :–

''આંખ દુઃખતેમેં જો આંસૂં બહતા હે નજિસ વ નાકિસે વુઝૂ હે, ઉસસે એહતિયાત ઝરૂરી હે.''

*(બહારે શરીઅત, જિલ્દ–૧, હિસ્સા–૨, સફહા–૩૧૦)*

**આ'લા હઝરત ઈમામ અહમદ રઝા** رحمۃ اللہ علیہ**નો કરેલ કુર્આન શરીફનો શ્રેષ્ઠ તર્જુમો તથા હઝરત સૈયદ નઈમુદ્દીન મુરાદાબાદી** رحمۃ اللہ علیہ**ની લખેલ ઉમદા તફસીર એટલે.....**


**કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈરફાન** (ગુજરાતી તર્જુમા સાથે)

અનુવાદક : મૌલાના હસન આદમ કોલવનવી رحمۃ اللہ علیہ

હદિયો : રૂા. ૪૫૦/– (ટપાલ ખર્ચ રૂા.૭૫ અલગ)

:: પ્રકાશક તથા પ્રાપ્તિ સ્થાન ::
**સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)**
C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા,
તા. જિ. ભરૂચ, ગુજરાત,
ફોન : ૦૨૬૪૨–૨૮૦૦૧૧, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

## દરેક મુસ્લિમે જાણવો જરૂરી ઈલ્મ



# કાનૂને શરીઅત

**લેખક** : **અલ્લામા શમ્સુદીન જોનપૂરી** رحمۃ اللہ علیہ
**અનુવાદક** : **જનાબ ઈબ્રાહીમ માસ્તર વેમી ઝંઘારવી**

## ભરણપોષણનું બયાન

**મસ્અલા** : જે વખતથી ઔરત રુખસદ થઈને (બાપને ત્યાંથી) આવી તે વખતથી જ એના કપડાંની જવાબદારી પતિની છે. છ મહિના પૂરા થઈ જાય એટલે કપડાં બનાવી આપીશું એવી રાહ જોવામાં ન આવે, ભલે ઓરતની પાસે ગમે તેટલાં કપડાં હોય. પિયરમાંથી લાવેલાં કપડાં જ પહેરવાં ઓરત પર વાજિબ નથી. બલ્કે હવે એ જિમ્મેદારી પતિની છે.

**મસ્અલા** : પતિએ પોતે જ ઓરતનો ખર્ચ પોતાના શિરે લઈ લેવો જોઈએ અર્થાત જે કંઈ ચીજની જરૂરત હોય તે લાવી આપે અથવા મંગાવી આપે. જો લાવવામાં ઢીલ કરતો હોય તો કાઝીએ અમુક ખર્ચ વખત અને હાલત જોઈને નક્કી કરી આપે જે રકમ પતિ આપ્યા કરે અને ઓરત તેમાંથી પોતાની રીતે ખર્ચ કરતી રહે. જો ઓરત એમાંથી તકલીફ વેઠી કરકસર કરી કંઈ બચાવે તો એ બચત ઓરતની જ ગણાશે પાછી આપશે નહીં તેમજ ભરણપોષણની આગામી ચૂકવવાની રકમ પેટે મજરે આપશે નહીં. જો પતિ ઓરતની જરૂરિયાત માટેની રકમ નથી આપતો તો પતિની રજા વગર ઓરત પતિના માલમાંથી ખર્ચ કરી શકે છે.

*(બહર દર બહાર)*

**મસ્અલા** : પતિ ઓરતને જેટલા રૂપિયા ખર્ચ પેટે આપે છે તેમાંથી ઓરત પોતે તકલીફ વેઠી બચત કરતી હોય અને શોહરને એવો ડર હોય કે આવું કરવાથી તે દૂબળી પડી જશે તો પતિને હક્ક છે કે તે ઓરતને આમ કરવાથી રોકે. તેમ છતાં તે ન માને તો કાઝી સમક્ષ આ બાબતનો દાવો કરી રોકી શકે છે. એટલા માટે કે આ કારણે (આવું કરવાથી) સૌંદર્યમાં ફરક પડી જશે અને એ પતિનો હક્ક છે. *(દુર્રે મુખ્તાર)*

**મસ્અલા** : દા.ત. ઓરતને એક મહિનાનો ખર્ચ આપી દીધો, અથવા ફુઝૂલખર્ચીમાં મહિનો પૂરો થતાં પહેલાં એ રકમ વાપરી નાખી કે ચોરી થઈ ગઈ અથવા અન્ય કોઈ કારણસર પૂરા થઈ ગયા તો એ મહિનાનું ભરણપોષણ આપવું પતિ પર વાજિબ નથી. *(દુર્રે મુખ્તાર, બહાર)*

**મસ્અલા** : જો પતિ ગરીબ હોય અને ગરીબીના કારણે ભરણપોષણ આપવા માટે મજબૂર હોય તો એ કારણે ફેરફાર કરવામાં ન આવે, એ રીતે જો માલદાર હોય પણ તે અહીં મૌજૂદ નથી તો પણ ફેરફાર કરી શકશે નહીં. બલ્કે જો ભરણપોષણ નક્કી થઈ ચૂક્યું હોય તો કાઝી હુકમ કરે કે કર્જ લઈને અથવા કંઈ કામ કરીને ચૂકવવામાં આવે અને આ પતિની જવાબદારી છે તેણે આપવું પડશે.

*(દુર્રે મુખ્તાર, બહાર)*

**મસ્અલા** : મરદે ઓરતને કપડાં કે રૂપિયા મોકલ્યા. ઓરત એમ કહેતી હોય કે એ શિષ્ટાચાર પૂરતા મોકલેલ છે અને મરદ એમ કહેતો હોય કે એ ભરણપોષણ પેટે છે અથવા એમ હોય કે પતિએ હદિયો હોવાનો એકરાર કર્યો હતો અને ગવાહોએ એ એકરારની ગવાહી આપી તો ગવાહીને માનવામાં આવે. *(હિંદિયા, બહાર)*

**મસ્અલા** : ભરણપોષણનું ત્રીજું અંગ રહેવા માટેનું ઘર છે. પતિ જે મકાન ઓરતને રહેવા માટે આપે તે ખાલી હોવું જોઈએ. અર્થાત પતિના સંબંધીઓ ત્યાં ન રહે. હા ! પતિનુ નાનું બાળક કે જે સંભોગને સમજતું જ ન હોય તેના રહેવામાં વાંધો નથી. અને જો એ ઘરમાં પતિના સંબંધીઓ રહેતાં હોય અને ઓરત બધાંનાં ભેગી રહેવા રાજી હોય તો પતિના સંબંધીઓથી એ ઘર ખાલી હોવું જરૂરી નથી અને ઓરતનું બાળક ભલે નાનું હોય પણ જો પતિ રોકવા ઈચ્છે તો રોકી શકે છે. જબરદસ્તીથી બાળકને ત્યાં રાખવાનો ઔરતને અધિકાર નથી.

*(હિદાયા વગેરે)*

**મસ્અલા** : જો ઔરત અલગ મકાન ઈચ્છતી હોય અર્થાત પોતાની સૌતન અથવા તો પતિના સંબંધીઓ સાથે રહેવા માગતી ન હોય તો મકાનનો કોઈ એવો ભાગ તેને આપી શકે છે જેનો અલગ દરવાજો હોય કે જેને તે બંધ કરી શકે એમ હોય. પતિના રિશ્તેદારો ઓરતને તકલીફ ન પહોંચાડતા હોય તો અલગ મકાન માગવાનો ઓરતને હક્ક નથી. હવે રહી એ વાત કે પાખાના (જાજરૂ), ગુસ્લખાના (બાથરૂમ) રસોડું પણ અલગ હોવું જોઈએ એ બાબતમાં હકીકત એ છે કે જો પતિ માલદાર હોય તો એવું મકાન આપે જેમાં આ બધી સગવડો હોય અને જો ગરીબ હોય તો ફકત એક રૂમ આપી દેવો પૂરતો છે, ભલે સંડાસ વગેરે સંયુકત હોય. *(હિંદિયા, રદુલ્ મુહ્તાર, બહાર)*

**મસ્અલા** : ઓરતનાં મા બાપ અઠવાડિયામાં એક વખત પોતાની છોકરીને ત્યાં આવી શકે છે. પતિ રોકી શકશે નહીં અને જો રાત્રિ રોકાણ કરવા ઈચ્છે તો પતિ (તેમને) રોકી શકે છે. મા બાપ સિવાયના અન્ય મેહરમો વર્ષમાં એકવાર આવી શકે છે. એ જ રીતે ઓરત પોતાના મા બાપને ત્યાં અઠવાડિયામાં એક વખત તથા અન્ય મેહરમોને ત્યાં વર્ષમાં એક વખત જઈ શકે છે પરંતુ પતિની રજા વગર ત્યાં રાત રોકાઈ શકતી નથી. દિવસમાં જઈને દિવસે જ પાછી ફરી જવું. મા, બાપ કે અન્ય મેહરમો જો એને ફક્ત ગમે તે સમયે જોવા ચાહે તો રોકી શકશે નહીં. અન્યોને ઘેર જવા કે એમની ખબર અંતર (બીમાર પુરસી) પૂછવા જવા કે શાદી વગેરે પ્રસંગોમાં ભાગ લેવા જવાથી મના કરે. જો રજા વગર જશે તો ગુનેહગાર થશે અને રજા મેળવીને (લઈને) જશે તો બંને ગુનેહગાર થશે.

*(હિંદિયા, દુર્રે મુખ્તાર, બહાર)*

**મસ્અલા** : ઓરત જો કોઈ એવું કામ કરે કે જેનાથી પતિનો હક્ક મરી જતો હોય અથવા એનાથી નુકસાન થતું હોય અથવા એ કામ માટે એને બહાર નીકળવું પડતું હોય તો એવું કામ કરવાથી પતિ ઓરતને રોકી શકે છે. બલ્કે આજના વખતમાં તો એવાં કામોથી રોકવી જોઈએ જેને માટે (ઓરતને) બહાર નીકળવું પડતું હોય. *(દુર્રે મુખ્તાર, બહાર)*

**મસ્અલા** : નાબાલિગનું ભરણપોષણ બાપ પર વાજિબ છે. ઓલાદ ફકીર હોય અર્થાત પોતાની માલિકીનો માલ ન હોય, આઝાદ હોય અને બાલિગ છોકરો લંગડો કે ગાંડો કે અંધ હોય, કમાવાથી મજબૂર હોય અને તેની પાસે માલ ન હોય તો એનું ભરણપોષણ પણ બાપ પર વાજિબ છે. છોકરી પાસે માલ ન હોય તો દરેક હાલતમાં એનું ભરણપોષણ બાપ પર છે ભલે એના અવયવો સલામત હોય. અને જો નાબાલિગની માલિકીમાં માલ હોય પણ તે હાજર ન હોય તો બાપને હુકમ કરવામાં આવે કે તે પોતાની પાસેથી ખર્ચ કરે અને જ્યારે માલ આવે ત્યારે જેટલો ખર્ચ કર્યો હોય તે એમાંથી લઈ લે. જો એવી નિય્યતે પોતાની પાસેથી ખર્ચ કરે કે માલ આવ્યા પછી એમાંથી લઈ લઈશ. (વસૂલ કરી

લઈશ) તો ખર્ચ કરતી વેળા લોકોને ગવાહ બનાવે કે જ્યારે માલ આવશે ત્યારે હું લઈ લઈશ. જો ગવાહ ન બનાવે તો દયાનતદારીથી લઈ શકે છે, આગ્રહપૂર્વક નહીં. *(જોહરા)*

**મસ્અલા** : બાળકની માલિકીમાં કોઈ મિલ્કત સ્થળાંતર કરી શકાય એવી (જેમ કે રૂપિયા, પૈસા) અથવા સ્થળાંતર ન કરી શકાય એવી હોય અને ભરણપોષણની જરૂરત ઊભી થઈ હોય તો તે મિલ્કત વેચીને ખર્ચ કરવામાં આવે, ભલે થોડી થોડી કરીને બધી જ ખર્ચ થઈ જાય. *(હિંદિયા, બહાર)*

**મસ્અલા** : છોકરી જુવાન થઈ ગઈ એની શાદી કરી દેવામાં આવી તો એના ભરણપોષણની જવાબદારી એના પતિની છે, બાપ જવાબદારીમાંથી મુક્ત થઈ જશે. *(હિંદિયા, બહાર)*

**મસ્અલા** : મા એ બાળકનું ભરણપોષણ એના બાપ પાસેથી મેળવ્યું. તેની ચોરી થઈ ગઈ કે અન્ય કોઈ કારણસર હલાક થઈ (રકમ) ગઈ તો બીજી વખત (ફરીથી) ભરણપોષણ લેશે અને બચશે તો પાછા ફેરવશે. *(દુર્રે મુખ્તાર, બહાર)*

**મસ્અલા** : બાળકને દૂધ પીવડાવવું ત્યારે જ વાજિબ થાય છે જ્યારે કે બીજી કોઈ ઓરત એને દૂધ પીવડાવનાર ન મળતી હોય અથવા બાળક બીજી કોઈ ઓરતનું દૂધ ન પીતું હોય અથવા તો બાપ તંગદસ્ત છે જે દૂધ પીવડાવવાનું મહેનતાણું આપી શકે એમ ન હોય તેમજ બાળકની માલિકીમાં પણ માલ ન હોય તો આવી હાલતમાં દૂધ પીવડાવવા માટે મા ને મજબૂર કરવામાં આવે અને જો આવા સંજોગો ન હોય તો દયાનતદારીથી દૂધ પીવડાવવાની જવાબદારી મા ની રહેશે અને મજબૂર કરી શકશે નહીં. *(દુર્રે મુખ્તાર તથા બહાર)*

**મસ્અલા** : બાળકની મા નિકાહમાં છે અથવા તો તલાકે રજઈની ઈદ્દતમાં છે તો દૂધ પીવડાવવાનું મહેનતાણું લઈ શકશે નહીં અને તલાકે બાઈનની ઈદ્દતમાં હોય તો મહેનતાણું લઈ શકે છે. જો એ જ પતિની બીજી પત્નીનું બાળક છે તેને દૂધ પીવડાવે તો બિલકુલ મહેનતાણું લઈ શકે છે ભલે નિકાહમાં હોય તો પણ. *(દુર્રે મુખ્તાર, બહાર વગેરે)*

**મસ્અલા** : બાપ, મા, દાદા–દાદી, નાના–નાની જો ગરીબ હોય અને જો પોતે માલદાર હોય, કમાય શકે એવી હાલત હોય, નિસાબનો માલિક હોય તો એમનું ભરણપોષણ વાજિબ છે. જો કે એ નિસાબ નામ પર ન હોય તો પણ. અને જો પોતે મોહતાજ હોય તો બાપનું ભરણપોષણ એના પર વાજિબ નથી. અલબત્ત, જો બાપ અપંગ કે રોગિષ્ઠ હોય જેના કારણે તે કમાય શકતો નથી તે છોકરા પર ભરણપોષણમાં ભાગીદાર છે ભલે અપંગ છોકરો ફકીર હોય અને માતાનું ભરણપોષણ પણ છોકરા પર છે ભલે મા અપંગ ન હોય. ભલે પુત્ર ફકીર હોય, એટલે કે જ્યારે મા વિધવા હોય. અને જો મા એ બીજા નિકાહ કરી લીધા તો એનું ભરણ પોષણ પતિના શિરે છે અને જો પોતાના બાપના નિકાહમાં હોય અને મા–બાપ બન્ને મોહતાજ હોય તો એ બન્નેનું ભરણપોષણ છોકરાના શિરે છે. જો બાપ મોહતાજ ન હોય તો બાપ પર છે. મા માલદાર છે અને બાપ મોહતાજ છે તો ભરણપોષણ છોકરા પર નથી બલ્કે માતા પોતાની પાસેથી ખર્ચ કરે જે પતિ પાસેથી વસૂલ કરી શકે છે. *(જોહરા, રદ્દુલ્ મુહતાર)*

**મસ્અલા** : બાપ વગેરેનું ભરણપોષણ જેમ કે બેટા પર વાજિબ છે એમ બેટી પર પણ વાજિબ છે. જો છોકરો, છોકરી બન્ને હોય તો બન્ને પર સરખી રીતે વાજિબ છે. જો બે છોકરા હોય એમાં

એક માલિકે નિસાબ છે અને બીજો ઘણો માલદાર છે તો પણ બાપનું ભરણપોષણ બન્ને પર સરખી રીતે (એક સરખું) રહે છે.

*(દુર્રે મુખ્તાર, રદ્દુલ્ મુહતાર, બહાર)*

**મસ્અલા** : બાપ અને ઓલાદના ભરણપોષણમાં નઝદીકી તેમજ હિસ્સેદારીનો એ'તેબાર છે, વારસાઈનો નહીં. જેમ કે છોકરો અને પૌત્રી છે તો ભરણપોષણ છોકરા પર વાજિબ છે પૌત્ર પર નહીં. એ જ રીતે છોકરી છે અને પૌત્ર છે તો છોકરી પર છે પૌત્ર પર નહીં. પૌત્ર અને નવાસો કે નવાસી છે તો બન્ને પર સરખી રીતે (ભરણપોષણ) છે તેમજ છોકરી અને બહેન કે ભાઈ છે તો બેટી પર છે. નવાસી, નવાસા અને ભાઈ છે તો તેમના (નવાસા, નવાસી) પર છે ભાઈ પર નહીં. બાપ અથવા માં અને છોકરો છે તો બેટા પર છે. દાદા અને પૌત્ર છે તો ત્રીજો ભાગ (૧/૩) દાદા પર અને બાકીનો ભાગ (૨/૩) પૌત્ર પર છે. બાપ અને નવાસા, નવાસી છે તો બાપ પર છે. *(રદ્દુલ્ મુહ્તાર)*

**મસ્અલા** : જો બાપ તંગદસ્ત છે અને એને નાનાં નાનાં બાળકો છે અને તે બાળકો મોહતાજ છે અને મોટો છોકરો માલદાર છે તો બાપ અને બાપની બધી ઓલાદનું ભરણપોષણ તે છોકરા (માલદાર) પર વાજિબ છે. *(હિંદિયા, બહાર)*

**મસ્અલા** : ઈલ્મે દીનનો તાલિબ જો કે તંદુરસ્ત છે પણ તે ઈલ્મે દીન શીખવામાં લાગેલો છે તો એનું ભરણપોષણ રિશ્તેદારો પર ફર્ઝ છે. *(દર વ બહાર)*

**મસ્અલા** : નજદીકી રિશ્તેદાર ગાયબ છે અને દૂરનો રિશ્તેદાર મૌજૂદ છે તો ભરણપોષણ તે દૂરના રિશ્તેદાર પર રહેશે. *(દુર્રે મુખ્તાર, બહાર)*

**મસ્અલા** : ઓરતનો ધણી તંગદસ્ત છે અને ભાઈ માલદાર છે તો ખર્ચ કરવાનો હુકમ ભાઈને આપવામાં આવશે. પછીથી જયારે ધણી પાસે આવી જાય તો ભાઈ પાછા લઈ શકે છે.

*(દુર્રે મુખ્તાર, બહાર)*

**મસ્અલા** : જો રિશ્તેદાર મેહરમ ન હોય (જેમ કે પિત્રાઈ ભાઈ) અથવા મેહરમ હોય પણ રિશ્તેદાર ન હોય (જેમ કે રઝાઈ ભાઈ બહેન) કે રિશ્તેદાર મેહરમ હોય પરંતુ નજીકની હુરમત ન હોય (જેમ કે પિત્રાઈ ભાઈ જે રઝાઈ ભાઈ પણ છે) તો એ સંજોગોમાં ભરણપોષણ વાજિબ નથી. *(હિંદિયા, બહાર)*

**મસ્અલા** : લોંડી, ગુલામનું ભરણપોષણ માલિક પર છે. જો માલિક ભરણપોષણ આપવાનો ઈન્કાર કરે તો મજૂરી વગેરે કરીને પોતાના નિર્વાહમાં ખર્ચ કરે અને ઘટ પડે તો માલિક પાસેથી લે, બચત રહે તો માલિકને આપે. *(હિંદિયા વગેરે)*

**મસ્અલા** : જાનવર પાળ્યું અને તેનો ચારો નથી આપતો તો દયાનતન હુકમ આપવામાં આવશે કે ચારો આપે કે વેચી દે. જો ભાગીદારમાં છે અને ચારો આપવાથી ઈન્કાર કરે છે તો પણ કઝાઅન હુકમ કરવામાં આવશે કે ચારો દે અથવા વેચી દે.

**મસ્અલા** : જાનવર પર વજન (ભાર) લાદવામાં અને સવારી લેવામાં આવે તો એની તાકાતથી વધારે ન હોય એ બાબતનો ખયાલ રાખવામાં આવે. *(જૌહરા, નૈયરા)*

**મસ્અલા** : બાગ, ખેતી તેમજ મકાનમાં ખર્ચ કરવાની જરૂરત હોય તો ખર્ચ કરે, ખર્ચ ન કરીને એને બરબાદ ન કરે. કેમ કે માલને બરબાદ કરવાની મના છે. (દુર્રે મુખ્તાર, બહાર) **વલ્લાહુ તઆલા અઅ્લમ. બિહમ્દિ લિલ્લાહ** (તારીખ ૨૨–માહે રબીઉલ આખર, હિજરી ૧૩૭૦, કિતાબુન્નિકાહ્ વત્તલાક પૂરી થઈ.)

# لَيْسَ مِنَّا

# 'તે અમારો નથી'

હપ્તો : ૧૧

**અઝ** : દાઈએ કબીર મૌલાના **મુહમ્મદશાકિર નૂરી**

**અનુવાદક : મૌલાના ઈમરાન રઝા મિસ્બાહી**

## સ્ત્રી પુરૂષનું એકબીજાની મુશાબેહત અપનાવવું

કુદરતે સ્ત્રી, પુરૂષ બંનેવની ખાસિયતો અલગ અલગ રાખી છે અને તેમની બનાવટ તથા પેદાઈશ અને જીવનની જવાબદારીઓના આધારે તેમના માટે અલગ અલગ લિબાસ અને કાર્યરેખા પણ નિશ્ચિત કરેલ છે. દરેક માહોલમાં આ ફરકને ધ્યાનમાં રાખવામાં આવે છે ભલે તે મુસ્લિમ સમાજ હોય અથવા કાફિર, એટલા માટે તમે જોશો કે બંનેવના લિબાસની બનાવટ અને ડિઝાઈન એકબીજાથી અલગ અલગ હોય છે. પરંતુ આજનો દોર જેમાં શરાફત અને નીચતાનું માપદંડ લોકો વચ્ચે અપ્રાપ્ય થઈ ચૂક્યું છે, તો આ કુદરતના ક઼ાનૂન વિશે પણ લોકોનો અંદાઝ બદલાઈ ગયો છે.

ફેશનના નામ પર પુરૂષો અને સ્ત્રીઓના લિબાસમાં ભેળસેળ થઈ ગઈ છે કે ઘણીવાર એ સમજવું મુશ્કેલ થઈ જાય છે કે એ વસ્ત્રો ગ્રહણ કરેલ સ્ત્રી છે કે પુરૂષ ! વાસ્તવમાં આ બલા આપણા સમાજમાં ફિલ્મી એક્ટરોથી આવી. એટલા માટે કે આજે આપણે ફિલ્મી દુનિયાના લોકોના અનુસરણમાં ગર્વ મહેસૂસ કરવા લાગ્યા છીએ, ફલાણા હીરોએ આવો ડ્રેસ પહેર્યો છે એટલે આપણી આ ઔરતો એવા કપડાં પહેરશે. આપણને રસૂલુલ્લાહ ﷺના સહાબા, અહલે બૈતે અત્હાર, અને શમ્એ રિસાલત પર જાન નિછાવર કરવાવાળાનું અનુસરણ કરવાનો હુકમ આપવામાં આવ્યો હતો, પરંતુ ઘણા જ અફસોસની વાત છે કે આપણે તેને પીઠ પાછળ નાખી દીધો અને એવા લોકોનું અનુસરણ કરવા લાગ્યા જે આપણને જહન્નમના રસ્તા પર લઈ જનાર છે. આક઼ાએ કાએનાત ﷺ આજના આ દૌરને જોઈ રહ્યા હતા એટલા માટે જ આપે આજથી ૧૪૦૦ વરસ પહેલાં જ એ વિશે ફર્માન જારી ફર્માવી દીધું હતું. પુરૂષોને ફર્માવ્યું કે લિબાસ અને હાલ ચાલ દેખાવમાં સ્ત્રીઓની મુશાબેહત ન અપનાવો, અને સ્ત્રીઓને ફર્માવ્યું કે પુરૂષોની મુશાબેહત (તેમના જેવા દેખાવ, સ્ટાઈલ વગેરે)થી બચે.

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત છે. ફર્માવે છે :–

لَعَنَ رَسُوْلُ اللهِ صَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَ الْمُتَشَبِّهِيْنَ مِنَ الرِّجَالِ بِالنِّسَاءِ، وَالْمُتَشَبِّهَاتِ مِنَ النِّسَاءِ بِالرِّجَالِ۔

"રસૂલુલ્લાહ ﷺએ ઔરતની મુશાબેહત કરનાર પુરૂષો અને પુરૂષોની મુશાબેહત કરનાર ઔરતો પર લા'નત ફર્માવી."

*(સહીહ બુખારી, ૭/૧૫૯)*

કારણ કે આ મુશાબેહત ઈસ્લામી તા'લીમાત અને સૈયદે આ઼લમ ﷺના તરીક઼ાથી વિરુદ્ધ છે એટલા માટે આ મુશાબેહત કરનારાઓ વિશે આક઼ાએ કૌનૈન ﷺએ ફર્માવ્યું કે તે અમારામાંથી નથી.

હઝરત ઉમ્મે સઈદ رضی اللہ عنہا બયાન ફર્માવે છે કે સૈયદે આ઼લમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો :

لَيْسَ مِنَّا مَنْ تَشَبَّهَ بِالرِّجَالِ مِنَ النِّسَآءِ، وَلَا مَنْ تَشَبَّهَ بِالنِّسَآءِ مِنَ الرِّجَالِ۔

"જે સ્ત્રીઓ પુરૂષોની મુશાબેહત અપનાવે અને જે પુરૂષો સ્ત્રીઓની મુશાબેહત અપનાવે તે અમારામાંથી નથી." *(મુસ્નદે અહમદ, ૬/૩૫૩)*

શરીઅતે મુતહ્હરાએ સ્ત્રી, પુરૂષના પ્રાકૃતિક તફાવતને આધારે કેટલાક નિયમો નક્કી કર્યા છે. જેમાંથી એક એ છે કે એકબીજાથી અલગ રહેવું જોઈએ. એટલા જ માટે રસૂલુલ્લાહ ﷺએ સ્ત્રી પુરૂષને એકબીજાની મુશાબેહતથી સખતીથી મના ફર્માવ્યું છે. યાદ રહે કે એકબીજાની મુશાબેહતથી એ એક આમ હુકમ છે જેમાં કપડામાં મુશાબેહત, વાતચીતમાં મુશાબેહત અને બીજી બાબતોમાં મુશાબેહત પણ સામેલ છે."

**૦૧.** સ્ત્રીઓ માટે પુરૂષો જેવાં કપડાં પહેરવાં અને પુરૂષો માટે સ્ત્રીઓ જેવાં કપડાં પહેરવાં ભલે રંગમાં હોય અથવા બનાવટમાં જાઈઝ નહીં થાય. જેમ કે પેન્ટ, શર્ટ અને કુર્તો વગેરે સ્ત્રીઓ માટે, અને ભડકાઉ લાલ રંગ તથા સ્ત્રીઓ માટે બનાવવામાં આવેલા છીંટ અને છાપકામવાળાં કપડાં પુરૂષો માટે જાઈઝ ન થશે.

હદીષે પાકમાં છે કે રસૂલુલ્લાહ ﷺએ એ પુરૂષ પર લા'નત મોકલી જે સ્ત્રી જેવાં કપડાં પહેરે છે અને એ સ્ત્રી પર લા'નત કરી જે પુરૂષો જેવા કપડાં પહેરે છે. *(સુનને અબૂ દાઊદ, મુસ્નદે અહમદ)*

**૦૨.** પુરૂષો માટે ચાંદીની એક અંગૂઠી સિવાય સોના, ચાંદી તથા કોઈ પણ ધાતુનાં ઘરેણા એટલા માટે જ હરામ છે કે ઘરેણા શણગાર માટે હોય છે. અને શણગાર કેવળ સ્ત્રી માટે જાઈઝ છે કે તે પોતાના પતિ માટે કરે, પુરૂષ માટે ચાંદીની એક અંગૂઠી તે પણ કેટલીક શરતો સાથે જાઈઝ છે.

**૦૩.** બોલચાલમાં પણ પુરૂષ માટે જાઈઝ નથી કે સ્ત્રીઓનો અંદાઝ અપનાવે અને એ જ રીતે સ્ત્રીઓ માટે પણ જાઈઝ નથી કે પુરૂષોનો અંદાઝ અપનાવે.

**૦૪.** સ્ત્રીઓ માટે વાળને એવી રીતે કાપવા હરામ છે જે રીતે પુરૂષો પોતાના વાળ કપાવે છે. બલ્કે આમ હાલતમાં પણ સ્ત્રીઓને પોતાના વાળ કાપવાની ઈજાઝત નથી. માત્ર એહરામથી બહાર નીકળવા માટે આંગળીના એક બેડકા બરાબર વાળ કાપવાની ઈજાઝત છે.

**૦૫.** ઈબાદતોમાં પણ જયાં જયાં શરીઅતે મુતહ્હરાએ પુરૂષો અને સ્ત્રીઓના તરીક઼ામાં ફર્ક રાખ્યો છે તેમાં ફર્ક કરવો જરૂરી છે. જેમ કે સ્ત્રીના સજદા કરવાની રીત પુરૂષથી અલગ છે, હજ્જ દરમિયાન સ્ત્રી અને પુરૂષના એહરામમાં ફર્ક કરવામાં આવશે વગેરે.

**૦૬.** જો કોઈ પુરૂષમાં સ્વભાવિક રીતે અમુક સ્ત્રીઓ જેવી ખાસિયતો હોય અથવા સ્ત્રીમાં પુરૂષો જેવી ખાસિયતો હોય તો તેમને છોડવું જરૂરી છે અને તેમને દૂર કરવાની કોશિશ કરવી વાજિબ છે.

હુઝૂર સૈયદે આલમ ﷺની નજરમાં સ્ત્રીઓનું પુરૂષોની મુશાબેહત અપનાવવું કેટલું નાપસંદ હતું તેનો અંદાઝો ફતાવા રઝવિય્યહ્ શરીફની નિમ્ન ઈબારતથી કરો :-

અરબની સ્ત્રીઓ જે ઓઢણી ઓઢતી તેને હિફાઝત માટે માથા પર લપેટી લેતી. તેના પર ઈર્શાદ થયો કે એક પેચ લપેટે, બે પેચ ન હોય જેથી

અમામાથી મુશાબેહત (મળતાપણુ) ન થાય. સ્ત્રીને પુરૂષ અને પુરૂષને સ્ત્રી સાથે મળતાપણુ હરામ છે.

ઈમામ અહમદ, અબૂ દાઊદ તથા હાકિમે, હસન સનદની સાથે ઉમ્મુલ મુઅ્મિનીન ઉમ્મે સલ્મા رضی اللہ عنہاથી રિવાયત કરી :–

اَنَّ النَّبِیَّ صَلَّی اللّٰهُ عَلَیْهِ وَسَلَّمَ دَخَلَ عَلَیْهَا وَہِیَ تَخْتَمِرُ فَقَالَ لَیَّةً لَا لَیَّتَیْنِ۔

નબીએ અકરમ સૈયદા ઉમ્મે સલ્મા رضی اللہ عنہاને ત્યાં તશરીફ લઈ ગયા તો જોયું કે તેઓ ઓઢણી ઓઢી રહ્યાં છે. તો ઈર્શાદ ફર્માવ્યું, માથા પર માત્ર એક પેચ આપો બે બેચ ન થાય.

*(અબૂ દાઊદ કિતાબુલ્ લિબાસ, ૪/૮૮, હદીષ નં. ૪૧૧૫)*

તયસીર શર્હે જામેએ સગ઼ીરમાં છે :

حَذَرًا مِّنَ التَّشَبُّهِ بِالْمُتَعَمِّمِیْنَ એ અંદેશાથી (આપે આમ ફર્માવ્યું કે) અમામા બાંધવાવાળાઓ સાથે મળતાપણુ ન થઈ જાય. (તૈસીર શર્હે જામેએ સગ઼ીર હ઼ર્ફુલ્લામ, ૨/૩૩૫) જુઓ ! આખો સ્ત્રી માટેનો લિબાસ મળતાપણુ દૂર કરવા માટે પૂરતો ન થયો, કેવળ ઓઢણીના બે વળ મળતાપણુ પેદા કરનાર થઈ ગયા. *(ફતાવા રઝવિય્યહ્, ૨૪/૫૩૬)*

આજના આ ફિત્નાઓના દોરમાં ફેશનના નામ પર અજીબો ગરીબ લિબાસ પહેરવામાં આવી રહ્યા છે, હેર સ્ટાઈલના નામ પર વાળોને અજબ રીતે કાપવામાં આવે છે. ફેશનના નામ પર પુરૂષ સ્ત્રીઓની અને સ્ત્રીઓ પુરૂષોની મુશાબેહત અપનાવી રહ્યાં છે. યાદ રાખો ! આ વાતો શરીઅ્તે મુતહ્હરાના વિરુદ્ધ અને અલ્લાહ અને તેના રસૂલ ﷺની નારાઝગીનું કારણ છે. તેમનાથી જરૂર બચવું જોઈએ અને એવા કાર્યો કરવા જોઈએ જેમાં અલ્લાહ અને તેના રસૂલ ﷺની રઝામંદી હોય. *(ક્રમશઃ)*




# મ્યુચ્યુઅલ ફંડનો

## શરઈ હુકમ

**અઝ :** *મુહક્કિકે મસાઈલે જદીદા*

**હઝરત મુફ્તી મુહમ્મદનિઝામુદ્દીન રઝવી**

*(રિસર્ચ સ્કોલર : જામિઆ અશ્રફિયહ–મુબારકપુર)*

**અનુવાદક : પટેલ અબ્દુર્રહમાન મિસ્બાહી (પારખેત)**

*(રિસર્ચ સ્કોલર : જામિઆ અશ્રફિયહ–મુબારકપુર)*

'મ્યુચ્યુઅલ ફંડ' (**Mutual Fund**) એક એવી કંપની છે જે ઘણા લોકો પાસેથી કોમ કે ધર્મનો ભેદભાવ રાખ્યા વિના, ઘણી બધી રકમ ભેગી કરે છે અને તેમાં પોતાની રકમ પણ મિલાવે છે. પછી ટોટલ રકમનો અમુક ભાગ રોકડા રૂપે સાચવી રાખે છે જેથી તે પોતાની અથવા બીજાઓની મુશ્કેલ ઘડીમાં કામ લાગે. અને બાકીનાની લગભગ બધી રકમ કારોબારી કંપનીઓના **Equity shares, Preference shares** અને **Consois**માં લગાડે છે. અને તે કંપનીઓ રકમ રોકનારાઓને કરાર મુજબ નફો આપે છે. તેના કાર્યકર્તાઓ ધ્યાન રાખે છે કે કઈ કારોબારી કંપનીઓ વધારે નફામાં ચાલી રહી છે અને કઈ વધુ ભરોસાપાત્ર છે જેમાં નુકસાનનો ભય ઓછામાં ઓછો હોય, પછી કાર્યકર્તાઓ એવી અમુક કંપનીઓ સિલેક્ટ કરીને તેમાં રકમ રોકે છે. અમુક કંપનીઓમાં રકમ રોકવાનો ધ્યેય તેમનો એ હોય છે કે માની લઈએ કે નુકસાન થશે તો એક બે કંપનીઓમાં થશે, બધામાં નહીં થાય. એક બેમાં નુકસાન થાય અને બાકી બધીમાં નફો મળે તો નુકસાનની ભરપાઈ થઈ થશે, બલ્કે છેવટે નફો જ થશે. 'મ્યુચ્યુઅલ ફંડ' (**Mutual Fund**) પોતાની આ સેવા બદલ પબ્લિક પાસેથી સર્વિસ ચાર્જના નામે નજીવી રકમ પણ વસૂલે છે જે સામાન્ય રૂપે ૨.૨૫ % હોય છે.

યાદ રાખશો કે 'ઈક્વિટી શેર'ના ભાગીદારો નફા અને નુકસાન બંનેમાં જોડાયેલા હોય છે, અને પ્રિફર્ડ શેરના ભાગીદારો નુકસાનમાં જોડાયેલા નથી હોતા, બલ્કે તેમના નફાનો ભાગ પહેલાંથી જ નક્કી હોય છે. જે કોઈપણ સંજોગોમાં તેમને મળશે, કારોબારી કંપની નફામાં હોય કે નુકસાનમાં.




આ બધી પરિસ્થિતિ જોતાં પ્રથમ પ્રશ્ન એ સામે આવે છે કે મ્યુચ્યુઅલ ફંડમાં ભાગ લેવો કયા શરઈ કરાર હેઠળ આવે છે, અને બીજો પ્રશ્ન એ છે કે તેમાં ભાગીદારી શરીઅતની રોશનીમાં જાઈઝ છે કે નહીં ? અને તેના દ્વારા મળનારી નફાની રકમનો શું હુકમ છે ? આ બાબતોને જોતાં નીચે મુજબનો ફેંસલો થયો :–

**જવાબ / ફેંસલો**

**(૧)** 'મ્યુચ્યુઅલ ફંડ' **(Mutual Fund)** કાર્યકતાઓને રકમ એ રીતે આપવામાં આવે છે કે તેઓ પોતાને જણાવેલા સિસ્ટમ મુજબ રોકાણ કરે. પછી કાર્યકતાઓ તે રકમ ઈક્વિટી શેર, પ્રિફર્ડ શેર અને કન્સલ્સ અથવા બોન્ડમાં રોકે છે. એ હિસાબે પહેલો ઠરાવ જે 'મ્યુચ્યુઅલ ફંડ'ની કમિટી જોડે થયો, તે ફક્ત "વકાલત" છે.

ત્યાર બાદ ફંડના જવાબદાર લોકોએ કંપનીઓ સાથે 'ઈક્વિટી' શેરના જે કરાર કર્યા તે 'શિર્કતે ઈનાન'★ છે. અને પ્રિફર્ડ શેર તથા કન્સલ્સના જે ઠરાવ કર્યા છે તે 'કરજ' છે.

**(૨)** જો અમુક કંપનીઓ ફક્ત ઈક્વિટી શેરમાં રોકાણ કરે છે, પ્રિફર્ડ શેર અને કન્સલ્સની રકમ ન આપે છે ન લે છે, અને મુસલમાનને ગાલિબ ગુમાન હોય કે તેને નુકસાન નહીં થાય, **તો આવી કંપનીઓમાં ભાગ લઈ શકે છે.** છતાંય સાવચેતી એ જ છે કે **વધુ દિવસો સુધી પોતાની રકમ તેમાં ન રાખે,** જ્યારે કંપની નફામાં ચાલી રહી હોય ત્યારે જ પોતાની રકમ કાઢી લે.

અને જે કંપનીઓ પ્રિફર્ડ શેર તથા કન્સલ્સ (કે બોન્ડ) પણ ઈશ્યૂ કરે છે, અથવા જે કંપનીઓમાં બંને પ્રકારનું રોકાણ કરવામાં આવે છે, તેમાં પણ રોકાણ કરે છે, **તે કંપનીઓના મ્યુચ્યુલ ફંડમાં ભાગ લેવો નાજાઈઝ અને ગુનાહનું કામ છે,** કેમ કે આ બંને જાતની રકમ વ્યાજની શરતે લેવાય દેવાય છે.

**(૩)** પ્રથમ પ્રકારની કંપનીઓ દ્વારા **કારોબાર પણ જાઈઝ** અને તે કારોબારથી મળેલો **નફો પણ હલાલ તથા પાક** છે. બીજા પ્રકારની કંપનીઓ દ્વારા **કારોબાર નાજાઈઝ** છે. મુસલમાનો તેમાં ભાગ ન લે, અને જેમણે ભાગ લઈ લીધો તેઓ વહેલી તકે પોતાની રકમ તેમાંથી કાઢીને જુદા થઈ જાય, અને આ કારોબારી તેમને જે નફો મળ્યો છે તે બે પ્રકારનો છે :

એક તે જે ઈક્વિટી શેરનો છે.

બીજો તે જે પિફર્ડ શેર અને કન્સલ્સનો છે.

**પ્રથમ પ્રકારનો નફો તેઓ લઈ શકે** છે. જ્યારે કે **બીજા પ્રકારનો નફો તેઓના માટે નાજાઈઝ** છે. એટલા માટે તે (નફો) લઈને ફકીરો અને મિસ્કીનોમાં વહેંચી દે. (વલ્લાહુ તઆલા અઅ્લમ)

*–(મજલિસે શરઈ કે ફૈસલે, પેજ–૩૩૫ થી ૩૩૭)*

★ **શિર્કતે ઈનાન :** *એ છે કે બે શખ્સ કોઈ ખાસ પ્રકારનો વેપાર અથવા દરેક પ્રકારના વેપારમાં ભાગીદારી કરે પરંતુ બીજાનો જામિન ન હોય કેવળ બંને ભાગીદાર પરસ્પર એક બીજાના વકીલ થશે. માટે શિર્કતે ઈનાનમાં શરત એ છે કે દરેક એવો હોય જે બીજાને વકીલ બનાવી શકે. (દુર્રે મુખ્તાર, આલમગીરી) વધુ સમજવા બહારે શરીઅત, ભાગ–૧૦, જુઓ.*

# મુસલમાનોની
## બુઝદિલીના સબબો

**હપ્તો : ૦૮**

**અઝ : દાઈએ કબીર મૌલાના મુહમ્મદશાકિર નૂરી**
*(અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી–મુંબઈ)*
**અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી**
*(તંત્રી : બરકાતે ખ્વાજા માસિક)*

### ★ મૌતથી નફરત કેમ પેદા થાય છે ?! ★

એ હક઼ીક઼ત છે કે જે શખ્સ માલ તથા દૌલત જમા કરીને રાખે છે તેના દિલમાં આપોઆપ મૌતથી નફરત પેદા થવા લાગે છે. તે માલ તથા દૌલત જમા કરવા અને તેના ફાયદા ઉઠાવવાને જ જિંદગીનો હેતુ સમજવા લાગે છે. તેની સરખામણીમાં જે શખ્સ માલ તથા દૌલતને નેકીનાં કામોમાં ખર્ચ કરે છે અને તેને આખેરતનો તોશો (ભાથુ) બનાવીને આગળ મોકલી દે છે તો તેના દિલમાં મૌતથી મહોબ્બત પેદા થઈ જાય છે. એટલા માટે કે તેને માલૂમ છે કે તેણે આખેરતના માટે જે સરમાયો મોકલ્યો છે તેનાથી ફાયદો તે મૃત્યુ બાદ જ પામી શકે છે.

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત છે. ફર્માવે છે, એક શખ્સ નબીયે રહમત صلی اللہ علیہ وسلمની ખિદમતે આલિયામાં હાજર થયા અને કહેવા લાગ્યા, યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم શું કારણ છે કે મને મૌતથી ખૂબ જ નફરત છે ? આપે ફર્માવ્યું, શું તમારી પાસે માલો દૌલત છે ? તેમણે અર્ઝ કરી, હા છે ! આપે ફર્માવ્યું :

قَدِّمْهُ فَاِنَّ قَلْبَ الْمُؤْمِنِ مَعَ مَالِهٖ اِنْ قَدَّمَهٗ اَحَبَّ اَنْ يَّلْحَقَ بِهٖ وَاِنْ اَخَّرَهٗ اَحَبَّ اَنْ يَّتَاَخَّرَ مَعَهٗ۔

"તેને સદક઼ો કરી દો, કેમ કે મુસલમાનનું દિલ તેના માલની સાથે હોય છે. જો તે તેને આગળ મોકલી આપે તો દિલમાં ખ્વાહિશ પેદા થાય છે કે તે તેને જઈને મળે. અને જો પાછળ છોડે છે તો તેને ખ્વાહિશ થાય છે કે તેની સાથે પાછળ જ રહી જાય."

જાણવા મળ્યું કે જો દિલમાં મૌતની મહોબ્બત છે તો સમજી લેવું જોઈએ કે માલ તથા દૌલતની મહોબ્બતથી દિલ પાક તથા સાફ છે અને જો દિલમાં મૌતથી નફરત છે તો સમજી લેવું જોઈએ કે દિલમાં માલ તથા દૌલતની મહોબ્બત વસેલી છે.

### ★ સૌથી મહાન વાઈઝ ★

જેના પર કોઈની નસીહત અસર ન કરતી હોય તેણે જોઈએ કે મૌતને ખૂબ જ પ્રમાણમાં યાદ કરવાનું શરૂ કરી આપે, ત્યારબાદ આપોઆપ જ તેનું દિલ પીગળવાનું શરૂ થઈ જશે, અને તેને પોતાની આખેરત સમારવાની ચિંતા થવા લાગશે.

હઝરત અમ્માર બિન યાસર رضی اللہ عنہથી મરવી છે કે હુઝૂર સૈયદે કૌનેન صلی اللہ علیہ وسلمએ ઈર્શાદ ફર્માવ્યો : كَفٰى بِالْمَوْتِ وَاعِظًا "મૌત સૌથી મોટો વાઈઝ છે."

*(શરહુસ્સુદૂર, પેજ–૨૭)*

જ્યારે માણસ બેરાહરવી (આવારગી)નો શિકાર થાય છે તો નસીહત કરનારાઓની નસીહત તેના પર અસર નથી કરતી. તો એક જ નાસેહ છે જેની નસીહત અસરકારક સાબિત થઈ શકે છે અને તે છે મોતની યાદ ! જ્યારે મૌતનો ખયાલ દિલમાં પેદા થાય છે તો આવારાપણાની સર્વ મજાઓ ખત્મ થઈ જાય છે અને માણસના દિલમાં આખેરતનો

ખયાલ અને તેની તૈયારીની ફિકર પેદા થવા માંડે છે. એટલા માટે મૌતને સૌથી મોટો વાઈઝ ગણવામાં આવે છે.

હઝરત ઈબ્ને અબી દુન્યાએ રિવાયત કરી છે કે હઝરત ઈમામ તયમી رحمۃ اللہ علیہ ફર્માવે છે : બે ચીજોએ દુનિયાની મજાને મારા દિલથી ખત્મ કરી નાખી : (૧) મૌતનો ઝિક્ર અને (૨) અલ્લાહ તબારક વ તઆલાની સામે ઉભા થવાનો ડર.

*(શરહુસ્સુદૂર, પેજ–૨૭)*

## ★ દુનિયાથી લાલચહિન કરનાર ★

દુનિયાની મહોબ્બત અનેક બુરાઈઓની જડ છે અને એનાથી નજાતનો ઝરીયો એ જ છે કે દિલમાં મૌતની મહોબ્બત હોય. જો દુનિયાની મહોબ્બત અને મૌતથી નફરત કોઈના દિલમાં એક સાથે મૌજૂદ હોય તો તે તબાહીની અણીએ પહોંચી જાય છે. દુનિયાથી પોતાના દિલને મોહમુક્ત કરવાનો આસાન ઝરીયો એ જ છે કે વારંવાર મૌતને યાદ કરવામાં આવે અને તેના માટેની તૈયારીની કોશિશ કરવામાં આવે.

હઝરત રબીઅ બિન અનસ رضی اللہ عنہથી મરવી છે કે હુઝૂર સૈયદે કૌનેન صلی اللہ علیہ وسلمએ ઈર્શાદ ફર્માવ્યો,

كَفٰى بِذِكْرِ الْمَوْتِ مُزَهِّدًا فِي الدُّنْيَا، مُرَغِّبًا فِي الْاٰخِرَةِ-

"દુનિયાથી સૌથી અધિક નિર્મોહી (લાલચમુક્ત) કરનાર અને આખેરત તરફ સૌથી અધિક આકર્ષનાર મૌતને યાદ કરવું છે."

*(શોઅબુલ ઈમાન લિલ્બયહક઼ી, ૧૩/૧૩૫)*

એટલે કે જો કોઈ શખ્સ દુનિયાથી મોહમુક્ત અને આખેરત તરફ વળવા ચાહે છે તો તેણે જોઈએ કે મૌતને ખૂબ જ અધિક પ્રમાણમાં યાદ કર્યા કરે. એનાથી એના દિલમાં એ ખયાલ બેસેલો રહેશે કે દુનિયા દિલ લગાડવાની ચીજ નથી, કેમ કે એક ન એક દિવસે અહીંથી રુખસદ થવાનું છે અને તેની સાથોસાથ તેને આખેરતની તૈયારી કરવાની ફિકર થશે કેમ કે ત્યાં હમેશાં રહેવાનું છે.

## ★ દિલ કાટમય બને છે ★

જેવી રીતે લોખંડને કાટ લાગે છે એવી જ રીતે ગુનાહોના મેલ કચરાથી દિલ પણ કાટમય બની જાય છે. હદીષે પાકમાં એ કાટવાળા દિલની સફાઈનો તરીક઼ો બતાવવામાં આવ્યો છે.

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما વર્ણવે છે :

قَالَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ : اِنَّ هٰذِهِ الْقُلُوْبَ تَصْدَأُ كَمَا يَصْدَأُ الْحَدِيْدُ اِذَا أَصَابَهُ الْمَاءُ- قِيْلَ يَا رَسُوْلَ اللّٰهِ وَمَا جِلَاؤُهَا؟ قَالَ: كَثْرَةُ ذِكْرِ الْمَوْتِ وَتِلَاوَةِ الْقُرْاٰنِ-

"રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ઈર્શાદ ફર્માવ્યો, જેવી રીતે પાણી લાગવાથી લોખંડ કાટમય બની જાય છે એવી જ રીતે (ગુનાહોના સબબથી) દિલ પણ કાટમય બની જાય છે. અર્ઝ કરવામાં આવી, યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم તેની સફાઈ કેવી રીતે થશે ? ફર્માવ્યું, મૌતને કષરતથી (ખૂબ જ અધિક પ્રમાણમાં) યાદ કરવાથી અને કષરતથી કુર્આનની તિલાવત કરવાથી." *(મિશ્કાત, પેજ : ૬૬૬)*

એક રિવાયત હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી છે કે આક઼ાએ કૌનેન صلی اللہ علیہ وسلمએ ઈર્શાદ ફર્માવ્યો, જ્યારે મો'મિન બંદો ગુનોહ કરે છે તો તેના દિલ પર એક કાળુ ટપકુ પડી જાય છે. જો તૌબા તથા ઈસ્તિગફાર કરી લે તો દિલથી તે નુક્તો (ટપકુ) નષ્ટ થઈ જાય છે, અને જો ગુનાહ કર્યે જ જાય તો તે કાળા ધબ્બામાં વધારો થતો જાય છે. આ તે જ "رَانَ" છે જેના બારામાં કુર્આનમાં ફર્માવવામાં આવ્યું : كَلَّا بَلْ رَانَ عَلٰى قُلُوْبِهِمْ مَّا كَانُوْا يَكْسِبُوْنَ "કોઈ નહીં બલ્કે

તેમનાં દિલો પર કાટ ચઢાવી દીધો છે તેમની કમાઈઓએ." *(સૂ. મુતફ્ફીન, આ. ૧૪)*

*–(મિશ્કાતુલ મસાબીહ, પેજ : ૭૨૪)*

આ બંનેવ રિવાયતોથી જાણવા મળ્યું કે જ્યારે દિલ ગુનાહોની પ્રતિ આકર્ષિત થાય છે તો ધીરે ધીરે કાટમય થવા માંડે છે. પછી પછી તેને ચમકાવવું હોય તો મૌતને ખૂબ જ અધિક પ્રમાણમાં યાદ કરવું પડશે જેથી દિલ ઈબાદતની તરફ વળે અને તેની સાથોસાથ ખૂબ જ પ્રમાણમાં કુર્આન મુક઼દસની તિલાવત કરવી પડશે. હક઼ીક઼તમાં મૌતનું ઝિક્ર ગુનાહો તથા દુનિયાની મહોબ્બતથી નિર્મોહી કરશે અને તિલાવતે કુર્આનની અધિક્તા એમાં નૂરાનિયત તથા રૂહાનિયત પેદા કરશે.

## ★ મૌત સૌના માટે બેહતર છે ★

મો'મિનની શાન એ છે કે તેનું દિલ મૌતથી નફરત નથી કરતું બલ્કે એના દિલમાં મૌતની મહોબ્બત હોય છે. એનું એક મોટુ કારણ છે કે જે હદીષે પાકમાં વર્ણન થયેલ છે :

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ رضی اللہ عنہથી મરવી છે કે રસૂલુલ્લાહ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, માણસ ચાહે નેકોકાર હોય કે બદ્કાર, મૌત એના માટે બેહતર છે. જો નેકોકાર છે તો તેના માટે અલ્લાહ તઆલા ફર્માવે છે, وَمَا عِنْدَ اللهِ خَيْرٌ لِّلْاَبْرَارِ (અને જે અલ્લાહની પાસે છે તે નેકોના માટે સૌથી સારું. –સૂ. આલે ઈમરાન, ૩/૧૯૮) અને જો બદ્કાર છે તો એટલા માટે કે અલ્લાહ તઆલા ફર્માવે છે :

وَلَا يَحْسَبَنَّ الَّذِيْنَ كَفَرُوْا اَنَّمَا نُمْلِيْ لَهُمْ خَيْرٌ لِّاَنْفُسِهِمْ اِنَّمَا نُمْلِيْ لَهُمْ لِيَزْدَادُوْآ اِثْمًا

(અને કદાપિ કાફિર એ ગુમાનમાં ન રહે કે એ જે અમે તેમને ઢીલ આપીએ છીએ કાંઈક એમના માટે ભલુ છે, અમે તો એટલા માટે એમને ઢીલ આપીએ છીએ કે અધિક ગુનાહમાં વધે. –સૂ. આલે ઈમરાન, ૩/૧૭૮) –(મોઅજમે કબીર, ૯/૧૫૧)

આ રિવાયતથી જાણવા મળ્યું કે મૌત કોઈ રીતે નુકસાનકર્તા નથી. જો મો'મિન બંદો છે તો તેને મૌત તે ઈનામો તથા ઈકરામોથી મિલાવનારી છે જે અલ્લાહ તબારક વ તઆલાએ એના માટે તૈયાર રાખેલાં છે, અને જો બદ્કાર છે તો મૌત તેને જલ્દીથી જલ્દી કુકર્મોથી છૂટકારો આપશે, નહીં તો જ્યાં સુધી શ્વાસો ચાલુ હશે તેના ગુનાહોમાં વધારો થતો રહેશે.

## ★ શું તમે જન્નતને પ્રિય રાખો છો ? ★

આપણો એ અક઼ીદો છે કે અલ્લાહ તબારક વ તઆલાએ મુસલમાનના માટે જન્નત તૈયાર ફર્માવેલ છે. દુનિયાથી રૂખસદ થયા બાદ મો'મિનનું ઠેકાણુ જન્નત હશે. જો નેકોકાર છે તો તેની નેકીઓના બદલે તેને જન્નતમાં ઠેકાણુ અતા કરવામાં આવશે, અને જો બદ્કાર છે તો અલ્લાહ પોતાના ફઝલો કરમથી અથવા હુઝૂર રહમતે આલમ ﷺની શફાઅતથી માફ કરીને અથવા તો તેના ગુનાહોની સજા આપીને તેને ગુનાહોથી પાક કરીને જન્નતમાં દાખલ કરશે. દરેક મો'મિનને જન્નતમાં જવાની ખ્વાહિશ હોય છે અને દરેક જણને જન્નત પ્રિય હોય છે, પરંતુ જન્નતમાં એ ચીજ પહોંચાડશે તે મૌત છે.

હઝરત ઈબ્ને ષૌબાન વર્ણવે છે :

حَدَّثَنِيْ مَنْ سَمِعَ أَبَا عَبْدِ رَبِّ يَقُوْلُ لِمَكْحُوْلٍ: يَا أَبَا عَبْدِ اللهِ، أَتُحِبُّ الْجَنَّةَ؟ قَالَ: وَمَنْ لَّا يُحِبُّ الْجَنَّةَ؟ قَالَ: فَأَحِبَّ الْمَوْتَ، فَإِنَّكَ لَنْ تَرَى الْجَنَّةَ حَتّٰى تَمُوْتَ۔

"અબૂ અબ્દુર્રબે હઝરત મકહૂલથી કહ્યું, હે

અબૂ અબ્દુલ્લાહ ! શું તમે જન્નતથી મહોબ્બત કરો છો ? તેમણે કહ્યું, જન્નતથી કોણ મહોબ્બત કરશે નહીં ? એના પર તેમણે કહ્યું કે તો તમે મૌતથી મહોબ્બત કરો, એટલા માટે કે જ્યાં સુધી મૌત નથી આવતુ ત્યાં સુધી તમે જન્નત જોઈ નથી શકતા.

*(હિલ્યતુલ્ અવલિયા, ૫/૧૭૭)*

ખરેખર જન્નત મૃત્યુ બાદ જ મળનારી છે. એટલા માટે જે જન્નતનો ખ્વાહિશમંદ છે તે મૌતથી કદી પણ નફરત નથી કરી શકતો, બલ્કે તે મૌતને પ્રિય રાખશે કેમ કે મૌત તેને મંઝિલે મક્સૂદ (જન્નત) સુધી પહોંચાડનારી છે.

## ★ દુનિયામાં મુસલમાનનું દષ્ટાંત ★

હઝરત અલ્લામા જલાલુદ્દીન સિયૂતી رحمۃ اللہ علیہ એ પોતાની કિતાબ ''બુશ્રલ કઈબ બિ લિક્રાઈલ હ્બીબ''માં એક રિવાયત નકલ કરી છે જેમાં દુનિયામાં મો'મિનનું દષ્ટાંત ઘણા જ અનોખા અંદાઝમાં વર્ણવવામાં આવેલ છે.

સુલૈમ ઈબ્ને આમિર હબ્બારીથી મરફૂઅન્ રિવાયત થયેલ છે કે દુનિયામાં મો'મિનનું ઉદાહરણ એવું છે જેવી રીતે બાળક માના પેટમાં હોય છે કે જ્યારે તે માના પેટથી નીકળે છે તો નીકળવા પર રડે છે. પછી જ્યારે તે રોશની જોઈ લે છે અને દૂધ પી લે છે તો પોતાની જગાએ બીજીવાર પરત જવાનું પસંદ નથી કરતો. એ જ પ્રમાણે મો'મિન મૌતથી ભયભીત થાય છે, પછી જ્યારે તે પોતાના રબની પાસે જાય છે તો એ જ પ્રમાણે પરત મોકલવામાં આવવાનું પસંદ કરે છે જેવી રીતે પેદા થનારુ બાળક માના પેટની તરફ પરત કરી દેવાનું પસંદ કરે છે. *(પેજ : ૧૯)*

આ રિવાયતમાં ઘણા જ અનોખા અંદાજમાં મુસલમાનના માટે દુનિયાનું ઉદાહરણ રજૂ કરવામાં આવેલ છે. એક મો'મિનને એ વાત પર યકીન હોવું હોવું જોઈએ કે મૃત્યુ બાદ તેને રબનો દીદાર નસીબ થશે અને જન્નતની નેઅમતોથી તેને માલામાલ કરવામાં આવશે. જ્યારે આ ખયાલ દિમાગમાં બેઠેલો હશે તો મૌતથી કદી પણ નફરત થશે નહીં, બલ્કે મૌતને પોતાના માટે ગનીમત અને વર્ણવેલ નેઅમતોની પ્રાપ્તિનો ઝરીયો સમજશે. ...*(ક્રમશઃ)*


**ક઼ાનૂને શરીઅત**
(ભાગ–૧ તથા ભાગ–૨) (કુલ–૭૪૦ પેજીસ)
**લેખક : અલ્લામા શમ્સુદ્દીન જોનપૂરી** رحمۃ اللہ علیہ
**:: અનુવાદક ::**
**હાફેઝ મૂસા વેમી / ઈબ્રાહીમભાઈ વેમી**
**હદિયો : એક સેટના રૂા. ૨૫૦/-**

જેમાં અક઼ીદા, તહારત, નમાઝ, રોઝા, હજ, ઝકાત, કુર્બાની, તલાક઼, અખ્લાક઼િયાત સંબંધી મસાઈલ દર્શાવેલા છે. ઈલ્મે દીન શીખવું ફર્ઝ છે અને આ કિતાબમાં તદન જરૂરી મસાઈલો જ છે જેથી મુસલમાનના ઘર ઘરમાં આ કિતાબ હોવી જોઈએ. જેથી પુરૂષ, સ્ત્રીઓ, બાળકો સર્વે ઘર બેઠાં ઈલ્મ પ્રાપ્ત કરી શકે. કુર્આન તથા હદીષના પરથી ઉત્તમ જીવન બંધારણ રજૂ કરતી આ કિતાબનો અભ્યાસ અવશ્ય કરશો. મૌલા તઆલા સૌને નેક તૌફીક આપે. આમીન.

**પ્રકાશક**
**સુન્ની દા'વતે ઈસ્લામી–દયાદરા**
**મુ. પો. દયાદરા,**
**તા. જિ. ભરૂચ**
**મો. ૯૪૨૭૪૬૪૪૧૧**

**આલિમ બનાવનાર કિતાબ મંગાવો !**

**બહારે શરીઅત (ભાગ : ૧)**
**૧ થી ૫ હિસ્સા**
**બહારે શરીઅત (ભાગ : ૨)**
**૬ થી ૧૦ હિસ્સા**

જેમાં અક઼ીદા, વુઝૂ, ગુસ્લ, તયમ્મુમ, નમાઝ, રોઝા, હજ્જ, ઝકાત, તલાક઼ વિશે, ક઼સમ, મન્નત, ઝિના, શરાબ, તોહમત, ખૂન, ચોરી, જેહાદ, મુર્તદ.... વગેરે વિશે કુર્આન, હદીષની રૂએ મસાઈલનો ખજાનો (વાંચો–વંચાવો) **બંને ભાગના રૂા. ૪૫૦** (ટપાલ ખર્ચ રૂા.૫૦)

સંપર્ક કરો : **સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)**
મુ.પો. દયાદરા, તા. જિ. ભરૂચ, પિન : ૩૯૨૦૨૦, મો. ૯૪૨૭૪૬૪૧૧

# શબે મેઅરાજ અને શાને મુસ્તફા ﷺ

કાર્યાલય

વો સરવરે કિશ્વરે રિસાલત,
જો અર્શ પર જલ્વાગર હુએ થે
નયે નિરાલે તરબકે સામાં,
અરબકે મેહમાનકે લિયે થે

*–(આ'લા હઝરત رحمۃ اللہ علیہ)*

અલ્લાહ તઆલાએ પોતાની કુદરતની મહાન નિશાનીઓમાંથી મેઅરાજે મુસ્તફા ﷺને ખાસ સ્વરૂપે જાહેર કરી. તે એ કે ઈમામુલ મુરસલીન ﷺને જાગૃતાવસ્થામાં અર્શ સુધી પળવારમાં પહોંચાડયા. મલકૂત તથા સમાવાતનો ન કેવળ દીદાર કરાવ્યો બલ્કે મકાન તથા લામકાંની ખૂબ સૈરથી નવાઝીને રાતના ખૂબ જ ટૂંકા ગાળામાં પરત કર્યા.

## મેઅરાજનો મોજિઝો અજાયબીઓનું કેન્દ્ર

હુઝૂરે અન્વર ﷺના અસંખ્ય મોજિઝાઓમાંથી મેઅરાજનો મોજિઝો એટલો અજીબ છે કે અને અજાયબીઓનું કેન્દ્ર ઠરાવી શકાય છે. આમ તો મોજિઝામાં અલ્લાહની કુદરત જ કાર્યરત હોય છે, પણ જાહેર થવાના સ્થળ (જેના થકી જાહેર થાય તે)ની તબદીલીથી નામ બદલાય જાય છે. જો તેની કુદરત વિના વાસ્તાએ હોય તો ''આયત'' કહેવાય છે. નબીના વાસ્તાથી હોય તો 'મોજિઝો' કહેવાય છે અને વલીના વાસ્તાથી હોય તો 'કરામત' કહેવાય છે. જેથી આ કુદરતના મઝહરો (નબી, વલી વગેરે)માંથી કોઈ એકનો ઈન્કાર અસલમાં ઝાતે ઈલાહીના ઈન્કાર સમાન છે.

## પાક છે તે ઝાત : سُبۡحٰنَ الَّذِیۡ

પોતાના હબીબના ઉલ્લેખને અલ્લાહ તઆલાએ પોતાની પાકી તથા પ્રશંસા તથા તસ્બીહથી શરૂ કરીને મહોબ્બતવાળાઓને નિર્દેશ રૂપે બતાવ્યું કે જયારે તમે પણ મારા મહબૂબનો ઝિક્ર કરો તો તસ્બીહ પઢતા રહો. તેમજ સ્પષ્ટ કરવામાં આવી રહ્યું છે કે બેશક ! મેઅરાજનો બનાવ ઘણો જ આશ્ચર્યજનક છે, પણ મારી તરફ તો જુઓ! હું દરેક અયબ, ઉણપ, મજબૂરી, લાચારી તથા કમજોરીથી પાક તેમજ દરેક ચાહત પર કાદિર છું. અને વળી یُؤۡمِنُوۡنَ بِالۡغَیۡبِ (જોયા વિના ઈમાન લાવે... –*સૂ. બકરહ, ૨/૩*) પણ તો મારુ જ કલામ છે, તે ભૂલશો નહીં !

સૈર કરવું વિના ઈરાદા તથા વિના હરકતે શક્ય નથી. એમાં કેટલીક શરતો છે. મુહર્રિક, મુતહર્રિક, મબદાએ હરકત, મુદ્દતે હરકત, મકસદે હરકત અને મુન્તહાએ હરકત. (હરકત આપનાર, હરકત કરનાર, હરકતની જગા, હરકતની મુદ્દત, હરકતનો હેતુ અને હરકતની સીમા) કુર્આને કરીમે અક્કલના ગુલામો પર સર્વ બાબતો પહેલેથી જ સ્પષ્ટ કરી આપી કે હરકતમાં સૌ પ્રથમ મુતહર્રિક (હરકત કરાવનાર)ને સમજવો જરૂરી છે. જેમ કે ફર્માવ્યું : سُبۡحٰنَ الَّذِیۡ (પાક છે તે ઝાત !) તે ખુદ અલ્લાહની જાત છે ! સુબ્હાન : હરકત આપનાર, અબ્દ : (બંદો) હરકત કરનાર, લયલન : (રાત) હરકતની મુદ્દત, મસ્જિદે હરામ (બયતુલ્લાહ શરીફ) : હરકતનું સ્થળ, મસ્જિદે અકસા : હરકતની જમીની સીમા અને

હરકતનો છેડો : લામકાં قَابَ قَوْسَيْنِ اَوْ اَدْنٰی یا دنٰی فتدلٰی

## અઅ્લમુલ ખલાઈક઼ (મખ્લૂક઼માં સૌથી વિશેષ ઈલ્મવાળા)

શબે મેઅરાજમાં અંબિયા તથા રસૂલોએ મસ્જિદે અકસામાં ન કેવળ આપની ઈક઼તેદામાં નમાઝ જ અદા નથી કરી બલ્કે આ મસ્અલાનું અમલી રીતે સમર્થન કરી આપ્યું કે અમે નબુવ્વતના ઈલ્મો ઈરફાનના અમીન હોવા છતાં ઈમામતના માટે હબીબે અહમદે મુજતબા મુહમ્મદ મુસ્તફા ﷺને જ હક઼્ક઼દાર સમજીએ છીએ, કેમ કે સર્વ અંબિયા તથા મુરસલીન (નબીઓ તથા રસૂલો)માં આપ જ સૌ અધિક ઈલ્મવાળા છે. "અઅ્લમુલ ખલાઈક઼" હોવાની મહાન સાબિતી અન્ય શું હોય શકે છે. ફક઼ીહોએ ઈમામતની શરતોમાં એક મહત્વની શર્ત આ જ લખી છે કે احق بالا مامۃ اعلم ઈમામતના સ્થાનનો અધિક હક઼્ક઼દાર તે છે જે શરીઅતનો અધિક ઈલ્મ ધરાવે છે.

## નબીઓની હયાત

અંબિયા તથા મુરસલીન અમુકને અલ્લાહ તઆલાએ મુર્દાને ઝિંદા કરવાનો મોજિઝો અતા કર્યો હતો. જેમનામાં હઝરત સૈયદના ઈબ્રાહીમ, હઝરત મૂસા, હઝરત સૈયદના ઈસા عَلَیْہِمُ السَّلَام ખાસ નોંધપાત્ર છે. પરંતુ સૈયદે આલમ નબીયે મુકર્રમ ﷺના મેઅરાજના મોજિઝાએ તમામ અંબિયા તથા મુરસલીનને બરઝખની જિંદગીથી દુનિયાની જિંદગી અતા કરીને મસ્જિદે અકસામાં એકત્ર કર્યા, જ્યાં આપની ઈકતેદામાં (ઈમામત હેઠળ) નમાઝે શબે અસ્રા અદા કરી જે કેવળ તેમના પર ફર્ઝ હતી, જેથી કરીને મીષાકના વાયદાનું અમલી સમર્થન થઈ જાય.

*દીયે મોજિઝે અંબિયાકો ખુદાને*
*હમારા નબી મોજિઝા બનકે આયા*

## દીદારે ઈલાહીનો પ્રથમ ઈચ્છુક

કુર્આને કરીમમાં દીદારે ઈલાહીના પ્રથમ તમન્નાઈ (ઈચ્છુક) હઝરત સૈયદના મૂસા કલીમુલ્લાહ علیہ السلام જોવા મળે છે. જેમણે સ્પષ્ટપણે બારગાહે ઈલાહીમાં અર્ઝ કરી, ઈલાહી ! હું તારા દીદારનો તાલિબ છું. અલ્લાહ તઆલાએ ફર્માવ્યું, મારા કલીમ ! તમે મારી ઝિયારતની તાબ નથી ધરાવતા, અલ્બત્ત ! હું મારા અન્વાર તથા તજલ્લીઓમાંથી કોહે નૂર પર પ્રતિબિંબ નાખુ છું તેના તરફ જુઓ, જો પહાડ સલામત રહે અને તમારા હોશ સહન કરી શકે તો વાત બની શકે છે. પછી શું થયું ?!

موسیٰ ز ہوش رفت بیک پر تو صفات
تو عین ذات می نگری در تبسمی

**અર્થાત** : "મૂસા علیہ السلام સિફતની એક તજલ્લીના કારણે બેહોશ થઈ ગયા. અને હે હબીબ! ﷺ તમે અલ્લાહની અયન ઝાતને જોઈ અને મુસ્કારાતાં મુસ્કુરાતાં જોયી."

## પ્રથમ અવકાશ યાત્રી

ઈસ્લામી જગતના સર્વ ફિર્કા તથા મઝહબો એ વાત પર એકમત છે કે હઝરત ઈસા علیہ السلامને યહૂદીઓની બુરાઈથી મેહફૂઝ કરીને આસ્માનો પર ઉઠાવી લીધા અને આજ સુધી જસદે ઉન્સરી (જાહેરી શરીર)ની સાથે આસ્માનો પર જલ્વા અફરોઝ છે. પછી ક઼યામની નજીકમાં આસ્માનથી નુઝૂલ કરશે (ઉતરશે). એક મુદ્દત સુધી દીને મુસ્તફવીની તબ્લીગ તથા પ્રચારમાં વ્યસ્ત રહેશે અને પછી વિસાલના સમયે ખાતમુલ મુરસલીન રહમતુલ

લિલ આલમીન ﷺના મઝારે અક્દસમાં ગુંબદે ખદ્રાના સાયા હેઠળ દફન થશે.

મજાની વાત એ છે કે ઈસાઈ તથા યહૂદી પણ એ અક્ીદો રાખે છે કે હઝરત ઈસા علیہ السلامને અલ્લાહ તઆલાએ આસ્માનો પર ઉઠાવી લીધા હતા. અલ્બત્ત ! તેમનો અક્ીદો છે કે ત્રણ દિવસ સૂળી પર રહ્યા બાદ ઝિંદા કરવામાં આવ્યા અને પછી આસ્માનોની તરફ ઉઠાવવામાં આવ્યા.

*(નઊઝુબિલ્લાહિ મિન માલિક)*

હઝરત ઈસા علیہ السلامને આસ્માનમાં નુઝૂલે ઈજલાલ ફર્માવ્યા (ઉઠાવી લેવામાં આવ્યા) પર ઈમાન રાખનારા માટે એ સ્વીકારવું જરાય મુશ્કેલ નથી કે જે ખુદાએ તેમને આસ્માન પર ઉઠાવ્યા છે તે જ ખુદા પોતાના હબીબે કરીમ ﷺને લામકાં પર પોતાના દીદારે પુર અન્વારથી માલામાલ કરે તો કઈ અશક્ય વાત છે ?!

ان اللّٰہ علیٰ کلِّ شیءٍ قدیرٌ ''બેશક ! અલ્લાહ તઆલા દરેક ચીજ પર ક્ાદિર છે.'' જોવામાં આવે તો વર્તમાન યુગની બોલીમાં કાયદેસરના પ્રથમ અવકાશ યાત્રી હઝરત ઈસા علیہ السلام ઠરે છે પણ સર્વ આસ્માનો, અર્શ તથા કુર્સી, મકાન તથા લમકાંને સર્વ પ્રથમ સર કરનાર સૈયદે આલમ જનાબ અહમદે મુજતબા, મુહમ્મદ મુસ્તફા ﷺ ઠરે છે. આપના જ ઈશારા પર સૂરજ પરત થયો, ચાંદના બે ટુકડા થયા. જાણો કે આપ કાઈનાતના મુસખ્ખરે આ'ઝમ (સૃષ્ટિને તાબે કરનાર) છે.

## નમાઝનો તોહફો લાવીને રબથી સંપર્ક સરળ કર્યો !

મેઅરાજમાં મુસ્તફા ﷺએ (નમાઝનો તોહફો મેળવીને) ખાલિક્ તથા મખ્લૂક્, આબિદ તથા મઅબૂદ, તાલિબ તથા મત્લૂબ, મુહિબ્બ તથા મહબૂબના સંપર્કને આસાન તથા સરળ બનાવવાનો માર્ગ સમારી આપ્યો.

*અબ તો ઝરૂરત હી નહીં તૂર પર જાએં હમ કલીમ*
*કરતે હૈં રોઝ ગુફતગૂ યારસે હમ નમાઝ મેં*

હદીષમાં છે :–

الصلوٰۃ معراج المومنین ''નમાઝમાં મારી આંખોની ઠંડક છે''માં આ તરફ નિર્દેશ છે.

## મેઅરાજ કરાવવાનો હેતું શું હતો ?

તે ઝાત જે માણસની સફેદ રગથી પણ અધિક નજીક છે તેણે પોતાના હબીબ ﷺને લામકાં પર મુલાકાતના માટે બોલાવવાની જરાય જરૂરત ન હતી. અલ્લાહ તઆલાનું પોતાના હબીબ ﷺને મક્કા મુકર્રમાથી બયતુલ મુક્દસ સુધી. પછી જમીનથી આસ્માન, અર્શ, કુર્સી, ક્ાબ ક્ૌસૈન અને સર્વ ઈમ્કાની હદોની સૈરથી મુશર્રફ ફર્માવવું કેવળ એટલા માટે હતું કે આપની કુદરત તથા મર્તબાઓના સિક્કા પોતાની સર્વ મખ્લૂક્ના દિલો પર બેસાડી દેવામાં આવે જેથી મહબૂબિયતે ઉઝમાને જોઈને મખ્લૂક્ આપની બરકતોવાળી ઝાતથી મહોબ્બત તથા ઉલ્ફત અને ઈતાઅત તથા ફર્માંબરદારી અપનાવે.

## બે મહત્વની રાતો અને મહત્વની હસ્તીઓ

તાજદારે કાઈનાતની હયાતે મુબારકામાં બે રાત ઘણુ જ મહત્વ ધરાવે છે. જેની ખ્યાતિ સર્વ ખુદાઈમાં છે. એક શબે મેઅરાજ અને બીજી હિજરતની રાત. આ બંનેવ રાતોમાં સફરના સાથી પણ એવા હતા જેમની ધૂમ પૂરી કાઈનાતમાં ગુંજી રહી છે. શબે મેઅરાજમાં જિબ્રઈલ علیہ السلام સફરના સાથી હતા, તો હિજરતની રાતે સૈયદના સિદીક્ે અકબર رضی اللہ عنہ સફરના સાથી બન્યા.

મેઅરાજના સાથી ફરિશ્તાઓના સરદાર બન્યા તો હિજરતના સાથી સહાબાના ઈમામ ઠર્યા. મેઅરાજના સાથીએ અમીનનો લક્બ પામ્યો તો હિજરતમાં સાથનો હક્ક અદા કરવા પર સદાક્તે કુબરા (સિદીકે અકબર)ના લક્બથી નવાઝવામાં આવ્યા. રફીકે મેઅરાજે (મેઅરાજના સાથી) સિદરતુલ મુન્તહા પર મઅઝેરત ચાહી કે :

اگر یک سر موئے برتر پرم۔فروغ تجلی بسوزد پرم

**અર્થાત** : "જિબ્રઈલ علیہ السلام સિદરતુલ મુન્તહા સુધી મેઅરાજમાં પહોંચ્યા બાદ હુઝૂર ﷺને કહી રહ્યા છે કે યા રસૂલલ્લાહ ! ﷺ જો હું એક વાળના બરાબર પણ આગળ વધું તો તજલ્લીઓની ગરમીના કારણે મારી પાંખો સળગી જાય."

પણ હિજરતની સફરના સાથી આજે પણ ગુંબદે ખિદરામાં સાહિબે મેઅરાજ ﷺની બાજુમાં આરામ કરે છે.

ایں سعادت بزور بازو نیست۔تا نہ بخشد خدائے بخشندہ

**અર્થાત** : "આ નેકબખ્તી પોતાની શક્તિના કારણે નથી મળી, જ્યાં સુધી ખુદા બખ્શનાર અતા ન કરે."

નબી કરીમ ﷺએ એલાને નબુવ્વત બાદ સતત બાર વરસો સુધી મક્કાના મુશ્રિકોના જુલ્મોનો અતિશય સબ્ર તથા અડગપણે સામનો કર્યો. જેમ જેમ આપની તબ્લીગનું વર્તુળ વિસ્તરતુ ગયું તેમ તેમ કાફિરોના જુલ્મોએ પણ વધારો કરી દીધો. ૧૭ રજબ નબવી સન ૧૨નો દિવસ આપના માટે અતિશય તકલીફ દાયક હતો. પોતાના કાશાનએ અકદસ (ઘરે) પણ ન જઈ શક્યા અને પોતાના કાકાની પુત્રી (પિત્રાણ બહેન) હઝરત ઉમ્મે હાનીને ત્યાં રાતે રોકાય ગયા જે બયતુલ્લાહ શરીફથી કેવળ બસો ડગલાં પર હતું. ત્યાંથી અલ્લાહ તઆલાએ આપને ઉચ્ચ મર્તબાઓ અને દીદારે પુર અન્વારથી નવાઝવા માટે પોતાના ખાસ કુર્બમાં બોલાવ્યા. પ્રથમ મસ્જિદે હરામ બયતુલ્લાહ શરીફથી મસ્જિદે અક્સા બયતુલ મુક્દસ સુધી રાતના અત્યંત થોડા હિસ્સામાં સૈર કરાવી. ત્યાં જાહેરી શરીર સાથે જાગૃતાવસ્થામાં સર્વ અંબિયા તથા મુરસલીન (નબીઓ તથા રસૂલો)ની ઈમામત કરાવી. પછી આસ્માનો તરફ પ્રમાણ કર્યું અને જન્નત, દોઝખ, અર્શ, કુર્સી, આસ્માન, લામકાં..... સારાંશ કે જ્યાં સુધી અલ્લાહે ચાહ્યું દરેક ચીજનો આપે દીદાર તથા નિરીક્ષણ કર્યું. પછી ખાસ કુર્બથી નવાઝયા, ઈનામો તથા કરામતો અતા કરી, પછી આપ પળવારમાં મક્કાની ભૂમી પર તશરીફ લઈ આવ્યા. જ્યારે સવારે આ અજીબ બનાવથી લોકોને માહિતગાર કર્યા તો સૌથી પ્રથમ હઝરત સિદીકે અકબર رضی اللہ عنہએ સમર્થન કર્યું પણ કાફિરોએ ઈન્કાર કર્યો. સમર્થન તથા ઈન્કારની જે લહેર તે વખતે ઉઠી હતી તે આજ સુધી સતત ચાલુ છે. નસીબદાર છે જેઓ સચ્ચાઈથી જોડાયેલા છે.

*(નુઝહતુલ મજાલિસ, ભાગ–૨)*

*નૂરિયોંકે ઈજતેમામેં જો મુકર્રિર નૂર કે*
*હો રહા થા મસ્જિદે અક્સામેં જલ્સા નૂર કા*
*મોજિઝોંકી થી શબે મેઅરાજ ઈક લંબી કતાર*
*મોજિઝે પર મોજિઝા થા જાના આના નૂરકા*

* * *


**નિકાહ રજીસ્ટર ૩ કોપીમાં**

અમારે ત્યાં સુંદર છપાઈ સફેદ પેપર પર ૩ કોપીમાં, ૧ રજીસ્ટરમાં ૫૦ નિકાહ નોંધાય તેવું રજીસ્ટર મળશે. કિંમત **રૂા. ૩૫૦/–** (ટપાલ ખર્ચ ૫૦/– રૂા.) પણ જેમને જોઈતુ હોય તેઓ કાઝી પોતાના કે સંસ્થાના લેટર પેડ પર લખાણ આપે કે અમને કે સંસ્થાને નિકાહ રજીસ્ટરની જરૂર છે. સાથે એડ્રેસ, ફોન નં. સંપૂર્ણ વિગત લખે તો જ રજીસ્ટર મોકલવામાં આવશે. સંપર્ક કરો : અંજુમને રઝાએ મુસ્તફા, મુા.પો. દયાદરા–૩૯૨૦૨૦ તા. જિ. ભરૂચ, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

## અમીરે સુન્ની દા'વતે ઈસ્લામીનો ભરૂચનો દૌરો

તા. ૧૬–૧–૨૦૨૧ શનિવારના રોજ હઝરત મૌલાના મુહમ્મદશાકિર નૂરી (અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી–મુંબઈ) શતાબ્દી એક્સપ્રેસમાં મુંબઈથી ભરૂચ ૧૦:૩૦ કલાકે તશરીફ લાવ્યા ત્યાંથી સીધા જંબુસર ખાતે **"મસ્જિદે આઈશા"** (મહેફૂઝ નગર, બાયપાસ રોડ) નવી બનેલી મસ્જિદની ઈફતેતાહ માટે પહોંચ્યા. જ્યાં મૌલાના ઝહીર મિસ્બાહી (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–જંબુસર) તેમજ અન્ય ઉલમા, સાદત, હુફફાઝ તથા હાજર શમ્એ રિસાલતના પરવાનાઓએ આપનું શાનદાર સ્વાગત કર્યું. હઝરતે ઈફતેતાહી બયાનમાં મસ્જિદની ફઝીલત, તેને આબાદ કરવાની ફઝીલતના વિષયે ઈમાન અફરોઝ બયાન કર્યું. તેમજ દુરૂદ શરીફની ખૂબ જ બરકતી કિતાબ **"દલાઈલુલ ખયરાત શરીફ"** (અરબી ગુજરાતી તર્જુમા સાથે)ની રસ્મે ઈજરા પણ ત્યાં હઝરતના હાથે કરવામાં આવી. આઈશા મસ્જિદના બાંધકામમાં ખાસ સહાય કરનાર જનાબ અખ્તરભાઈ બેંગ્લોરવાળા તેમજ સિદ્દીક઼ભાઈ બાબલા ઉપલેટાવાળા (મુંબઈ)એ પણ હાજરી આપી હતી. તેમનું પણ ફૂલહારથી સન્માન કરવામાં આવેલ.

ત્યારબાદ હઝરત અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ તશરીફ લાવ્યા હતા જ્યાં દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા તથા દારુલ ઉલૂમ ગુલશને અજમેર–ભરૂચના અસાતેઝાની ટીમને "મકતબ" માટે સ્ટાન્ડર્ડ કોર્સ બનાવવાની જિમ્મેદારી સોંપી હોય તેમની સાથે મીટિંગ કરીને યોગ્ય માર્ગદર્શન માટે ચર્ચા વિચારણા કરી હતી.

ઝહોર બાદ જનાબ **મુશ્તાકભાઈ મુન્શી વાગરાવાળા**ની દુખ્તરે નેક અખ્તર **ડો. સાઈસ્તાબાનુ**ના નિકાહમાં હાજરી આપવા સ્વાજી હોલ–સાંસરોદ (હાઈવે) તશરીફ લઈ ગયા. ત્યાં આપે જનાબ મુશ્તાક ભાઈની ફર્માઈશ પર *"હબીબે ખુદાકા નઝારા કરું મૈં....."* નઅતે પાક પઢી પછી દુલ્હાના નિકાહ પઢાવ્યા અને મુબારકબાદ પેશ કરી. સલાતો સલામ દુઆ બાદ હઝરત વિદાય લઈ મુંબઈ જવા પરત થયા. *(રજૂ : તંત્રી, બરકાતે ખ્વાજા માસિક)*

## ઝંઘારમાં અઝીમુશ્શાન સુન્ની ઈજતેમા

**ઝંઘાર** : મુકામે તા. ૩૧–૧–૨૦૨૧ રવિવારના રોજ સુન્ની દા'વતે ઈસ્લામીના શાનદાર ઈજતેમાનું આયોજન થયું જેમાં ખતીબે ઝીશાન મૌલાના અલ્તાફ મિસ્બાહી સાહબે **"શાને સિદ્દીક઼ે અકબર"** પર બયાન કર્યું હતું. ત્યારબાદ ઔલાદે ગૌષે આ'ઝમ, આલે રસૂલ **હઝરત મૌલાના સૈયદ અમીન અલી ક઼ાદરી** (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–માલેગાંવ)એ પણ હઝરત સિદ્દીક઼ે અકબર رضی اللہ عنہની શાનમાં ખૂબ જ ઈમાન અફરોઝ બયાન પોતાના આગવા અંદાઝમાં કરી મજમાને ફયઝયાબ કરી દીધો હતો અને **રાફઝી શીઆની બદઅક઼ીદગીની ભરપુર રદ કરી** હાજરજનોના ઈમાનમાં તાજગી ભરી દીધી હતી.

## દયાદરામાં જશ્ને સિદ્દીક઼ે અકબર رضی اللہ عنہ મનાવાયો

**દયાદરા** : ખાતે મુખ્તારુલ મસાજિદ ઉર્ફ નૂરાની મસ્જિદમાં રવિવાર તા. ૧૦–૨–૨૦૨૧ના રોજ ઈશાની નમાઝ બાદ સુન્ની દા'વતે ઈસ્લામીના સુન્ની ઈજતેમામાં "જશ્ને સિદ્દીક઼ે અકબર" મનાવાયો. જેમાં પ્રથમ ક઼ારી મકસૂદ કાવીવાળા (પેશ ઈમામ સાહબ)એ નઅત તથા મન્ક઼બતે સિદ્દીક઼ે અકબર رضی اللہ عنہ પેશ કરીને મજમાને ફયઝયાબ કર્યો હતો. છેવટે હઝરત મૌલાના ઝહીર મિસ્બાહી (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–જંબુસર)એ શાનદાર બયાન અફઝલિયતે સિદ્દીક઼ે અકબર رضی اللہ عنہના વિષયે કરીને હાજરજનોનાં ઈમાનમાં તાજગી પેદા કરી દીધી હતી.




**અંકલેશ્વર :** ખાતે જનાબ હાફિઝો કારી મૌલાના અસ્રારુલ અંબિયા મિસ્બાહી હાફિઝ દાઊદના નેક ફરઝંદના નિકાહ ૨૦ જમા. આખર, હિ.સ. ૧૪૪૨, તા. ૩–૨–૨૦૨૧ બુધવારે કાગદીવાડ હોલમાં ઉલમા, હુફ્ફાઝ, અઈમ્મા તથા અન્ય લોકોની મૌજૂદગીમાં સાદાઈથી શરીઅતના દાયરામાં રહીને કરવામાં આવ્યા. દુલ્હા–દુલ્હન તથા બંનેનાં ઘરવાળાઓને ખૂબ ખૂબ મુબારકબાદ !

**દીવ (યુ.ટી.)** : ખાતે જનાબ વોરા અબ્દુલ્લાહ જુસબની નેક દુખ્તર સુફીનાના નિકાહ વોરા હાજી મુહમ્મદઅનીસ–માંગરોલના નેક ફરઝંદ સિદ્દીક સાથે ૪ જમા. અવ્વલ, હિ. ૧૪૪૨, તા. ૨૦–૧૨–૨૦૨૦ રવિવારે રાખવામાં આવ્યા. દુલ્હા–દુલ્હન તથા બંનેનાં ઘરવાળાઓને ખૂબ ખૂબ મુબારકબાદ !

**કાવી** : (તા. જંબુસર) ખાતે નૂર મુહમ્મદ મુસ્તુફા ભગતની દુખ્તરે નેક અખ્તર ''પરવીન''ની શાદી તા. ૩૧–૧–૨૦૨૧, ૧૭ જમા. આખર હિ. ૧૪૪૨ રવિવારના રોજ સરનાર નિવાસી (હાલ : દયાદરા) હાફિઝ અબ્દુલ્લાહ અલી અકુના નેક ફરઝંદ અશરફ સાથે રાખવામાં આવી.

**પીપળીયા** : (તા. વાગરા જિ. ભરૂચ) ખાતે તા. ૮–૨–૨૦૨૧, ૨૫ જમા. આખર ૧૪૪૨, હાજી વલી ઈસ્હાક વલી બગસ (સરપંચ)ની નેક દુખ્તર સફકતબાનુના નિકાહ કલમ નિવાસી યાકૂબ ઈબ્રાહીમ ઝંઘારીયાના નેક ફરઝંદ ફિરાસ સાથે ઝહોર બાદ રાખવામાં આવ્યા. અને તેમના જ નેક ફરઝંદ સફવાન હુસૈનના નિકાહ તા. ૯–૨–૨૦૨૧ મંગળવારે રોઝા ટંકારીઆ મુકામે મર્હૂમ અબ્દુલ્લાહ ઈબ્રાહીમ પટેલની નેક દુખ્તર ફરહાના સાથે રાખવામાં આવ્યા.

**પાલેજ** : મુકામે ૧૭ જમા. આખર હિ.સ. ૧૪૪૨, તા. ૩૧–૧–૨૦૨૧ રવિવારે ઝોહર બાદ મૌલાના અન્વર અલી કાદરીના નેક ફરઝંદ મૌલાના ફાતેહુલ કાદરીના નિકાહ પાલેજ નિવાસી જીલાની શેખની નેક દુખ્તર હાફિઝા રશીદાબાનુ સાથે રાખવામાં આવ્યા. *(તંત્રી : બરકાતે ખ્વાજા માસિક દયાદરા)*

ઉપરોક્ત સર્વ દુલ્હા–દુલ્હનો, કુટુંબીજનો સૌને ખૂબ ખૂબ મુબારકબાદ ! અલ્લાહ તઆલા તેના પ્યારા હબીબ ﷺના સદકામાં તેમની જિંદગીઓને ખુશીઓથી ભરપૂર રાખે. (આમીન) *–તંત્રી*

## મઝહબી તા'લીમ તેમજ મોડર્ન એજ્યુકેશનમાં તા'લીમ લેતા વિદ્યાર્થીઓને દાખલ કરવા બાબત

**દારુલ ઉલૂમ આ'લા હઝરત બાવામાનપુરા, વડોદરા**ની સંસ્થામાં ચાલતા મઝહબી તા'લીમ તેમજ શૈક્ષણિક તા'લીમ મેળવવા ઈચ્છતા તુલ્બાઓને દાખલ કરવાની પ્રક્રિયા ચાલુ છે. સંબંધ કરતા કોર્ષમાં તુલ્બાઓને રહેવા, ખાવા–પીવા અને દવાની વ્યવસ્થા છે. મઝહબી તા'લીમ જેવી કે (૧) આલિમ કલાસ (૨) હિફ્ઝ કલાસ (૩) કારી કલાસ (૪) નાજરા કલાસ અને શૈક્ષણિક વર્ગો જેવા કે ધો. ૪ થી ૧૦ સુધીના વિદ્યાર્થીઓને સરકારી ધારા ધોરણ પ્રમાણે એડમિશન આપવામાં આવશે. (ધો. ૪ થી ધો ૯ ઓનલાઈન કોર્ષ ચાલુ છે.)

આ સંબંધમાં જલ્દીથી વિના વિલંબે જે કોર્ષમાં રસ હોય તેમાં નિયત ફોર્મ ભરી દાખલ કરવામાં આવશે. આના અનુસંધાનમાં નીચેના નંબરે સંપર્ક કરવા વિનંતિ છે અથવા રૂબરૂ મળી સંપૂર્ણ માહિતિ મેળવવા વિનંતિ.

**મૌલાના અલ્તાફ હુસૈન રહેમાની (મો. ૯૭૨૩૫૧૧૧૪૨)**

## :: ઈન્તેક઼ાલ પુરમલાલ ::

- **જંબુસર :** ખાતે દારુલ ઉલૂમ ફયઝાને અવલિયાના કર્તાહર્તા જનાબ મૌલાના અખ્તર સાહબના વાલિદ સાહબ જનાબ ગુલામહુસૈન ઘાંચી તા. ૦૫–૦૧૨–૨૦૨૦ શનિવારના રોજ ઈન્તેક઼ાલ થયો છે.
- **દયાદરા :** (તા.જિ. ભરૂચ) ખાતે હાજી દાઊદ મૂસા બાજીભાઈ, મુ ચાંદ ૧ જમાદિયુલ આખર હિ.સ. ૧૪૪૨, તા. ૧૪–૦૧–૨૦૨૧ જુમેરાત રોજ મગરિબ બાદ લગભગ ૯૦ વરસની વયે અલ્લાહની રહ઼મતમાં પહોંચી ગયા છે. તેમની દફનવિધિ તા. ૧૫–૦૧–૨૦૨૧ જુમ્આના રોજ ૧૦.૦૦ કલાકે રાખવામાં આવી. મર્હૂમ વરસો સુધી "મદ્રસા મઝાહેરુલ ઉલૂમ–દયાદરા"ના ટ્રસ્ટી તરીકે રહીને દીની સેવાઓ બજાવી તેમજ "ધી દયાદરા હાઈસ્કૂલ–દયાદરા"ની સ્થાપ્ના કરી લગભગ ૪૦ વરસો તેના પ્રમુખ તરીકે સેવા બજાવી. બાજમાઅત નમાઝની સદા પાબંદી કમજોરી આવતા સુધી કરતા રહ્યા. તેમજ ડૉ. ઈસ્માઈલ અહમદ (કંપાઉન્ડર) તા. ૧૬–૦૧–૨૦૨૧, ૨–જમા. આખર હિ.સ. ૧૪૪૨, મંગળવારના રોજ અલ્લાહની રહ઼મતમાં પહોંચી ગયા છે. તથા નૂરમુહમ્મદ ઈબ્રાહીમ ગટાની એહલિયા અઝીઝાબહેન નૂરમુહમ્મદ ગટા ૨૦ જમાદિયુલ આખર હિ.સ. ૧૪૪૨, તા. ૩–૨–૨૦૨૧ બુધવારના રોજ અલ્લાહની રહ઼મતમાં પહોંચી ગયા છે. તેમજ તા. ૦૬–૦૨–૨૦૨૧, મુ.તા. ૨૩ જમા. આખર, હિ.સ. ૧૪૪૨, શનિવારના રોજ અબ્દુલ અહમદ કીડીવાલા (ચિશ્તિયા નગર)નો ઈન્તેક઼ાલ થઈ ગયો છે. તેમજ અલી ઈબ્રાહીમ ભા ભા તા. ૦૯–૦૨–૨૦૨૧, મંગળવાર, ૨૬ જમાદિયુલ આખર હિ.સ. ૧૪૪૨, મંગળવારના રોજ અલ્લાહની રહ઼મતમાં પહોંચી ગયા છે.
- **હાડગુડ :** (જિ. આણંદ) ખાતે જનાબ સૈયદ હિદાયતભાઈના દાદા હાજી સૈયદ અહમદ અલી તા. ૨૯–૦૧–૨૦૨૧, મુા. ચાંદ ૧૬ જમાદિઉલ આખર, હિ.સ. ૧૪૪૨ જુમ્આના રોજ અલ્લાહની રહ઼મતમાં પહોંચી ગયા છે.
- **દાહોદ :** ખાતે જનાબ અફરોઝભાઈ એન્જિનિયરના વાલિદ સાહબ હાજી અબ્દુલકદીર જાફરખાન તા. ૨૭–૧–૨૦૨૧, ઈસ્લામી ચાંદ ૧૩ જમાદિયુલ આખર, હિ.સ. ૧૪૪૨, બુધવારના રોજ ૭૦ વર્ષની વયે અલ્લાહની રહ઼મતમાં પહોંચી ગયા છે.
- **નબીપુર :** ખાતે તા. ૨૨–૦૧–૨૦૨૧, ૮ જમા. આખર હિ.સ. ૧૪૪૨ જુમ્આના રોજ ઝરીના મકબુલ કડુજી (તંત્રી બરકાતે ખ્વાજા–માસિકના મામી)નો દુઃખદ ઈન્તેક઼ાલ થયો છે.
- **પ્રેસ્ટન (યુ.કે.) :** તા. ૧૯–૧–૨૦૨૧, ૫ જમા. આખર હિ.સ. ૧૪૪૨ મંગળવારે હાજી ઈસ્માઈલ મુહમ્મદ હાફિઝ (મીની હાફેજી) ટંકારીયાવાળાનો ઈન્તેક઼ાલ થયો છે. મર્હૂમ હાફિઝ સાહબે ૪૦ વરસ સુધી દીનો સુન્નિયતની ખિદમત કરી. મસ્જિદે નૂર–પ્રેસ્ટન સાથે તથા સુન્ની દા'વતે ઈસ્લામીના ખાસ સપોર્ટર હતા. રબ્બે કરીમ મર્હૂમની કરવટ કરવટ મગફેરત ફર્માવે. (આમીન)
- **સલાદરા :** જનાબ હાજી આદમ ઈસ્માઈલ જમાદાર (હાલ મનુબર) તા. ૦૧–૦૨–૨૦૨૧, સોમવારના રોજ ઈન્તેક઼ાલ કરી ગયા જેમની જનાઝાની નમાઝ હાફેઝ ફારૂક સલાદરાવાળાએ પઢાવી હતી.

*રબ્બે કરીમ તેના પ્યારા મહબૂબ ﷺના સદક઼ામાં મર્હૂમોની કરવટ કરવટ મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મક઼ામ અતા કરે, કુટુંબીજનોને, સ્નહીઓને, ચાહકોને સબ્રે જમીલ અતા કરે. (આમીન) સર્વ મર્હૂમોના માટે **દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ** તથા **દારુલ ઉલૂમ ગુલશને અજમેર–ભરૂચ** ખાતે યાસીન શરીફનો ખત્મ કરાવીને ઈસાલે સવાબ કરી મગફેરતની દુઆ કરવામાં આવી હતી. –તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*